જીવન સાફલ્ય

: લેખક :

શતાવધાની પૂ૦ આચાર્ય શ્રી

વિજયકીર્તિચંદ્રસૂરિજી મહારાજ

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી આત્મ-કમલ-લબ્ધિ-લક્ષ્મણસૂરિ ગુરુભ્યો નમઃ

સ્વ. પૂ૦ ગુરુદેવ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી સ્મારક ગ્રન્થમાળા

પુષ્પ નં. ૧

જીવન સાફલ્ય

—:: લેખક ::—

સ્વ. પૂ૦ પાદ દક્ષિણ દેશોદ્ધારક જૈનાચાર્ય શ્રીમદ્
વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના
પટ્ટપ્રભાવક શતાવધાની પૂ૦ આચાર્ય શ્રીમદ્ વિજય
કીર્તિચંદ્રસૂરિજી મહારાજ

:: સંપાદક ::

પ્રસિદ્ધ ચિંતક અને લેખક
શ્રી ચિરણભાઈ

: પ્રકાશક :

શ્રી આત્મકમલ લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાન મંદિર

દાદર

પ્રાપ્તિસ્થાન :

શ્રી આત્મકમલ લબ્ધિસૂરીશ્વરજી
જૈન જ્ઞાન મંદિર
૬, જ્ઞાન મંદિર રોડ,
દાદર B. B. મુંબઈ-૨૮

- પ્રથમ આવૃત્તિ
- નકલ ૨૦૦૦
- વિ. સં. ૨૦૨૯
- વીર સં. ૨૪૯૯
- ઇ. સ. ૧૯૭૨

કિંમત
૧-૫૦

મુદ્રક :

ભાનુચંદ નાનચંદ મહેતા
શ્રી બહાદુરસિંહજી પ્રિન્ટીંગ પ્રેસ,
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

+ લોકપ્રિય કૃતિઓ +

- સંસ્કાર સીડી આ. ૮
- અંતરના અંજવાળા આ. ૧૦
- આત્મતત્વ વિચાર આ. ૪
  ભા. ૧-૨
- નમસ્કાર મહિમા આ. ૨
- ફીલોસોફી ઓફ સોલ
- કથા પરિમલ આ. ૩
- પ્રસંગ પરિમલ આ. ૪
- અણમોલ રત્નો
- તેજસ્વી રત્નો આ. ૩
- નૂતન ગહુંલી સંગ્રહ
- નૂતન સ્તવનાવલી આ. ૨૩
- ભગવાન મહાવીર
- Lord Mahavira
- અહિંસા-પાંચ ભાષામાં
- આર્હત ધર્મ પ્રકાશ-
  સાત ભાષામાં
- નરકનું પ્રથમ દ્વાર આ. ૫
- મંત્રીશ્વર વિમળશાહ
- જીવન ઘડતર
- ધર્મ કયાએ હિન્દી
- ધર્મતત્વ પ્રકાશ
- જીવન સૌરભ



સ્વ. પૂ૦ પા૦ દક્ષિણદેશોદ્ધારક

પરમ પ્રભાવક આચાર્ય દેવ

શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ

* સમર્પણ *

પૂજ્યપાદ પરમોપકારી

પ્રાતઃસ્મરણીય પરમપ્રભાવક

ગુરુદેવ–આચાર્યદેવ

શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના

— કરકમળમાં —

અનંત ઉપકારની

* સ્મૃતિમાં *

સેવક,

કીર્તિચંદ્રસૂરિની

કોટીશઃ વન્દના

❁ આપની શુભેચ્છા ❁

નવી પ્રજામાં જિજ્ઞાસા છે, સદ્‌ભાવ છે, જાણવાની આતુરતા છે. આજના યુવાન વર્ગને ધર્મ સંબંધી સમજવાનો ભાવ જાગ્યો છે.

ધર્મ એ જીવન ઘડતરની કલા છે. જીવન સૌરભ પ્રગટાવનારી પ્રક્રિયા છે. જીવન સાફલ્યની પ્રતિતી છે. એટલું સમજાય અને નવી પ્રજાને હિતકારી થઇ શકે એ હેતુથી નીચેના ચાર પુસ્તકો પ્રસિદ્ધ કરી રહ્યા છીએ.

- જીવન ઘડતર
- જીવન સૌરભ
- જીવન સાફલ્ય
- જીવન ઓજસ્

આ પુસ્તકોમાં શતાવધાની પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયકીર્તિચંદ્રસૂરિજી મહારાજશ્રીના લેખો અંને વ્યાખ્યાનો છે.

આ લેખોનું સંપાદન શ્રી કિરણભાઇએ કર્યું છે.

પૂ૦ આચાર્ય શ્રીમદ્ વિજયકીર્તિચંદ્રસૂરિજી મહારાજના પ્રેરણાત્મક લેખો સાથે સંપાદકની નોંધોનો 'સોના સાથે સુગંધ' જેવો સુમેળ થયો છે.

આ પ્રકાશનોનો અમારો પ્રયાસ સૌ કોઈ ધર્મપ્રેમીને અનુમોદનીય બનશે.

'જીવન સાફલ્ય' માટે આપનો અભિપ્રાય લખી મોકલશો તો અમે અત્યંત આભારી થઇશું."

+ સંપાદકની નોંધ +

'જીવન ઘડતર' તથા 'જીવન સૌરભ' બંને પુસ્તકોને સારો આવકાર મળ્યો છે. જીવન સાફલ્યનું આ પુસ્તક વાંચનારને હિતકારી થાય એવી પ્રાર્થના છે.

હું સંપાદક હોઈ, કદાચ કોઈ વાંચકને આ પ્રકાશનોમાં મારી ભાષા જણાય તો એ સ્વાભાવિક છે, કારણ કે મારૂં કામ સંપાદનનું છે. પણ મૂળ લેખક પૂજ્ય આચાર્યશ્રી વિજયકીર્તિચંદ્રસૂરિજી મહારાજ છે. એ વાત રખે કોઈ ભૂલે! તેઓશ્રીનો અભ્યાસ, શાસ્ત્રજ્ઞાન, વક્તૃત્વ કલા સુપ્રસિદ્ધ છે. તેઓશ્રી ખ્યાતનામ લેખક છે અને તેમના પુસ્તકોની આઠ આઠ–દશ–દશ આવૃત્તિઓ બહાર પડી છે. આઠ કે દશ પુસ્તકો તેમને લખ્યા છે અને એ બધા લોકપ્રિય બન્યા છે.

સંપાદનમાં ક્યાંય કંઈ સ્ખલના થઈ હોય તો આપ ઉદાર-ચિત્તે ક્ષમા આપશો.

આ સંપાદન એકાદ સુયોગ્ય પાત્રના જીવનને જો સફળ બનાવશે તો સંપાદકનો પ્રયત્ન સાર્થક થશે.

શ્રી સંવત્સરી મહાપર્વ
સંવત ૨૦૨૮
અલકબાગ કોર્ટ
૭૩, મરીન ડ્રાઈવ,
મુંબઈ-૨૦

કિરણભાઈ

* બે બોલ *

'જીવન ઘડતર અને જીવન સૌરભ' આ બન્ને પુસ્તકોને વાંચકોએ હૃદયથી આવકારી અને મને અતિ પ્રોત્સાહન આપ્યું છે. વાંચકોના કરકમળમાં આ ત્રીજું "જીવન સાફલ્ય" નામનું પુસ્તક મૂકતાં મને અત્યંત આનંદ થાય છે. મને આશા છે કે–આ ત્રીજા પુસ્તકને પણ વાંચકો એ જ રીતે આવકારશે અને પ્રચારશે.

શ્રી કિરણભાઈએ મારા લખેલા લેખોને પોતાની ભાષામાં ઠઠારી મઠારીને મૂકયા છે. જેથી લેખક અને સંપાદકનો સોનામાં સુગંધ જેવો વિરલ યોગ પ્રાપ્ત થતાં આ પુસ્તકો લોકપ્રિય બને છે અને બનશે એ હકીકત છે.

આવા પુસ્તકોની આજે અત્યંત અગત્ય છે. સૌ કોઈ વાંચે, વિચારે અને પ્રચારે તો મારો આ પ્રયત્ન અવશ્ય સફળ નીવડશે અને જિજ્ઞાસુઓને ઘણું ઘણું જાણવાનું મળશે.

આજે છાશવારે ને છાશવારે સંસ્કૃતિ ઘાતક–વિકાર પોષક–વિકૃત સાહિત્ય પ્રગટ થાય છે અને બાળમાનસ ઉપર ખરાબ અને ઘેરી માઠી અસર કરે છે. એવા સમયે મારો આ પ્રયત્ન જરૂર સફળ થશે એ નિઃસંદેહ છે.

જૈન જ્ઞાન મંદિર, ગુરુ ચરણરેણુ,
ડાહેર B. B. કીર્તિચંદ્રસૂરિ

જીવન-સાફલ્ય

: લેખક :

શતાવધાની પૂ૦ આચાર્ય શ્રી

વિજય કીર્તિચંદ્રસૂરિજી મહારાજ

અ....નુ....ક્ર....મ....ણિ....કા

૧	નિર્ભયતાનો રાજમાર્ગ	૧
૨	અહિંસાની સાધના	૧૭
૩	સંસ્કારનું સિંચન....	૩૬
૪	સમતોલવૃત્તિનો સદ્‌ગુણ	૫૪
૫	સ્યાદ્‌વાદની સમજણ	૬૭
૬	આત્મગ્લાનિનું વિષ વર્તૂલ	૮૨
૭	ધર્મનો મર્મ	૯૫
૮	સદાચારની સુગંધ	૧૦૮
૯	અક્ષરનો મહિમા....	૧૨૧
૧૦	તપની મહત્તા	૧૩૬
૧૧	આરાધનાનું મહત્વ	૧૫૦
૧૨	જીવન સાફલ્ય	૧૬૧

१

✻ નિર્ભયતાનો રાજમાર્ગ ✻

ઇજિપ્તની ચડાઇ વખતે નેપોલિયનના સરદારોએ તેને મારી નાખવાની ધમકી આપી. બધા સરદારોની વચ્ચે જઇને નેપોલિયને કહ્યું: 'સરદારો, તમે ફ્રેંચમેન છો. મારો વધ કરવા માટે તમે જોઇએ તે કરતાં ઘણા વધારે છો, પણ મને ભય પમાડવા માટે હજુ ઘણા થોડા છો.'

તેના શબ્દ માત્રથી સરદારો દબાઈ ગયા.

જીવનની સફળતા માટે નિર્ભયતા ઘણો અગત્યનો ગુણ છે.

પૂ૦ આનંદઘનજી મહારાજે પોતાના સ્તવનમાં કહ્યું છે કે,

'સેવન કારણ પહેલી ભૂમિકા,
અભય અદ્વેષ અખેદ;
સંભવદેવ તે ધૂર સેવો સવે.'

પરમાત્માની સેવા કરવાનું પહેલું પગથિયું નિર્ભયતા, પ્રેમ અને પ્રસન્નતા છે.

× ભયથી મુક્તિ ×

જ્યારે તે ત્રેવીસની ઉંમરનો હતો ત્યારે જહોન ડી. રોકફેલરે ૧૦ લાખ ડોલર કમાઇ લીધા હતા.

જયારે તે તેતાલીસની ઉંમરનો હતો ત્યારે રોકફેલર દુનિયાની સૌથી પ્રસિદ્ધ સ્ટેન્ડર્ડ વેકયુમ ઓઇલ કું. નો માલિક હતો.

જયારે તે ત્રેપન વરસનો હતો ત્યારે રોકફેલર પાસે અબજો રૂપીઆ હતા, પરંતુ તેનું સ્વાસ્થ્ય સર્વથા નાશ પામ્યું હતું. તેનું શરીર હાડકાના માળા જેવું હતું.

રોકફેલરે કહ્યું છે કે, 'એવી કોઇ રાત ગઇ નહિ હોય જયારે ઉંઘ આવતા પહેલાં મને એ વાતનો ભય ન થયો હોય કે, મારૂં સર્વસ્વ કદાચ ચાલ્યું જાય તો ?'

તેના ડોકટરોએ તેને સખ્ત ચેતવણી આપી કે જો તે ભય, લોભ અને ચિંતાથી મુક્ત નહિ થાય તો અકાલે મૃત્યુ પામશે.

અને આ ચેતવણી આજે પણ કેટલાયને લાગુ પડતી હશે.

ભય, લોભ અને ચિંતાથી મુક્ત થવાનો રોકફેલરે દૃઢ સંકલ્પ કર્યો અને જીવનનો ક્રમ બદલી નાખ્યો.

'હું વધુ ધનવાન કઇ રીતે બનું ?' એ લોભ છોડ્યો એટલે ચિંતા ગઇ અને 'મારા ધન વડે લોકોનું હિત હું કેટલું કરી શકું ?' આ વિચારણા શરૂ કરી રોકફેલરે પોતાની બંધ મુઠ્ઠી ઉઘાડી નાખી. પરોપકાર માટે લાખો અને કરોડોનું ધન વાપરવા માંડયું. તેને ઉદાર હૃદયે લાખો કરોડોનું દાન કરવા માંડયું અને તેનો ભય ગયો. 'રોકફેલર ફાઉન્ડેશન'નું નિર્માણ કર્યું.

અનેક દીનદુઃખીને ચિંતા તથા ભયથી મુક્ત કર્યા તેથી

પોતે ભયથી મુક્ત થયો. તેનું સ્વાસ્થ્ય સુધર્યું, મન પ્રસન્ન રહેવા લાગ્યું. ૯૮ વર્ષની ઉંમર સુધી તેને પરોપકારમાં અબજો રૂપીઆનું દાન આપ્યું.

તમે તમારા સ્વાર્થમાં રચ્યા–પચ્યા રહો છો તો ભય ઉત્પન્ન થાય છે. જો ભયથી મુક્ત થવું હોય તો બીજાના હિતનો વિચાર કરો. જો નિર્ભય બનવું હોય તો જગતના જીવમાત્રના કલ્યાણની ભાવના કરો.

જોન ડી. રોકફેલરમાં લોભ જ્યાં સુધી હતો, પરિગ્રહ-વૃત્તિ એટલે માત્ર પોતાના સ્વાર્થ માટે સંગ્રહ કરવાની લાલસા હતી ત્યાં સુધી ભય અને ચિંતા હતા. જ્યારે તેને બીજાના દુઃખનો વિચાર કરવા માંડ્યો, અન્ય જીવોનું હિત કરવામાં પોતે કઇ રીતે ઉપયોગી થઇ શકે, પોતાનું ધન કઇ રીતે કામ આવી શકે–આ વિચાર કરવા માંડ્યો, દાન આપવા માંડયું એટલે ભય દૂર થયો.

પોતાની ફરજ સમજી, પોતાની સ્થિતિ અનુસાર જે કોઇ વ્યક્તિ દાન આપે છે તે ભયથી મુક્ત થાય છે.

* ભયના આંદોલનો *

કેલિફોર્નીયા વિશ્વ વિદ્યાલયમાં એક પ્રયોગ કરવામાં આવ્યો, પોતાની બિમારીની ચિંતાથી ભયભીત થયેલા દર્દીઓની વાતચિતની રેકર્ડ ઉતારવામાં આવી અને જયાં જયાં તે વગાડવામાં આવી ત્યાં ત્યાં તે સાંભળનારા વ્યગ્ર, અશાંત અને ભયભીત બન્યા.

જો નિષ્કારણ તમે ભયનો અનુભવ કરો તો નક્કી માનજો કે તમને ભયનો ચેપ ક્યાંકથી લાગ્યો છે. જેમ ટેલીપથી એટલે વિચાર વિનિમયમાં દૂર રહેલી કોઈ વ્યક્તિના વિચારો આપણે ઝીલી શકીએ છીએ. તેવી જ રીતે સેંકડો માઈલ દૂર રહેલી કોઈ વ્યક્તિ જો તમે તેની પ્રત્યે Receptive ગ્રહણશીલ હો તો તેના ભયનો ચેપ તમને લગાડી શકે છે.

આજની દુનિયાની ભયજનક સ્થિતિનું કારણ ચારે બાજુ તીવ્રપણે વ્યાપી રહેલા ભયના આંદોલનો છે.

ભયથી શરીર અસ્વસ્થ બને છે, બિમારી આવે છે, ક્યારેક મૃત્યુ થાય છે.

સામાન્ય ચિંતા મગજની વિચાર કરવાની શક્તિમાં વિઘ્ન લાવે છે. પરંતુ ભય તો મગજને સંકોચી દે છે. તેની કાર્ય-શક્તિ અટકી પડે છે, ક્યારેક મનુષ્યની સ્મરણશક્તિ પણ મંદ પડી જાય છે.

તમને આશ્ચર્ય લાગશે પણ ક્યારેક મનુષ્ય પોતાનું નામ અને ઘરનું ઠેકાણું પણ ભયના દબાણમાં ભૂલી જાય છે.

બીજા વિશ્વયુદ્ધમાં બ્રિટનના પ્રધાનમંત્રી શ્રી વિન્સ્ટન ચર્ચિલ એકવાર એટલા બધા અસ્વસ્થ થઈ ગયા હતા કે તેમના નિવાસસ્થાનનું ઠેકાણું તેમને વિસ્મૃત થઈ ગયું.

૦ શિર દિયા પર શિખ ના દિયા ૦

બાદશાહ ઔરંગઝેબના સમયમાં ધર્માંધતાને લીધે

લોકોને મુસલમાન ધર્મમાં વટલાવવામાં આવતા. અસંખ્ય હિંદુઓએ જીવ બચાવવા મુસલમાન ધર્મ સ્વીકાર્યો.

પંજાબમાં જુલમ વધવા લાગ્યો, ત્યારે બ્રાહ્મણો શીખ ગુરુ તેગબહાદુરના શરણે ગયા અને વિનતિ કરી કે 'અમારા ધર્મનું રક્ષણ કરો.' ગુરુએ કહ્યું: 'તમે ઔરંગઝેબ પાસે જાઓ અને કહો કે અમારા યજમાનો મુસલમાન ન થાય ત્યાં સુધી અમે મુસલમાન થઈને શું ખાઈશું?' માટે ક્ષત્રિયોને પહેલાં મુસલમાન કરો અને બધા ક્ષત્રિયોમાં સૌથી પહેલું મારું નામ દઈને કહેજો કે 'તેગબહાદુર મુસલમાન થશે તો એના દેખાદેખી બીજા અનેક હિંદુઓ મુસલમાન ધર્મ અંગીકાર કરશે.'

ગુરુની સૂચના અનુસાર બ્રાહ્મણોએ દિલ્હી જઈ ઔરંગઝેબને વિનતિ કરી. બાદશાહે ગુરુ તેગબહાદુરને દિલ્હીમાં આવવાનું આમંત્રણ મોકલ્યું. ગુરુ દિલ્હી જવા નીકળ્યા ત્યારે શિષ્યોએ કહ્યું: 'ત્યાં ગયા પછી તમારી હત્યા કરશે, માટે આપ ન જાઓ.' ગુરુ બોલ્યા: 'હું એ જાણીને જ જઉં છું'. સાધુને મૃત્યુનો ભય કેવો! ગુરુનાનક સાહેબના વચનનું સ્મરણ કરો. તેમને એવું ભવિષ્ય ભાખેલું કે સાત સાધુઓની હત્યા નહિ થાય ત્યાં સુધી આ દેશના ઉદ્ધારનો કોઈ ઉપાય નથી.' તમે લોકો મને સાધુ ગણો છો, એટલા માટે હું જ સૌથી પ્રથમ મારું બલિદાન આપવા જાઉં છું. એમ આરંભ કર્યાથી જ એકે એકે સાત બલિદાનો પૂરા થશે અને દેશનો ઉદ્ધાર થશે. 'સત્ય શ્રી અકાલકી જય!'

શિષ્યોએ ‘વાહ ગુરુ કી ફતેહ’ એ શબ્દોથી ગુરુ તેગબહાદુરનો જય જયકાર બોલાવ્યો.

ઔરંગઝેબે ગુરુને મુસલમાન થવા માટે ઘણી લાલચો બતાવી અને છેલ્લે કંઈ ચમત્કાર બતાવવા કહ્યું.

ગુરુએ પ્રત્યુત્તર વાળ્યો: “ચમત્કાર બતાવવા એ જાદુગરનું કામ છે, પરમાત્માના ભક્તનું કામ નથી. જુઓ આ આત્મા પોતે જ કેટલો અલૌકિક ચમત્કારી છે!”

દિલ્હીના મોટા ચોકમાં તલવારના એક જ ઝટકાથી ગુરુનું મસ્તક કાપી નાંખવામાં આવ્યું. તે સમયે ગુરુ તેગબહાદુરના ગળામાં એક કાગળનો ટુકડો બાંધ્યો હતો. તેમાં લખ્યું હતું કે, ‘શિર દિયા પર શિષ ના દિયા.’ એટલે માથુ આપ્યું પણ ગુરુએ શિષ–ધર્મ ન આપ્યો.

શીખગુરુ તેગબહાદુર જેવા જે આત્માના અલૌકિક ચમત્કારને જાણે છે તેને મૃત્યુનો ભય નથી. પોતાના ધર્મ માટે, પોતાની ફરજ માટે મૃત્યુ તેવાઓને મહોત્સવ તુલ્ય છે.

* બંબવર્ષાની કસોટી *

બીજા વિશ્વયુદ્ધમાં લંડન ઉપર દિવસો સુધી સતત બોમ્બવર્ષા થઇ. વિન્સ્ટન ચર્ચિલ ત્યારે ત્યાંના વડાપ્રધાન હતા. આ દુર્દિનોનું વર્ણન પોતાના સુપ્રસિદ્ધ પુસ્તક “યુદ્ધના સંસ્મરણો” (War Memoirs) માં તેમને કર્યું છે.

“બોમ્બ હલ્લાથી લંડનના અનેકાનેક મકાનો સળગી

ગયાં હતાં. શહેરનું પ્રત્યેક કુટુંબ મુઠ્ઠીમાં જીવ લઈને અગ-વડોનો ધૈર્યપૂર્વક સામનો કરતું હતું. જર્મનીનો ઉદ્દેશ લંડન-વાસીઓની ધીરજના ભૂક્કા બોલાવવાનો હતો. જો કે એનો એ ઉદ્દેશ સફળ ન થયો.

આ વખતે લંડનવાસીઓનીઉત્કટ મનોવૃત્તિ તથા ઉદાત્ત સ્વભાવનાં દર્શન થયા. એક વાત નક્કી કે લોકોમાં અદમ્ય આત્મવિશ્વાસ હતો. સતત ધાસ્તીભર્યાં આ વિચિત્ર જીવનનો લોકોએ સ્વીકાર કર્યો હતો. લોકોની સહનશીલતાની આ ભારે કસોટી હતી.

એકવાર એક જ હુમલા દરમ્યાન લંડન શહેરમાં લગ-ભગ ૧૫૦૦ સ્થળે આગ લાગી હતી.

લંડન પરની આ બોમ્બવર્ષા દરમ્યાન આ મહાનગરી કોઈ પુરાતન પ્રાણી જેવી–ભયંકર જખમોથી લોહીલુહાણ થયું હોય અને છતાં માત્ર જિજીવિષા Will to live ના જોરે હરતું ફરતું હોય તેવી–લાગતી હતી. અનેક લોકોને આ વિધ્વંસ જોવો પડ્યો, સહેવો પડ્યો. તેમણે તે સહન કર્યું એટલું જ નહિ વધુ આવી પડત તો ય તેમણે તે ધૈર્યપૂર્વક સહન કર્યું હોત. એ વખતે લંડનવાસી હોવા બદલ કોઈને ય ગૌરવ ઉપજે એવું હતું.”

દેશની રક્ષા માટે કે પોતાની સ્વતંત્રતા માટે કયારેક લોકોનો આખો સમૂહ ભયનો સામનો આસાનીથી કરે છે. બીજાને નિર્ભય દેખી ભયભીત વ્યક્તિમાં પણ ભયનો પ્રતિ-કાર કરવાની તાકાત આવે છે.

જેમ ભય ચેપી છે, તેમ અભય પણ ચેપી છે.

× ધર્મથી નિર્ભયતા ×

પરમ ઉપકારી ભગવાન મહાવીરસ્વામીએ ફરમાવ્યું છે કે, જે મનુષ્ય પાપપથ પર ચાલે છે તે સદાય ભયભીત રહે છે. આ ભય તેના પાપમય જીવન અને અજ્ઞાનના કારણે છે. તેથી પાપમાં, અજ્ઞાનમાં, વિકારોમાં ભય છે. જે મનુષ્ય પાપપથ પર ચાલતો નથી, વિકારોના પ્રવાહોમાં વહેતો નથી અને અજ્ઞાનના અંધકારથી મુક્ત થયો છે તે સદાય નિર્ભય છે.

એક રાજાએ એકવાર બુદ્ધને કહ્યું: 'દુશ્મન રાજાઓનો સામનો કરી શકું તે માટે હું લશ્કર તૈયાર કરી રહ્યો છું.

બુદ્ધે પૂછ્યું: 'હે રાજા! ધાર કે ચારે બાજુ રહેલાં આ પર્વતો તારા રાજ્ય પર ચઢી આવે તો તું શું કરે? અને પર્વતોથી ય દુર્જય એવા જરા, મૃત્યુ જો ધસી આવે તો તું શું કરે?'

રાજા કંઇ જવાબ આપી શકયો નહિ.

બુદ્ધ બોલ્યા: 'હે રાજા! જરા એટલે વૃદ્ધાવસ્થા અને મૃત્યુનો પરાજય તારા સર્વ સૈન્યથી પણ ન થઈ શકે. ઘડપણ અને મૃત્યુ બ્રાહ્મણ કે ચંડાલનો ભેદ પણ રાખતાં નથી. સદ્ધર્મનું આચરણ ઘડપણ અને મૃત્યુના ભયથી મુક્ત કરે છે."

ધર્મથી મોક્ષ છે, ભય મુક્તિ છે.

રોમના જૂલિયસ સીઝરની વિરૂદ્ધ કેટલાક લોકો તેના

ખૂનનું કાવત્રુ કરી રહ્યા હતા. સીઝરના મિત્રોએ તેમને ચેતવ્યા કે, 'તમારે હથિયાર વિના અને અંગરક્ષકો વિના ક્યાંય બહાર નીકળવું નહિ.'

જુલિયસ સીઝરે ઉત્તર આપ્યો કે, 'જે પુરૂષ મૃત્યુથી ડરે છે, તેને દરેક પળે મૃત્યુની વેદના ભોગવવી પડે છે, પણ હું મૃત્યુથી ડરતો નથી એટલે મારે એક જ વાર એ વેદના ભોગવવી પડશે.'

*** જ્ઞાનનો પ્રકાશ ***

શાસ્ત્રો કહે છે કે, ભયનું મૂળ કારણ અજ્ઞાન છે, અજ્ઞાનના અંધકારમાં જીવને પોતાનું પ્રકાશમય સ્વરૂપ સમજાતું નથી. શરીર, ધન વગેરે પરપદાર્થોને તે પોતાના સમજે છે. શરીરને તે પોતાનું સ્વરૂપ સમજે છે. બિમારી આવતા તેને ભય લાગે છે કે, પોતે અશક્ત થઇ જશે. મૃત્યુનો વિચાર આવતા તેને લાગે છે કે મૃત્યુથી પોતાનો નાશ થઈ જશે. અજ્ઞાનથી જીવનમાં પગલે પગલે મનુષ્યને ભય લાગ્યા કરે છે.

અજ્ઞાનના અંધકારને દબાવવાનો નથી, છુપાવવાનો નથી, જ્ઞાનના પ્રકાશથી દૂર કરવાનો છે. તે માટે સમ્યફ્જ્ઞાનની જ્યોતિ પ્રગટાવવાની છે.

કહ્યું છે કે,

નાણસ્સ સવ્વસ્સ પગાસણાયે;
અન્નાણ મોહસ્સ વિવજ્જણાયે ।
રાગસ્સ દોસસ્સ ય સંખયેણં;
એગંત સોક્ખં સમુવેઇ મોક્ખં ॥

જ્ઞાન સર્વને પ્રકાશિત કરે છે. જ્ઞાનના ઉદયથી અજ્ઞાન અને મોહનો નાશ થાય છે. જ્ઞાન વડે જ રાગ અને દ્વેષનો ક્ષય થાય છે. તેથી મોક્ષ પ્રાપ્ત થાય છે.

જે ઉદય પામે છતે અજ્ઞાન અને મોહનો નાશ ન થાય તે તો જ્ઞાન કેવું! આકાશમાં ઉદય પામે છતે અંધારૂ જાય નહિ તો તે સૂર્ય કેવો!

બુદ્ધે કહ્યું છે કે,

'અણ્ણાણી કિં કાહી?'

જે અજ્ઞાની છે તે શું કરી શકશે?

સમ્યક્‌જ્ઞાન પ્રગટ થયે નિર્ભયતા આવે છે.

× અબ હમ અમર ભયે ન મરેંગે ×

જે સંસારી છે તે ભયભીત છે. સંસારીની પ્રત્યેક ક્રિયામાં, વ્યવહારમાં, વિચારમાં ભય છે. જ્યાં રાગદ્વેષ છે ત્યાં મન ભયથી ભરેલું છે.

અજ્ઞાનીને મૃત્યુનો ભય છે. મૃત્યુ સમયે જેને ભય છે તેનું બાળ મરણ છે. મૃત્યુ સમયે જે નિર્ભય છે તેનું પંડિત મરણ છે. પોતે શરીર છે એમ જે માને છે તેને મૃત્યુનો પારાવાર ભય છે. આખા ય જીવન દરમ્યાન 'મારે આ બધું મૂકીને જવું તો નહિ પડે' આ ભયભીત દશામાં તે જીવ્યો છે.

'મારી સંપત્તિ, મારૂં ઘર, મારી પ્રતિષ્ઠા, મારી પત્ની,

મારા સંતાન આ બધું ય જેને પોતે પોતાનું માન્યું હતું તે ગુમાવવાની કલ્પના પણ ગમતી નથી.

ભયથી બચવા માટે સંસારમાં રાગદ્વેષથી જે કંઇ એકઠું કર્યું છે, તે બધું ય ભયનું કારણ થઈ પડે છે.

અજ્ઞાનમાં રાગદ્વેષથી થતી બધી પ્રવૃત્તિઓ ભયના માર્ગ પર લઈ જાય છે.

'આ દેહ 'હું' નથી. આ સંપત્તિ, ઘર, પ્રતિષ્ઠા, પત્ની, સંતાન વાસ્તવિક મારા નથી.' આ સત્ય સમજાય, તેની પ્રતીતિ થાય તો નિર્ભયતા પ્રગટે.

હું આત્મા છું, અવિનાશી છું, અજર છું, અમર છું, આત્માના અનંત ગુણો મારા છે. આ સત્ય અનુભવાતું જાય તો નિર્ભયતા દૃઢ બને.

પૂ૦ શ્રી આનંદઘનજી મહારાજે વીર હાક વગાડી છે કે,

'અબ હમ અમર ભયે, ન મરેંગે'

હું દેહ નથી, હું આત્મા છું, હું અમર છું, મારૂં મૃત્યુ નથી. સ્વ અને પરનું આ ભેદ વિજ્ઞાન ભયથી મુક્ત કરે છે.

સમ્યગ્દર્શન નિર્ભયતા લાવે છે.

સંપાદકની નોંધ

૧

*** અરેબીયન નાઇટ્સનો રાક્ષસ ***

ભૌતિક વિજ્ઞાન આજે કૂદકે અને ભૂસકે આગળ વધતું જાય છે. અરેબીયન નાઈટ્રસની પેલી કથામાં આવે છે કે, માછીમારે માછલાં પકડવા સમુદ્રમાં જાળ નાખી અને એક બાટલો જાળમાં આવ્યો. બાટલાનો બૂચ ઉઘાડતાં તેમાંથી ધૂમાડો બહાર નીકળ્યો અને એક રાક્ષસ પ્રગટ થયો. બહાર આવેલો રાક્ષસ માછીમારને કહે છે કે 'મને કામ આપ, નહિ તો તને ખાઈશ.' માછીમાર ભયભીત બની ગયો.

ભૌતિક વિજ્ઞાનના રાક્ષસથી આજની દુનિયા ત્રાસી ગઈ છે, ભયભીત બની ગઇ છે. બે વિશ્વયુદ્ધોએ જીવનના મૂલ્યો Values in Life માટે માનવીને અસ્થિર બનાવી દીધો છે. અશાંતિના અંધકારમાં સમજુ લોકો પ્રકાશનો એકાદ કિરણ માટે ઝંખે છે. કયાંકથી પ્રકાશ પ્રાપ્ત થાય!

આજનું હિંસક વિજ્ઞાન જગતને ભયભીત કરી રહ્યું છે.

જયાં હિંસા છે ત્યાં ભય અવશ્ય પ્રગટે છે, દુઃખ આવે છે. જે હિંસક છે તે નક્કી ભયભીત છે, તેને સંકટ જરૂર આવે છે. આ સનાતન નિયમ છે.

સં+કટ એટલે સમતા, સુખ કપાઇ જવું. હિંસાથી જે બીજાના સુખને કાપે છે તેની સમતા કપાય છે, સુખ જાય છે, દુઃખ આવે છે.

જો આપણે ભયથી મુક્ત થવાના ઉપાયો નહિ વિચારીએ તો ન જાણે અરેબીયન નાઇટ્સની કથામાંનો આ રાક્ષસ આપણી શું દુર્દશા કરશે!

૨.

૦ મૃત્યુ પણ ભયથી ડરે છે ૦

એક અરબી કહેવત છે કે મૃત્યુ પણ ભયથી ડરે છે.

વૈજ્ઞાનિકોએ પ્રયોગોથી પુરવાર કર્યું છે કે, ભય પ્લેગથી પણ વધુ ભયંકર ચેપી બિમારી છે. કોઇ ભયભીત વ્યક્તિ પાસે બેસવા માત્રથી આપણને પણ ભયનો ચેપ લાગી શકે. વિજ્ઞાન કહે છે કે, ચિંતાતુર કે ભયભીત વ્યક્તિઓના અવાજની રેકર્ડ સાંભળવા માત્રથી અમારા સ્નાયુઓ ઉપર હાનિકારક અસરો થાય છે. ચિંતાતુર વ્યક્તિની ચિંતાનો ભાર આપણા મન ઉપર પણ છવાઇ જાય છે.

પ્રત્યેક વ્યક્તિના મનોભાવોની તેના પોતાના શરીર પર ગાઢ અસર પડે છે. ભયની લાગણીથી હૃદયના ધબકારામાં, લોહીના દબાણમાં ફેરફાર થાય છે. ભયની તીવ્ર અસરથી કયારેક મૃત્યુ પણ થાય છે.

ભયથી શરીરમાં એક પ્રકારનું વિષ ઉત્પન્ન થાય છે, રક્તવાહિની નસો સંકોચાય છે, એકાએક હૃદય ઉપર અસર થાય છે, પછી પક્ષઘાત–પેરાલીસીસ થાય કે કદાચ મૃત્યુ થાય.

કયારેક વિષ રહિત સર્પ કરડવાથી માત્ર ભયને લીધે મૃત્યુ થયાનાં અનેક ઉદાહરણ છે.

સીનેમા ચિત્રોમાં કેટલાક ભયજનક દશ્યોથી લોકો બેહોશ થઇ જાય છે. 'હાઉસ ઓફ વેકસ', 'ફ્રેન્કેસ્ટાઈન' જેવા અંગ્રેજી ચિત્રોની ભયજનક અસરોનો અનેક વાંચકોને અનુભવ હશે!

ભયના કારણે આંખો પર થતી અસરના પ્રયોગોમાં જણાયું છે કે, દશ વ્યક્તિમાંથી પાંચની આંખોની દૃષ્ટિ ભયથી કમજોર બને છે.

અતિ ભયથી એક જ રાતમાં યુવાન મનુષ્યના કાળા વાળ સફેદ થઈ ગયાના અનેક દાખલા છે. રીપ્લેના 'માનો યા ન માનો' એ નામના સુપ્રસિદ્ધ સચિત્ર પુસ્તકમાંથી તેની વિગત મળી શકશે.

૩

* ભય નિવૃત્તિ માટે શું કરવું ? *

મનોવૈજ્ઞાનિકો ભયને એક ભારે ખતરનાક રોગ ગણે છે અને ભયની નિવૃત્તિ માટે કેટલાક નિયમોની ભલામણ કરે છે. અનેક બિમારોને તેથી લાભ થયો છે. કેટલાક નિયમો અમે અહિં સંક્ષેપમાં આપીએ છીએ.

૧. જો કે ભય અને ચિંતા તમે બધાને કહેતા ન ફરો, તેનું વારંવાર વર્ણન કરતા ન રહો, પણ કોઇ એકાદ મિત્ર, ધર્મસ્નેહિ, વિશ્વાસપાત્ર અનુભવી પાસે તમારી ભય અને ચિંતાની બધી જ વાત કરો. તમને હાંસીકારક કે મૂર્ખતા ભરી લાગતી હોય તેવી પણ બધી જ વાત કરો.

તમારા ભયને છુપાવો નહિ, છુપાવવાથી ભય વધે છે. કોઈ એકાદ સન્મિત્ર સાથે તમારી ચિંતા અને ભય સંબંધી વિચાર વિનિમય કરવાથી તમને પોતાને જ તમારી અનેક ચિંતાઓ અને ભય હાસ્યાસ્પદ કે નિરાધાર લાગશે. કહેવા માત્રથી ભય ઓછો થાય છે. તમારામાં આત્મવિશ્વાસ અને દઢતા અવશ્ય આવે છે.

જેની પાસે તમે કહી શકો એવા મિત્ર કે સ્નેહીને, સદ્-ગુરુને શોધી કાઢો. જો ન જ મળે તો અરિસા સામે ઉભા રહીને તમારે જે કંઈ કહેવાનું છે તે વિસ્તારથી કહી નાખો. તેથી ભય અવશ્ય ઓછો થશે જ.

૨. 'જે થાય છે તે સારા માટે જ થાય છે.' માટે જે કંઇ થશે તે સારૂં જ થશે. એવી ભાવના કેળવો. એવો ભાવ દઢ કરો. શ્રદ્ધાપૂર્વક મનમાં આ સત્ય ઉતારવાનો પ્રયત્ન કરો.

૩. સત્સંગ અને સદ્‌ભાવનાની સહાયથી ભય દૂર થશે. વિવેકપૂર્વક ભયનાં કારણોનો વિચાર કરો. બરાબર તપાસતા જો કોઇ કારણ ન મળે તો જે કાર્યથી તમે ભય પામો છો તે કરો.

જો ભયની જડ અજ્ઞાત મનમાં ઉંડી ગયેલી લાગે તો સદ્‌ભાવનાની આંતર સૂચના autosuggestions વારંવાર કરો.

૪. જ્યારે તમને એવું લાગે કે તમે ભય અથવા ચિંતામાં ડૂબી રહ્યા છો, ત્યારે કંઈક કામ કરવાનું શરૂ કરી દો. કોઈ

કાર્યમાં તમે પરોવાઈ જાવ! મોટા ભાગના ભય કે ચિંતા તો કંઇ જ બન્યા પહેલા અમે કાલ્પનિક રીતે એવા વિચારો કરવાના શરૂ કરી દઈએ છીએ એટલે જ ધસારો કરે છે.

તે માટેનો ઉપાય શરીર પાસેથી પુષ્કલ કામ લેવું એ છે અને મનને બીજા વિષયમાં રોકવું એ છે. ખાલી મન અને કામ વગરનું શરીર ભય તથા ચિંતાનો ભોગ જલ્દી બને છે.

૫. વિવેકથી વિચાર કરવાની ટેવ જો તમે પાડશો તો ચિંતા અને ભય અવશ્ય ઓછા થશે.

નિર્ભય થવાનો શ્રેષ્ઠ ઉપાય પરમાત્માની શરણાગતિનો છે. ભગવાનનું શ્રદ્ધાપૂર્વક નામ સ્મરણ કરવાથી ભય અવશ્ય મટે છે.

પવિત્ર મન અને શરીરથી જેમને ભયને જીત્યો છે એવા પરમાત્માનું સ્મરણ નીચેના મંત્ર 'નમો જિણાણં, જીયભયાણં' નો જાપ કરવામાં આવે તો તે હિતંકારી થશે જ. આ અનુભવસિદ્ધ છે.

२

★ અહિંસાની સાધના ★

પરમ ઉપકારી ભગવાન શ્રી મહાવીરસ્વામીએ ફરમાવ્યું છે કે—

એવં ખુ નાણિણો સારં,
જં ન હિંસઇ કિંચણ ।
અહિંસા સમયં ચેવ,
એયાવન્તં વિયાણિયા ॥

જ્ઞાનીઓના વચનનો સાર એ છે કે, 'કોઈ પણ પ્રાણીને હણવું નહિ.' અહિંસાને જ શાસ્ત્રોમાં કહેલો શાશ્વત ધર્મ સમજવો.

સર્વ પાપોમાં હિંસા સર્વથી અધિક કહી છે અને ચારિત્રમાં અહિંસા સર્વથી શ્રેષ્ઠ કહી છે.

શ્રી ભગવદ્ ગીતામાં કહ્યું છે કે,

'મા હિંસ્યાત્ સર્વ ભૂતાનિ,
સર્વ ભૂત હિતે રતઃ ।'

કોઇ પણ પ્રાણીની હિંસા ન કરો, સર્વના–પ્રાણી માત્રના હિત માટે, સુખ માટે તત્પર રહો.

જગતમાં બીજા સર્વ જીવોની અપેક્ષાએ મનુષ્યમાં વિશેષ બુદ્ધિ છે, સમ્યક્ વિચાર કરવાની શક્તિ છે. પોતે નક્કી કરેલા વિચારને આચારમાં મૂકવાનું બળ છે. અનાદિકાળથી અન્ય પશુ-પક્ષીઓ જે રીતે જીવે છે તે રીતે આજે પણ જીવે છે, મનુષ્ય પોતાની જીવનકરણીમાં ફેરફાર કરી શકે છે.

મનુષ્યની બુદ્ધિનો સદુપયોગ ઉચ્ચ જીવન જીવવામાં છે. ઉચ્ચ જીવન એટલે માત્ર વિશેષ સાધન-સામગ્રી નહિ પણ અહિંસક જીવન, પવિત્ર જીવન-બીજા જીવોને હાનિ ન થાય તે રીતે જીવવાનો પ્રયત્ન-આ ઉચ્ચ જીવન છે.

○ સુખનો રાજમાર્ગ—અહિંસા ○

ઋષિ-મહર્ષિઓએ આ મનુષ્ય જીવનના સર્વથી અધિક ગુણગાન એ માટે કર્યા છે કે આ મનુષ્ય શરીર દ્વારા જ અહિંસાનું શ્રેષ્ઠ પાલન થઈ શકે છે.

દેવો પણ મનુષ્ય શરીર ઝંખે છે. ચોરાસી લાખ જીવ યોનિમાં ભ્રમણ કરતાં મહાપુણ્યોદય વડે આત્મા આ માનવ દેહ પ્રાપ્ત કરે છે, આ દેવ દુર્લભ મનુષ્ય જન્મની ઉચ્ચતા માનવતા તથા સાધુતા પ્રગટાવવાથી છે.

મનુષ્ય પાસે વિજ્ઞાનના સાધનો વધી રહ્યા છે. જેમ જેમ સાધન અને શક્તિ વધે તેમ તેમ અન્ય જીવ સૃષ્ટિના સંરક્ષણની જવાબદારી વધવી જોઈએ. એવું વિજ્ઞાન તારક બને, ત્યારે આજનું વિજ્ઞાન મારક બની રહ્યું છે. માનવદેહ અમૂલ્ય છે કારણ કે મનુષ્ય સર્વ જીવોનો ઉદ્ધારક બની શકે, આજે સંહારક બની રહ્યો છે.

સુખ અને શાંતિથી ભરપુર પુણ્ય જીવન જો પ્રાપ્ત કરવું હોય તો અહિંસાના તત્ત્વજ્ઞાનનો અંતરથી સ્વીકાર કરવો પડશે.

પૂ૦ શ્રી શુભચંદ્રાચાર્ય પોતાના "જ્ઞાનાર્ણવ" ગ્રંથમાં કહે છે કે—

યત્કિંચિત્ સંસારે શરીરિણાં;
દુઃખ શોક ભય બીજમ્ ।
દૌર્ભાગ્યાદિ સમસ્તં;
તદ્ હિંસા સમ્ભવં જ્ઞેયમ્ ॥

આ સંસારમાં જીવોને દુઃખ, શોક, ભયના બીજ સ્વરૂપ દુર્ભાગ્ય આદિનું જે દર્શન થાય છે તે સર્વ હિંસાથી ઉત્પન્ન થયેલું સમજવું.

સંસારમાં સર્વ દુઃખનું મૂળ હિંસા છે, સર્વ સુખનું મૂળ અહિંસા છે. બીજાના પ્રાણ હરી લેવાનો મનુષ્યને કોઈ હક્ક નથી. અન્ય જીવોના પ્રાણની રક્ષા કરવાની જવાબદારી મનુષ્યની છે.

કવિ ઈકબાલે કહ્યું છે કે,

જાન હી લેનેકી હિકમતમેં તરક્કી દેખી ।
મૌતકો રોકનેવાલા કોઇ પૈદા ન હુઆ ॥

મૃત્યુથી બચાવી આનંદપૂર્ણ અનંત જીવન પ્રગટ કરવાનું સામર્થ્ય અહિંસામાં છે.

સુખના આ રાજમાર્ગ ઉપર મનુષ્યોને લઇ જવા માટે

ભારતના સર્વ ધર્મોએ અથાગ પ્રયત્નો કર્યા છે અને હિંસાથી મનુષ્ય બચી શકે તે માટે હિંસાના કેવા દુષ્પરિણામો આવે છે અને તેના કડવા ફળ ભવપરંપરામાં કેવી રીતે ભોગવવા પડે છે તેની સમજણ આપતા અનેક કથા પ્રસંગો કહ્યા છે.

* શૂળીનો કાંટો *

માંડવ્ય પુરાણમાં માંડવ્ય ઋષિની એક કથા છે. હિંસાના કેવા ભયંકર પરિણામ આવે છે, તથા હિંસા એ મહાપાપ છે. એમ બતાવી હિંસાનો નિષેધ કર્યો છે.

માંડવ્ય ઋષિ એમના ૨૧ ભવ પૂર્વે એક રબારી હતા. ઘેટા બકરા ચરાવવા માટે રોજ જંગલમાં જતા, રબારી ઝાડ નીચે બેસે અને ઘેટા બકરા ચરે. એક દિવસ આ રબારીને એક જૂ કરડી એટલે રબારી ભારે ગુસ્સે થયો. જૂને પકડી, હાથમાં લીધી અને રબારી જૂને કહેવા લાગ્યો, 'અરે, દુષ્ટ જૂ! મને કરડીને તેં મારો મોટો ગુનો કર્યો છે. હું તને ભારે શિક્ષા કરીશ. એક રાજા જેમ ગુનેગારને શિક્ષા કરે છે, તેમ હું તારો રાજા છું અને તને ફાંસીની શિક્ષા કરું છું.'

અજ્ઞાન બિચારી જૂ શું સમજે!

રબારીએ તો હાથમાં એક તીક્ષ્ણ કાંટો લીધો અને બિચારી જૂને કાંટામાં પરોવી દીધી. તરત જ જૂના પ્રાણ ચાલ્યા ગયા. રબારી તો અત્યંત રાજી થયો અને કહેવા લાગ્યો કે, 'મેં જૂને ઠીક જ શિક્ષા કરી છે.'

માંડવ્ય ઋષિના આત્માએ રબારીના ભવમાં એક જૂની હિંસા કરી પોતાના આ કૃત્યને સારૂ માન્યું, મનથી ખુશી મનાવી એવું તીવ્ર પાપકર્મ બાંધ્યું કે ૨૧ ભવ સુધી દરેક ભવમાં–પોતે ગૂનેગાર ન હોય તો પણ ગૂનાનો આરોપ આવે અને ફાંસીની સજા થાય.

તીક્ષ્ણ કાંટામાં જૂને પરોવી મનમાં ખુશી થતા તેના પ્રાણ લીધા હતાં તેથી ૨૧ ભવમાં–દરેક ભવે ફાંસીને માંચડે લટકવું પડયું.

૨૧ માં ભવમાં પેલા રબારીનો જીવ માંડવ્ય ઋષિ થયો. તળાવના કાંઠે ઝુંપડી બાંધીને માંડવ્ય ઋષિ ભગવાનનું ભજન કરતાં નિર્દોષ જીવન જીવી રહ્યા છે.

તીવ્રપણે બાંધેલા કર્મનું ફળ અવશ્ય ભોગવવું પડે છે.

એક દિવસ નગરના રાજાના મહેલમાંથી એક ચોરે ઝવેરાતના ડબાની ચોરી કરી. ભાગી જતા ચોરને સિપાઇઓએ જોયો અને તેને પકડવા પાછળ પડ્યા, આગળ ચોર અને પાછળ સિપાઇઓ જઈ રહ્યા છે.

ચોરને લાગ્યું કે પોતે પકડાઈ જશે ત્યારે માંડવ્ય ઋષિ જ્યાં તપ કરતાં હતા ત્યાં તે આવી પહોંચ્યો. બચવાનો એક માત્ર ઉપાય હતો. ચોરે ઋષિની બાજુમાં, ઋષિએ પોતે જ જાણે ઝવેરાતની પેટી સંતાડી હોય તે રીતે મૂકી દીધી અને પોતે નાસી ગયો.

થોડીવારમાં સિપાઈઓ આવી પહોંચ્યા. એક ઋષિને

તપ કરતાં જોયા. એક સિપાઈની નજર ભગવા વસ્ત્ર નીચે છૂપાવેલી પેટી પર પડી અને ચોરીના આરોપસર માંડવ્ય ઋષિને પકડવામાં આવ્યા.

રાજા સમક્ષ મુદ્દામાલ સાથે તેમને લાવવામાં આવ્યા. રાજાએ કહ્યું, 'સાધુના લેબાશમાં ચોરીનો ધંધો વધુ સજાને પાત્ર છે, માટે તેને ફાંસીની શિક્ષા કરો.'

માંડવ્ય ઋષિને થયું કે 'મારા પોતાના જ કોઇ પાપની શિક્ષા મને થઈ રહી છે' અને સદ્ભાવનાના યોગે તેમને જ્ઞાન થયું. પોતે પોતાના આગળના ભવો જોયા. શોક કરતા પોતાના શિષ્યોને ઋષિએ પોતાના પૂર્વ ભવની કથા સંભળાવી અને સમજાવ્યું કે તીવ્ર પરિણામથી એક જૂને તીક્ષ્ણ કાટામાં પરોવવાનું ભવોભવ શું ફળ ભોગવવું પડયું! તેથી સાંભળનારા સન્માર્ગે વળ્યાં.

જૂ, મચ્છર, માંકડ તેમની અજ્ઞાન અવસ્થામાં મનુષ્યને કરડે છે. આ ક્ષુદ્ર જંતુઓની જો મનુષ્ય હિંસા કરે તો તે કેવી અધમતા કહેવાય!

પશુ, પક્ષીઓ કરતાં મનુષ્ય ચઢીયાતો છે. પશુ, પક્ષીઓના રક્ષણની જવાબદારી મનુષ્યે લેવી જોઇએ, પણ જો રક્ષક જ ભક્ષક બને તો તે કેવી અધમતા કહેવાય?

જ્યોર્જ બર્નાડ શોએ કહ્યું છે કે 'જો મનુષ્ય વાઘને મારે તો તેને પોતે રમત Sport કહે છે, પણ જો વાઘ મનુષ્યને મારે તો તેને પોતે ક્રૂરતા કહે છે.'

કોઇ પણ પ્રાણી પોતાની જાતિના પ્રાણીને હણતું નથી, માત્ર મનુષ્ય એવું પ્રાણી છે કે જે બીજા મનુષ્યોની હિંસા પણ કરે છે.

૦ મેઘરથ રાજા ૦

અહિંસાના આદર્શને દૃષ્ટિ સામે રાખીને શકય એટલી હિંસા ઓછી થાય અને જે સૂક્ષ્મ જીવોની હિંસા થઇ રહી છે તેમની પ્રત્યેની સહાનુભૂતિપૂર્વક જેઓ જીવન જીવે છે તેઓ આધ્યાત્મના માર્ગને પામે છે.

સર્વ વ્રતોમાં પ્રથમ વ્રત અહિંસાને કહ્યું છે.

જેટલા હિંસાથી બચી શકો તેટલા જરૂર બચો. કહ્યું છે કે—

જં સક્કં તં કીરઇ,
જં ય ણ સક્કં તહેવ સદ્દહણં ।
સદ્દહમાણો જીવો,
પાવઈ અજરામરં ઠાણં ।।

તમારી જેટલી શક્તિ હોય તેટલું આચરણ કરો. જ્યાં શક્તિ ન હોય ત્યાં શ્રદ્ધા જાગૃત કરો. જે શ્રદ્ધાવાન છે તે અજરામર પદ પ્રાપ્ત કરે છે.

બીજાને માટે પ્રાણ આપનારા અનેક મહાત્માઓના દૃષ્ટાંતો શાસ્ત્રમાં મળે છે.

જૈનોના સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવંતના

પૂર્વભવનો એક પ્રસંગ છે. તે ભવમાં તેઓ મેઘરથ નામના રાજા હતા.

એકવાર એક પારેવો ભયથી ધ્રુજતો ધ્રુજતો આવીને રાજા મેઘરથના ખોળામાં પડ્યો અને મનુષ્યની વાણીમાં કહેવા લાગ્યો કે, 'હે રાજન્! હું તમારા શરણે આવ્યો છું.' બાજપક્ષી મારી પાછળ પડયું છે. તે મને ખાઈ જશે. તેનાથી તમે મારૂં રક્ષણ કરો.'

મેઘરથ રાજા અત્યંત પ્રેમથી બોલ્યા: 'હે પક્ષી! તને અભય છે, તું ભય પામીશ નહિ, હું તારૂં રક્ષણ કરીશ.'

થોડીવારમાં જ બાજપક્ષી રાજા પાસે આવીને મનુષ્યની વાણીમાં કહેવા લાગ્યું કે, 'હે રાજન્! આ પારેવો મારો ભક્ષ્ય છે, માટે મને આપી દો.'

રાજા બોલ્યા: 'શરણાગતનું રક્ષણ કરવું એ મારો ધર્મ છે. હું પ્રાણના ભોગે પણ પારેવો આપીશ નહિ.'

બાજપક્ષીએ કહ્યું: 'તમારો શરણાગત પારેવો મારો તો ભક્ષ્ય છે. એ વગર મારા પ્રાણ જશે, તેની હત્યા તમને લાગશે.'

એ દયાળુ રાજાએ કહ્યું કે 'જો પારેવાના માંસથી જ તારા પ્રાણ બચતાં હોય તો, તેના જેટલું માંસ હું મારા શરીરમાંથી તને આપું છું', તેથી તારે સંતોષ માનવો જોઇએ.

બાજે એ વાત સ્વીકારી અને રાજાએ પોતાના સાથળ-

માંથી માંસ કાપી પારેવાના વજન તુલ્ય તોળવા માંડયું. આશ્ચર્ય થયું! રાજા પોતાનું માંસ જેમ જેમ મૂકતાં જાય તેમ તેમ પારેવાવાળું પલ્લુ નીચે નમતું ગયું. રાજાએ પોતાનો આખો દેહ પારેવાની સામે ત્રાજવામાં મૂકયો. પોતે જ ત્રાજવામાં બેઠા. તે જ વખતે એક દેવ પ્રત્યક્ષ થયો. પારેવો તથા બાજ અદૃશ્ય થયા.

તે દેવે અત્યંત ભક્તિભાવથી મસ્તક નમાવી કહ્યું કે, 'એક વખત ઇંદ્રસભામાં ઇંદ્ર મહારાજે તમારી દયાની અત્યંત પ્રશંસા કરી. તે વાતની પરીક્ષા લેવા માટે આ રૂપ કર્યાં હતા. આપની અપૂર્વ કરૂણા સામે આપના ચરણમાં અમારૂં મસ્તક નમે છે.

ભારતે જગતની સામે અહિંસાનો અદ્ભૂત આદર્શ મૂકયો છે. આ આદર્શનું પાલન કઠીન છે. અહિંસાની સાધના વીર પુરુષોનું કામ છે.

કાકા કાલેલકરે કહ્યું છે કે, 'પરિશ્રમ કર્યા વિના આપણે અહિંસક નહિ બની શકીએ. અહિંસાની સાધના ભારે કપરી છે. શરીર પૌદ્ગલિક ભાવો પ્રત્યે ખેંચે છે. જાગૃત બનેલો આત્મા પોતાના ઉત્કર્ષનું ચિંતન કરે છે.' બીજાઓના હિતનો ભાવ હૃદયમાં રાખવાથી આત્મા ધાર્મિક શ્રદ્ધાવાન બને છે.

૦ સર્વને જીવવું પ્રિય છે ૦

ભગવાને પોકારી પોકારીને વારંવાર કહ્યું છે કે—

સવ્વેપાણા, સવ્વે જીવા, સવ્વે સત્તા,
સવ્વે ભૂઆ ન હંતવ્યા, ન પરિતાવેયવ્યા ॥
સવ્વે પાણા પિયાઉઆ, અપ્પિયવહા,
સુહસાયા દુકખ પડિકૂલા સવ્વે વિ જીવિઉકામા
સવ્વેસિં જીવિઇંપિયં ॥

સર્વ પ્રાણીઓને, સર્વ જીવોને, સર્વ સત્ત્વોને, સર્વ ભૂતને ન હણવા, પરિતાપ ન પમાડવા.

સર્વ પ્રાણીઓને પોતાનું આયુષ્ય પ્રિય છે, સુખ અનુકૂળ છે, દુઃખ પ્રતિકૂલ છે, વધ સર્વને અપ્રિય છે, જીવવું સર્વને પ્રિય છે. સર્વ જીવો જીવવાની કામનાવાળા છે, સર્વને પોતાનું જીવન પ્રિય લાગે છે.

પોતાનો પ્રાણ તો દરેકને પ્રિય છે જ. મૃત્યુ કોઇને ગમતું નથી તો પણ મનુષ્ય પોતાના સ્વાદ માટે કે શરીર-પોષણ માટે બીજા જીવોને મારે છે. પશુજગતમાં પણ આહારની મર્યાદા છે. માનવી જીભના સ્વાદમાં આ મર્યાદાઓ પણ ભૂલ્યો છે. તેથી મદ્ય અને માંસના સેવનમાં આનંદ માને છે.

પૂ૦ આચાર્ય શ્રી હીરવિજયસૂરિજી મ૦ ના ઉપદેશથી અકબર બાદશાહ ઘણો પ્રભાવિત થયો. અબુલફઝલ કહે છે કે સૂરિજીના ઉપદેશથી અહિંસકભાવ માટે બાદશાહ એટલા બધા પ્રભાવિત થયા કે પોતાના પેટને પ્રાણીઓની કબર બનાવવાનું તેમને અનુચિત લાગ્યું.

'આઈ–ને–અકબરી' ગ્રંથમાં ઉલ્લેખ છે કે બાદશાહ અકબર કહેતા કે, 'માંસ ભક્ષણ નાનપણથી મને ગમતું નહિ. તેમાં મને જીવરક્ષાનો સંકેત સમજાયો અને માંસાહાર મેં છોડ્યો.'

* માંસ મોંઘુ કે સોંઘુ ? *

એક વાર રાજાએ સભામાં પૂછ્યું: 'માંસ મોંઘુ છે કે સસ્તુ?' ઉમરાવોએ કહ્યું: 'રાજન્! હમણાં માંસ ઘણું સસ્તુ છે.' વચ્ચે જ રાજાનો બુદ્ધિશાળી મંત્રી બોલી ઉઠ્યો: 'મહારાજ! માંસ અત્યંત મોંઘુ છે?'

રાજાને આશ્ચર્ય થયું. એકાંતમાં મંત્રીને પૂછ્યું કે, 'તેં આ પ્રમાણે કેમ કહ્યું?' મંત્રીએ કહ્યું, 'જો આપ સાત દિવસ દરબારમાં ન આવો તો હું તે પૂરવાર કરી આપીશ.'

રાજાએ સ્વીકાર કર્યો, અને દરબારમાં આવવાનું બંધ કર્યું. રાજા દરબારમાં આવતા બંધ થયા એટલે મંત્રી એક ઉમરાવને ત્યાં ગયો અને કહ્યું કે, 'રાજાજી એકદમ ઘણા માંદા થઇ ગયા છે અને રાજવૈદ્યે કહ્યું છે કે કોઇ ઉમરાવના હૃદયનું માંસ મળે તો રાજાજી સાજા થઇ શકે. આપ ચાર તોલા જેટલું જ માંસ લઇને આપો તો રાજાજીને આરામ થાય.'

ઉમરાવ તો ગભરાઈ ગયો. તેની આંખમાં આંસુ આવ્યા. મંત્રીને પુષ્કળ ધન આપી પોતાને બચાવી લઈ બીજાને ત્યાં

જવા પારાવાર વિનંતિ કરી. મંત્રી દરેક ઉમરાવને ઘેર ગયો. બધા પાસેથી પુષ્કળ ધન મળ્યું પણ માંસ મળ્યું નહિ.

રાજા પાસે જઈને ધનનો મોટો ઢગલો કર્યો અને બધી વાત કહી.

બીજે દિવસે દરબારમાં જઈ રાજાએ ઉમરાવો સામે ફરીથી એ જ પ્રશ્ન કર્યો, તે સાંભળી તે સર્વે ઉમરાવો સમજી ગયા અને નીચું જોઈ રહ્યા પણ કોઇએ કંઈ જ પ્રત્યુત્તર આપ્યો નહિ, ત્યારે બુદ્ધિવાન મંત્રીએ કહ્યું કે—

સ્વમાંસં દુર્લભં લોકે,
લક્ષેણાપિ ન લભ્યતે ।
અલ્પ મૂલ્યેન લભ્યેત
પલં પરશરીરજમ્ ॥

જગતમાં પોતાનું માંસ ઘણું મોંઘું છે, લાખ રૂપીયા આપવાથી પણ તે મળતું નથી. પરંતુ પારકાના શરીરનું માંસ ચાર તોલા અલ્પ મૂલ્યથી મળી શકે છે માટે તે સસ્તુ છે.

ઘણા મનુષ્યો પોતાના શરીરને સ્હેજ પણ દુઃખ ન થાય, વેદના ન થાય તેની અત્યંત કાળજી રાખે છે, પણ બીજાના શરીરની કે મનની તેવી કાળજી રાખતા નથી, તે માટે લગીરે ય વિચાર કરતાં નથી.

સંતપુરૂષો પોતાના શરીરને થતી પીડા ઉપરથી અન્ય જીવોને થતી સુખ-દુઃખની લાગણી સમજી શકે છે અને

કોઇ પણ જીવને સ્હેજ પણ પીડા કે વેદના થાય તેવું કાર્ય ક્યારે ય કરતાં નથી.

* યજ્ઞનો બોકડો *

કથા એવી છે કે એક વાર ભોજ રાજાએ યજ્ઞ કરવા માંડ્યો અને યજ્ઞમાં હોમવા માટે એક બોકડો લાવવામાં આવ્યો.

યજ્ઞમંડપમાં બોકડો જોરથી 'બેં-બેં' કરવા લાગ્યો. ભોજ રાજાએ પોતાના પંડિતોને પૂછ્યું કે, 'આ બોકડો શું કહે છે ?'

કોઈ પંડિત જવાબ આપી શક્યા નહિ, ત્યારે મહાકવિ ધનપાળે નીચેનો શ્લોક કહ્યો :

નાહં સ્વર્ગફલપ્રભોગ તૃષિતો
નાભ્યર્થિતસ્ત્વં મયા ।
સંતુષ્ટસ્તૃણ ભક્ષણેન સતતં
સાધ્યા ન યુક્તા તવ ॥

સ્વર્ગે યાન્તિ યદિ ત્વયા વિનિહતા
યજ્ઞે ધ્રુવં પ્રાણિનો ।
યજ્ઞં કિં ન કરોષિ માતૃપિતૃભિ:
પુત્રૈસ્તથા બાન્ધવૈ: ॥

હે રાજન્ ! આ બોકડો એમ કહે છે કે, "હે ભોજ રાજા ! સ્વર્ગફળના ઉત્તમ ભોગની મને તૃષ્ણા નથી તથા

મને સ્વર્ગ અપાવવા માટે મેં તને પ્રાર્થના પણ કરી નથી. હું તો નિત્ય ઘાસના તૃણ ખાઇને સંતુષ્ટ રહું છું. માટે યજ્ઞમાં હોમવા તું મને લાવ્યો તે યોગ્ય નથી. જો યજ્ઞમાં મારેલાં પ્રાણીઓ નક્કી સ્વર્ગમાં જતાં હોય તો તારા મા-બાપ, પુત્ર, ભાઇઓને મારીને, તેમને યજ્ઞમાં હોમીને તું યજ્ઞ શા માટે કરતો નથી !

કવિ ધનપાળનો આ શ્લોક સાંભળી રાજાના ચક્ષુ ઉઘડી ગયા. સઘળા પશુઓને છોડી મૂકયા તથા યજ્ઞમાં હિંસા નહિ કરવા માટે પ્રતિજ્ઞા કરી.

*** પરમધર્મ અહિંસા ***

જીવનરૂપી યજ્ઞમાં અહિંસાનું સર્વોપરિ સ્થાન સર્વ ધર્મોએ સ્વીકાર્યું છે. સંત તુલસીદાસજી કહે છે કે—

' પરમધર્મ શ્રુતિવિદિત અહિંસા '

અહિંસાને શ્રુતિઓમાં શ્રેષ્ઠ ધર્મ કહ્યો છે.

'પદ્મપુરાણ'માં દેવર્ષિ નારદ તેને પ્રથમ સ્થાન આપે છે.

અહિંસા પ્રથમં પુષ્પં,
પુષ્પં ઇન્દ્રિય નિગ્રહઃ ।
સર્વભૂતદયા પુષ્પં
ક્ષમા પુષ્પં વિશેષતઃ ।।

ભગવાનને ચઢાવવાના પુષ્પોમાં સર્વ પ્રથમ પુષ્પ અહિંસા છે, પછી ઇન્દ્રિયનિગ્રહ, સર્વ ભૂતદયા અને વિશેષપણે ક્ષમાપુષ્પ છે.

શાન્તિ: પુષ્પં તપ: પુષ્પં
ધ્યાનપુષ્પં તથૈવ ચ ।
સત્યં અષ્ટવિધં પુષ્પં
વિષ્ણોઃ પ્રીતિકરં ભવેત્ ॥

શાંતિ પુષ્પ છે, તપ પુષ્પ છે, ધ્યાન પુષ્પ છે અને સત્ય પુષ્પ છે. આઠ પ્રકારના આ પુષ્પો ભગવાનને અર્પિત કરો તેમાં શ્રેષ્ઠ પુષ્પ અહિંસા છે.

શ્રી પતંજલિએ 'યોગદર્શન'માં યોગના આઠ અંગ કહ્યા છે તેમાં પ્રથમ અહિંસા છે.

'યમ નિયમ આસન પ્રાણાયામ પ્રત્યાહાર
ધારણા ધ્યાન સમાધયોઽષ્ટાવંગાનિ ।'
—સાધનપાદ સૂત્ર ૨૯

જીવનમાં અહિંસા પ્રગટ્યા વિના યોગની સિદ્ધિ નથી. યોગમાં પહેલું પગથિયું 'યમ' છે તેમાં મુખ્ય અહિંસા છે.

'અહિંસા સત્યાસ્તેય બ્રહ્મચર્ય પરિગ્રહા યમાઃ'
—સાધનપાદ–સૂત્ર ૩૦

અહિંસાનું મહાત્મ્ય વર્ણવતા સૂત્રકાર કહે છે કે—

'અહિંસા પ્રતિષ્ઠાયાં તત્સંનિધૌ વૈરત્યાગઃ'

જેનામાં અહિંસા પ્રગટ થઈ છે તેની નજીકમાં હિંસક પ્રાણીઓ પોતાના વૈરભાવને ભૂલી જાય છે, અને તેથી

તીર્થંકર ભગવંતોના સમવસરણમાં વૈર-વિરોધ ભૂલીને સિંહ તથા હરણ સાથે બેસે છે.

મહાભારતમાં કહ્યું છે કે, 'જે રીતે હાથીના પગલામાં બધા પ્રાણીઓના પગલાં સમાઈ જાય છે તે રીતે અહિંસામાં સર્વ ધર્મો અને તત્ત્વ સમાઈ જાય છે,' એ પ્રમાણે સમજીને જેઓ અહિંસાનું પાલન કરે છે તેઓ નિત્ય અમૃતમાં-મોક્ષમાં વાસ કરે છે.

ધર્મનો, સંસ્કૃતિનો તથા સર્વજીવોના યોગક્ષેમનો મૂળ આધાર અહિંસા છે. જે અહિંસાને તરછોડે છે, તે પતનને-વિનાશને આમંત્રે છે.

જૈનદર્શનમાં સ્પષ્ટ કહ્યું છે કે, 'સત્ય વગેરે સર્વ વ્રતો અહિંસાની રક્ષા માટે છે.

'પંચ સંગ્રહ'માં કહ્યું છે કે, 'શ્રી જિનેશ્વર ભગવંતોએ પ્રાણાતિપાત વિરમણ એટલે હિંસાના ત્યાગને સર્વજીવોની રક્ષાને શ્રેષ્ઠ ધર્મ કહ્યો છે.

પૂ૦ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પોતાના 'અષ્ટક ગ્રંથ'માં ફરમાવે છે કે, 'સ્વર્ગ અને મોક્ષ અપાવનાર અહિંસા મુખ્ય છે. અહિંસાના રક્ષણ માટે સત્યાદિ વ્રતો છે.'

* પરમ બ્રહ્મ *

શ્રી 'તત્ત્વાર્થ સૂત્ર'માં કહ્યું છે કે, 'પ્રમત્તયોગાત્ પ્રાણવ્યપરોપણં હિંસા,-પ્રમત્ત યોગથી બીજાના પ્રાણોનું અપહરણ કરવું એ હિંસા છે.

શ્રી દશ વૈકાલિક ચૂર્ણિમાં ફરમાવ્યું છે કે, 'અહિંસા નામ પાણાતિવાય વિરંતી ।' અહિંસાનો અર્થ પાણાતિપાતથી વિરમવું તે છે.

જીવને કોઇ પણ પ્રકારનું કષ્ટ આપવું. કીલામણા ઉપજાવવા તે પ્રાણાતિપાત છે. શાસ્ત્રની આ વ્યાખ્યાઓમાં દયાનો, કરૂણાનો મહાસાગર ઉછળી રહ્યો છે.

કોઈ પણ જીવને મનથી, વચનથી કે કાયાથી સ્હેજ માત્ર પણ કષ્ટ ન પહોંચાડવું, સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ રાખવો એ અહિંસા છે. અહિંસાનું વિધેયાત્મક રૂપ 'આત્મવત્ સર્વ ભૂતેષુ'–સર્વ જીવોને પોતાની તુલ્ય ગણીને જીવન જીવવામાં છે.

પૂ૦ શ્રી સમંતભદ્ર આચાર્યે અહિંસાને 'પરમ બ્રહ્મ' કહી છે. 'અહિંસા ભૂતાનાં જગતિ વિદિતં બ્રહ્મ પરમમ્ ।'

—બૃહત્ સ્વયંભૂ સ્તોત્ર

પરમ ઉપકારી ભગવાન મહાવીર પ્રભુએ 'પ્રશ્ન વ્યાકરણ' માં અહિંસાને 'ભગવતી અહિંસા' કહી છે.

'એસા સા ભગવતી અહિંસા'

અહિંસાનો અમૃત કળશ સર્વ માટે મધુરતમ છે, પરમ મંગળકારી છે.

★

સંપાદકની નોંધ

૧

* પશુથી ય વિશેષ હિંસક માનવી છે *

પહેલા વિશ્વયુદ્ધમાં કુલ ૫૧ લાખથી વધુ માનવી મરાયા હતા, ૧ કરોડ ૨૮ લાખથી વધુ ઘવાયા હતા, ૪૧ લાખથી વધુ કેદ પકડાયા અથવા ગુમ થયા હતા.

બીજા વિશ્વયુદ્ધે તો કરોડો માણસોનો ભોગ લીધો હતો. જેમાં ૨૮ લાખ જર્મનો મર્યા, ૭૫ લાખ રશિયનો મર્યા અને ઘવાયેલાની સંખ્યા કરોડમાં ગણાઇ હતી.

બીજા વિશ્વવિગ્રહ પછી નાગરિકોની વધુમાં વધુ ખુવારી અમેરિકાએ હિંદી ચીનમાં કરી છે. હિટલરે ૬૦ લાખથી વધુ યહૂદીઓને અને બીજા નાગરિકોને મારી નાખ્યા હતા. પાકીસ્તાનના યાહ્યાખાનના લશ્કરે બાંગલા દેશમાં ૧૦ લાખ જેટલા નાગરિકોને મારી નાખ્યા છે અને લશ્કરે સ્ત્રીઓ ઉપર જે અત્યાચારો કર્યા તેના પાશવી હેવાલો સાંભળી રાક્ષસનું હૃદય પણ કંપી ઉઠે.

૨

૦ પાયથેગોરાસ અને જૈનો ૦

‘મા હણો, મા હણો’–હિંસા ન કરો, હિંસા ન કરોની ઉદ્‌ઘોષણા અનાદિકાળથી જૈનધર્મ આપી રહ્યો છે અને આ ઉદ્‌ઘોષણા જગતના ધર્મોએ ઝીલી છે.

ભગવાન મહાવીરસ્વામીથી વીસ વરસ પહેલાં ગ્રીસના મહાન ચિંતક પાયથેગોરાસ ભારતમાં આવ્યા હતા. અહિંસાનો સિદ્ધાંત અને આચરણ તેને અત્યંત પ્રિય લાગ્યા. ભગવાન પાર્શ્વનાથના સાધુઓ પાસેથી તેમને દીક્ષા ગ્રહણ કરી અને ગ્રીસમાં જઇને જૈનધર્મનો પ્રચાર કર્યો. આજ પણ જગતમાં પાયથેગોરાસના અનેક અનુયાયી છે. તેમના સિદ્ધાંત અને માન્યતા જૈનધર્મને મળતા છે. દિગમ્બર પટ્ટાવલીઓમાં પિહિતાશ્રવ (પાંઇથેગોરાસ) નામના સંતનો ઉલ્લેખ મળે છે.

આજે પણ તેમના અનુયાયીઓ નિરપરાધી, નિર્દોષ પ્રાણીઓની હત્યાને તજવા યોગ-હેય માને છે.

ભગવાન મહાવીરસ્વામિના સમયની પહેલાં ગ્રીસમાં જેનો નામનો એક વિચારક થઇ ગયો. બિમારીમાં તેના શરીર ઉપરના ગુમડામાં કીડા પડ્યા. મરણનો ભય હોવા છતાં આ કીડા અહિંસક ભાવથી તેને કઢાવ્યા નહિ. કયારેક કીડા નીચે પડી જાય તો તેને પાછા પોતાને સ્થાને મૂકી દેતો.

પોતાના પ્રાણના ભોગે પણ બીજા જીવોની હિંસા ન થવા દેવાનો ભાવ-અહિંસા ધર્મ ત્યારે પણ પ્રચલિત હતો.

આવા અનેક દૃષ્ટાંતો ઇતિહાસના પાને પડ્યા છે.

૩

卐 સંસ્કારનું સિંચન 卐

જીવનની સાર્થકતા કે નિરર્થકતાનો આધાર બાળકને નાનપણથી કેવા પ્રકારનું શિક્ષણ મળે છે તેના ઉપર છે.

બાળકનું શિક્ષણ સર્વ પ્રથમ ઘરમાંથી શરૂ થાય છે. ઘરમાં જે સંસ્કાર બાળકને પડે છે તેનું આખા ય જીવનમાં મહત્ત્વપૂર્ણ સ્થાન રહે છે.

બાળક જેવું જુએ છે તેવું શીખે છે. માબાપ સાચું બોલવાની બાળકને શીખામણ આપે છે અને પોતે ઘરમાં હોય, કોઇ મળવા આવ્યું હોય તો પોતે જ બાળકને કહે કે 'તું ના કહી દે, કહેજે બહાર ગયા છે, મોડા આવશે.' જે અયોગ્ય વર્તન ન કરવા બાળકને શીખામણ અપાય છે તેવું જ અયોગ્ય વર્તન કરતાં બાળક વડિલોને જુએ છે અને બૂરા સંસ્કારો બાળકમાં પડે છે.

માતા પોતે પોતાના બાળકને સાચવવાને બદલે આયા, ઘાટણ કે નોકરને સોંપે છે અને આ નોકરો તથા નોકરાણીઓ જે અશ્લીલ મશ્કરીઓ કરતા હોય છે, અસભ્ય ભાષા બોલતા હોય છે, બીભત્સ ચેનચાળા થતાં હોય છે તેની

અસર બાળકોના કુમળા મગજ પર તરત પડે છે અને પછી પોતાના બાળકોને અશ્લીલ વર્તન કરતાં કે અપશબ્દો બોલતાં જોઈ માબાપો આશ્ચર્ય પામે છે.

* આરસનો ટુકડો *

આરસના એક બેડોળ ટૂકડામાંથી એક અર્ધનગ્ન સ્ત્રી કોતરવી કે દેવમૂર્તિ કંડારવી તેનો આધાર કારીગર ઉપર છે. નાના બાળકો આરસના ટૂકડાથી કંઇ ગુણા વિશેષ છે. ચારિત્ર્યના પ્રકાશથી ઝળહળતા આધ્યાત્મિક જીવનને પ્રગટાવવામાં આ નાના બાળકોને તેમના માબાપ કે વડિલો પોતે ધારે તો સહાયક બની શકે.

જો તમે વિશ્વાસુ બનશો તો બાળકો તમારામાં વિશ્વાસુ બનશે, જો તમે શંકાશીલ અને ઉદ્ધત થશો તો બાળકો તેવા થશે. અંતરથી બાળકોને તમે પ્રેમ કરશો તો બાળકોનો પ્રેમ પામશો અને બાળકોને જો તમે ધીક્કારશો તો તમારા બાળકો જગતને ધીક્કારતા થઇ જશે. તમે જેવું શીખવશો તેવું બાળક શીખશે.

એક કથા છે. પાંચ વર્ષનો એક બાળક પાડોશીને ત્યાંથી એક ચીજ ઉઠાવી લાવ્યો. મા તેથી રાજી થઇ. દિકરો મોટો થઇને ચોરી કરતાં શીખ્યો. ચીજવસ્તુ લાવી માને આપે અને મા મલકાતી જાય, ચોરી લાવેલી વસ્તુઓ પેટીમાં મૂકતી જાય. દિકરો મોટો થતાં પાકો ચોર થયો.

શહેરમાં ચોરીઓ વધી. લોકોના ઘર લૂંટાવા લાગ્યાં. પ્રજાએ રાજા પાસે પોકાર કર્યો. પોલિસની આંખમાં ધૂળ નાંખી આ પાકો ચોર છટકી જતો, પણ પાપનો ઘડો ફૂટ્યા વિના રહેતો નથી. એક વખત તે ચોરી કરવા ગયો ત્યાં પકડાઈ ગયો. સિપાઈઓએ તેને રાજા સમક્ષ હાજર કર્યો.

૦ ગૂનેગાર કોણ ? ૦

રાજાએ જન્મટીપની સજા ફરમાવી. સજા સાંભળીને આ પાકા ચોરનું હૈયું પણ કંપી ઉઠયું. "આખી જિંદગી જેલમાં ?" આ વિચાર તેને અસહ્ય થઈ પડ્યો.

રાજાને તેને એક વિનંતિ કરી. 'મહારાજ ! મારે મારી માને મળવું છે, મળ્યા પછી મને જન્મટીપ મોકલશો.' રાજાએ એ વાત સ્વીકારી.

પોલિસો બાજુ પર ઉભા હતા, દિકરો માની નજીક ગયો અને તેણે માનું નાક કરડી ખાધું હાહાકાર થઈ ગયો. ત્યારે ચોરે કહ્યું કે, 'મારા આ હાલ થવામાં મારી મા કારણભૂત છે. મને ચોરીના કામમાં શાબાશી આપી મારી માએ ઉત્તેજન આપ્યું છે. કદી મને રોકયો નહિ, કદી મને ચોરીમાં પાપ છે એવું કહ્યું નહિ એટલે મારો ગૂનો છે, એથી મારી માનો ગૂનો વિશેષ છે, નહિતર મારી આ દશા હોત નહિ અને ગામના લોકો આટલા દુઃખી થાત નહિ.'

બાળકોમાં બાલ્યવયથી જે કુસંસ્કારો પડે છે, ઘણે ભાગે મોટી વયમાં તે જતા નથી. એથી માબાપે અને વડિ-

લોએ સમજવું જરૂરી છે કે, નાનપણથી બાળકો પ્રત્યે પૂરતું લક્ષ્ય આપવું જોઇએ, તેમના ચારિત્ર ઘડતર માટે પ્રયત્ન કરવો જોઇએ. નહિ તો અંતે પસ્તાવાનો પાર નહિ રહે.

આજે મોટાભાગના માબાપો અને વડિલો સંતાનો માટે જે જે ફરિયાદો કરે છે તેના મૂળ કયાં છે તે તપાસવું જોઇએ અને તેમાંથી નવી પેઢીના જીવન ઘડતર માટે બોધ ગ્રહણ કરવો જોઇએ.

× મકાઇનો પાક ×

કોન્ફ્યુશિયસ્ ચીનનો મહાન વિચારક થઈ ગયો. એક-વાર એક ખેડૂત મકાઇનો ટોપલો લઈને કોન્ફ્યુશિયસ પાસે આવ્યો અને કહ્યું, 'મારા ખેતરમાં આવી સડેલી મકાઇ પાકી છે! મકાઇનો સારો પાક લેવાની કોઈ ઉત્તમ રીત મને બતાવો!'

કોન્ફ્યુશિયસ્ બોલ્યા, 'જો ભાઈ, સાંભળ! મકાઇનો સારો પાક લેવા માટે ધીરજની જરૂર છે, પ્રયત્નની જરૂર છે. જો સારા શાકભાજી ઉગાડવા હોય તો ખેડૂતે એક મહિના અગાઉથી તૈયારી કરવી પડે. જો સારા ફળવાળું વૃક્ષ ઉછે-રવું હોય તો પાંચ દશ વર્ષ અગાઉથી પ્રયત્ન કરવો પડે અને જો સારા ચારિત્રવાન સંતાન મેળવવા હોય તો તેની શરૂઆત દાદા-દાદી અને નાના-નાનીથી કરવી પડે.

જો તારે મકાઈનો સારો પાક લેવો હોય તો પ્રયત્ન કરીને સારી જાતના મકાઈના બીજ મેળવી લે. આ બીજ

તારી જમીનમાં વાવ. જે મકાઇ ઉગે તેમાંથી ઉત્તમ મકાઈ જુદી તારવીને એનાં બીજ પાછા વાવ. ધીરજપૂર્વક પ્રયત્ન કરીશ, તો ખેતરમાં સરસ મકાઇ પાકશે.'

ખેડૂતે ત્રણ વર્ષ ધીરજ રાખી મહેનત કરી અને ઉત્તમ મકાઇનો પાક થયો.

જો માબાપો અને વડિલો ધારે તો બાળકોના ચારિત્ર્ય ઘડતરમાં ઘણું કરી શકે.

દિકરા પાસે ખોટી આઠ આની આવી જાય અને બાપ કહે, 'મૂરખ, તને કોઈ બનાવી ગયું. હવે બસમાં કે હોટલમાં કયાંક ચલાવી દે તો ખરો માનું!' ખોટા કામ કરાવી દીકરાને ખરો માનવાના સંસ્કાર માબાપ આપે છે. દીકરો ખોટી આઠ આની કોઈને પધરાવી દે તો માબાપ તેની ચાલાકી માટે ગૌરવ લે છે.

'અમારો બાબો પરીક્ષામાં ચોરી કરે પણ પકડાય નહિ.' આવું કહેનારા માબાપ કદાચ ઓછા મળશે પણ આવા સંતાન માટે મનમાં ખુશી થનારા માબાપ ઘણા મળશે.

વિલિયમ ચેનિંગને એક મિત્રે પૂછયું, 'નેપોલિયન જેવો મહાન પુરુષ તૈયાર કરવો હોય તો થઇ શકે ખરો?'

ચેનિંગે કહ્યું, 'અરે, નેપોલિયન તો શુ વિસાતમાં છે! તેનાથી ય ઘણો મહાન મનુષ્ય પણ તૈયાર થઇ શકે. જો કોઈ ચારિત્ર્યસંપન્ન દંપતિ પોતાના સંતાનમાં ધર્મનીતિના

સંસ્કારો દૃઢપણે સ્થાપે. જીવ માત્ર પ્રત્યે પ્રેમનો આદર્શ બાળકમાં કેળવો. જીવનની મુશ્કેલીઓમાંથી જ્ઞાન અને અનુભવ મેળવવાનું શીખવે. લાલચો સામે ટકી રહેવાનું બળ ખીલવે તો તેવું સંતાન નેપોલિયનથી તો ક્યાંય મહાન બને.

* મા–બાપ રૂપી સૂર્ય–ચંદ્ર *

'હું અને મારી બા' નામના પુસ્તકમાં શ્રી સાને ગુરૂજી જણાવે છે કે, 'સૂર્ય ચંદ્રને ખબર નથી કે એના કિરણોનો પશુ, પંખી, માનવી અને વનસ્પતિ ઉપર શી અસર થાય છે, પણ સૂર્ય–ચંદ્રના કિરણોમાંથી સ્વાસ્થ્ય, સૌન્દર્ય અને તાજગી મળે છે. વનસ્પતિ તેનો રસ ગ્રહણ કરે છે. તેજ પ્રમાણે માતા–પિતા બાળકના સૂર્ય–ચંદ્ર છે. જો માબાપનો વ્યવહાર સ્વચ્છ, સતેજ અને પવિત્ર હોય તો બાળકોના સંસ્કાર સોળે કળાએ ખીલે. સૂર્ય પ્રકાશ કે ચંદ્ર કિરણ વિના વનસ્પતિ કરમાઇ જાય એમ માતા–પિતાના સ્નેહ, સંસ્કાર કે મમતા વિના બાળકોના જીવન બિમાર, રસ વગરના કે વિકૃતિવાળા બને છે.

પોતાની મા માટે સાને ગુરુજી જણાવે છે કે, 'અમારી પૈસા અંગેની સ્થિતિ બહુ સામાન્ય હતી. અમને કોઈ ગરીબ ગણે તો અમે વાંધો ન લઇએ, પણ ગરીબ જાણીને કોઇ દયા બતાવવા આવે અથવા અમારામાંથી કોઇ બાળક રૂપિયા પૈસા માટે હાથ લાંબો કરે, તો મારી બાના આત્માને સખ્ત આઘાત લાગતો.

ગરીબ માણુસ પણ મનથી શ્રીમંત બની શકે છે, એમ તે ઘણી વાર કહેતી.

એકવાર ફૂરના એક સગાએ મને આઠ આના વાપરવા આપ્યા. એ આઠ આના લઈને રાજી થતો જ્યારે હું બા પાસે ગયો, ત્યારે એનું મોં એકદમ ઉતરી ગયું, એ બોલી: ‘બસ! પૈસા તેં લીધા જ કેમ? મફત મળે એટલે લઈ લેવું? તને લાંબો હાથ કરતાં શરમ ન આવી?’ શાંત કરૂણાર્દ્ર બાના ચહેરા ઉપર ક્રોધની લાલાશ તરવરી રહી હતી.

‘હું કંઈ ચોરી કરવા નહોતો ગયો, મને આપ્યા ને મેં લીધા.’ ક્ષમા યાચતો હોઉં એમ હું કરગર્યો.

‘ચોરી નહિ તો ભિક્ષાવૃત્તિ! આજે પૈસાનો લોભ વળગ્યો, તો કાલે ચોરી કરતાં કે ભીખ માંગતાં તને સંકોચ નહિ થાય.’ બાએ કહ્યું.

પૈસા કરતાં પણ વૃત્તિની મલિનતા સામે મારી બાનો વિરોધ હતો. એ કહેતી કે, કોઈ ચીજ કે પાઇ–પૈસો મફત આપે તો આપણાથી એ ન લેવાય. આપણે કંઈ ભિખારી કે અનાથ નથી. આજથી જ જો આવું આમ તને લેવાની ટેવ પડે તો સ્વમાનનું સ્થાન રાંકપણું–દીનતા પડાવી લે. માણુસ માત્રમાં સ્વમાન તો જોઈએ.’

અમારા કુમળા હૈયામાં એ સ્વમાનના સંસ્કાર સીંચતી.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ લિંકને કહ્યું છે કે, ‘મારામાં જે કંઈ સારૂં છે તે મારી માતા પાસેથી આવ્યું છે.

૦ શિક્ષણ પદ્ધતિની ખામી ૦

પાંડવોના જીવનમાં જે સ્વાર્થ ત્યાગ, પરોપકાર, કર્તવ્ય પરાયણતા વગેરે સદ્ગુણો હતા, તેનું મુખ્ય કારણ માતા કુંતીએ આપેલા સંસ્કાર હતા.

એક વિચારકે કહ્યું છે કે, 'તમે મને બાળક સોંપો. એની માતા કેવી છે, એ હું એના પરથી તમને કહી આપીશ.'

ફ્રાન્સના શહેનશાહ નેપોલિયને બાળકોને ચારિત્ર્યશીલ બનાવવા માટે કેવું શિક્ષણ આપવું જોઈએ એ વિષયની ચર્ચા કરતાં મેડમ કેમ્પેનને પૂછ્યું: 'તમારા અભિપ્રાય પ્રમાણે આજની શિક્ષણ પદ્ધતિમાં શાની ખામી છે?' એ વિદુષી બાઈએ તરત જ પ્રત્યુત્તર આપ્યો: "માતાઓની!" એ ઉત્તરે શહેનશાહ નેપોલિયન ઉપર ભારે અસર કરી. તેમણે કહ્યું કે, "તમે એક જ શબ્દમાં મારા પ્રશ્નનો સાચો ઉત્તર આપ્યો છે." પોતાના સંતાનોને બરોબર કેળવી શકો એવું શિક્ષણ માતાઓને આપવાની અત્યંત અગત્ય છે."

નેપોલિયનને તેની માતા લેટીશિયાએ ગર્ભાવસ્થામાંથી વીરરસનું, યુદ્ધ સંબંધી શિક્ષણ આપ્યું હતું. નેપોલિયન જન્મ્યો ત્યારે લેટીશિયાએ જે વસ્ત્ર ઓઢયું હતું તેના ઉપર ગ્રીસના તે સમયના વીરપુરુષોના ચિત્રો છાપેલાં હતાં. આ સંસારમાં પ્રથમ શ્વાસ લેતાં જ નેપોલિયને જોયેલાં આ ચિત્રો હતાં.

નેપોલિયન જરા મોટો થતાં વીરપુરુષોની કથાઓ માતા

લેટીશિયા તેની પાસે કરતી, બાળક નેપોલિયનના કોમળ હૃદયમાં નાનપણથી વીરરસના સંસ્કારો પડ્યા હતા.

સુભદ્રાના ગર્ભમાં અર્જુનનો પુત્ર અભિમન્યુ હતો ત્યારે તેને કોઠાયુદ્ધનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું એ કથા મહાભારતમાં પ્રસિદ્ધ છે.

માતા જ્યારે સગર્ભા હોય ત્યારે ધાર્મિક ગ્રંથોનું વાંચન કરવાથી ભાવી પ્રજામાં સંસ્કારનું સીંચન થાય છે તેમાં સંશય નથી.

* ઘર એ મૂંગી શાળા છે *

કલકત્તા હાઈકોર્ટના ન્યાયાધીશ તથા કલકત્તા વિશ્વ વિદ્યાલયના વાઈસ ચેન્સેલર સર ગુરૂદાસ બેનરજીની મહાનતા તેમની માતાએ નાનપણમાં આપેલા શિક્ષણને આભારી હતી.

સર ગુરૂદાસના માતા સોનામણિદેવી ધાર્મિક અને કાર્યદક્ષ હતા. તેઓ માનતા કે બાળકોનો ઉછેર સ્નેહ, મમતા અને પ્રેમભરી વાતચીતથી જેટલો થઈ શકે છે તેટલો કઠોર વર્તણુંકથી થતો નથી. તેઓ કહેતા કે, "કયારે પણ જૂઠી વાત બાળકને કહેવી નહિ. એવું કહેવાથી બાળકોમાં મિથ્યા બોલવાની ટેવ પડી જશે અને બીજા પણ અનેક અનિષ્ટ પેદા થશે."

ઘર એ મૂંગી શાળા છે. બાળકો વડિલો પાસેથી જે શિક્ષણ મેળવે છે તેના મૂળ ઉંડા જાય છે. વિનય, વિવેક, સભ્યતા, સંસ્કાર કે ધર્મ વડે ચારિત્ર્યનું ઘડતર કરવા માટે બીજ રોપવાનો સુયોગ્ય સમય બાલ્યવય છે.

બાળકને જો પ્રયત્નપૂર્વક સારા સંસ્કારો નહિ આપો તો ગંદા સંસ્કારો તેઓ ગ્રહણ કરી લેશે.

પોપટના બે બચ્ચાં ઝાડ ઉપરના એક માળામાંથી એક પારધીએ પકડ્યા. એક બચ્ચું એક વિદ્વાન પંડિતને ત્યાં વેચાયું અને બીજું બચ્ચું એક હલાલને ત્યાં વેચાયું.

જે પોપટ પંડિતને ત્યાં વેચાયો તે વેદની ઋચાઓ બોલવા લાગ્યો અને જે હલાલને ત્યાં ઉછર્યો તે પોપટ બીભત્સ અપશબ્દો બોલવા લાગ્યો. જેવો ઉછેર તેવા સંસ્કાર!

શાળામાંથી બીજા છોકરાનાં પેન્સીલ, રબ્બર કે સંચો બાળક લઈ આવે અને માતા જો તેને છાવરે, ઉત્તેજન આપે ઠપકો ન આપે તો આ બાળક મોટો થતાં પિતાના ગજવામાંથી પૈસા ચોરે, મોટો થતાં ઘરાકને છેતરે કે ભાગીદાર સાથે કે સગાભાઈ સાથે છળપ્રપંચ કરે તો તેમાં શું નવાઈ!

ગોપીચંદે કહ્યું છે કે, 'મારા ત્યાગ અને વૈરાગ્યનું મૂળ મારી માતા મેનાવતી છે.' દાદાભાઈ નવરોજજી વારંવાર કહેતા કે 'મારી માતાએ મારા ઉપર તીક્ષ્ણ નજર રાખી મને ખરાબ લક્ષણોથી બચાવ્યો છે.'

બ્રીટનના મહારાણી મેરીના માતાપિતા ડયૂક અને ડચેસ ઓફ ટેક, કેનસિંગ્ટન રાજમહેલમાં રહેતાં હતાં, ત્યારે બાળકોને ધાર્મિક શિક્ષણ આપવા માટે ખાસ ધર્મગુરુ આવતા. ડચેસ ઓફ ટેક અભ્યાસના ઓરડામાં બાળકોને એકઠા કરતાં, ધાર્મિક અભ્યાસ પૂરો થયા પછી દાનની માગણી

માટે આવેલી અરજીઓ પર ચર્ચા બાળકોની હાજરીમાં થતી. પોતાના છોકરાં ગરીબોનું દુઃખ તથા બીજાઓની જરૂરીયાતો સમજે તે માટે ધર્મગુરુ સાથે ભોજન સામગ્રી લઈ બાળકોને મોકલતાં. ગરીબના બાળકો કેટલાં સંતોષ અને આનંદથી જમે છે તે જોવા માટે સૂચન કરતાં.

૦ આચરણ દ્વારા શિક્ષણ ૦

મહારાણી મેરીના હૈયામાં દયા અને કરૂણાના બીજ નાનપણમાં આ રીતે રોપાયા હતા.

બાલ્યવયમાં મહારાણી મેરી તેમના મા સાથે એકવાર રીચમંડ પાર્કમાં ફરવા ગયા હતા. ત્યાં એક ગરીબ વૃદ્ધા ઝાડ નીચે પડેલા સૂકા લાકડા વીણતી હતી. ઠંડી વિશેષ હતી. વૃદ્ધા થાકી ગયેલી લાગતી હતી. ડચેસ તેની મદદે દોડી ગયા અને લાકડા ભેગા કરવા લાગ્યા. પ્રિન્સેસ મેરી પણ એ કામમાં લાગ્યા. વૃદ્ધાનું કામ ઝડપથી પુરૂં થતાં એને આભાર માન્યો.

કેટલા ય રાજવંશી કુટુંબોમાં બાળકોને સંસ્કારનું સીંચન કરવામાં કાળજી રખાતી. આપણા દેશમાં કોઈ કોઈ શ્રીમંત કુટુંબોમાં બાળકોને કુસંસ્કારો શીખવાડાતા જોઈ ગ્લાનિ થાય છે. અણસમજુ ધનિકો એમ માને છે કે વિનય, વિવેક, આત્મસંયમ, આજ્ઞાપાલન કે સાદાઈ જેવા ગુણો ગરીબો માટે છે. તેમને કે તેમના બાળકોને આવા ગુણોની કંઈ જરૂર નથી.

શ્રી કબીરજીએ કહ્યું છે કે—

બડે ગયે બડપ્પનમેં, રોમ રોમ અહંકાર;
સત્‌ગુરુકે પરિચય વિના, ચારો વર્ણ ચમાર.

પોતાને મોટા માની ધનનો મદ, જાતિનો મદ, જે કોઈ મદ જેનામાં હોય તેના રોમ રોમમાં અહંકાર ભરેલો છે. સદ્‌ગુરુના સંગ વિના નમ્રતા આવે નહિ. અહંકાર જાય નહિ. જેની નજર માત્ર પુદ્‌ગલ ઉપર છે–ધન રૂપી માટી ઉપર છે તે કુંભાર છે અને ચામડા ઉપર છે તે ચમાર છે.

માબાપ અને વડિલોએ બાળકોમાં અભિમાન, ક્રોધ અને આળસ ન આવે તે માટે કાળજી રાખવી જોઈએ અને સહનશીલતા, પોતાના દોષ જોવાની દૃષ્ટિ, બીજાના ગુણની પ્રશંસા કરવી તથા વિનય જેવા સદ્‌ગુણો કેળવાય તે માટે પ્રયત્ન અવશ્ય કરવો જોઈએ.

બાળકોના જીવન ઘડતરમાં માબાપનું કાર્ય સૌથી પ્રથમ છે. ચારિત્ર્ય ઘડતરનો પાયો બાલ્યવયમાં નંખાશે. માબાપે જે સંસ્કારના બીજ નાખ્યા છે તેને ઉગાડવામાં સહાયક બની જીવન સૌરભ પ્રગટાવવાનું કામ ગુરુનું છે. શિક્ષણની પ્રાપ્તિ તો સફલ થાય છે. પરંતુ જીવનનું સાફલ્ય તો પોતાના સમ્યક્ આચરણ વડે જ થઈ શકે અને ત્યારે જ જીવન ઓજસ્ પ્રગટે.

વડિલો પોતાની જવાબદારી સમજે તથા બાળકોમાં ધાર્મિક સંસ્કારોનું સીંચન કરે જેથી ધર્મના માર્ગે આગળ વધી તમારા સંતાનો સુખ અને શાંતિ અનુભવી શકે.

❁ સંપાદકની નોંધ ❁

૧

❋ મત ગુમાવીશ નૂર ❋

સ્વામી રામકૃષ્ણ પરમહંસમાં વૈરાગ્યની જે ઉત્કટ ભાવના હતી તેના સંસ્કાર માતા પાસેથી મળ્યા હતા.

વૃદ્ધાવસ્થામાં પરમહંસના માતુશ્રી ગંગાતીરે વાસ કરવા માટે દક્ષિણેશ્વરમાં કાલીઘાટ પર રહેતા હતા.

એક વખત રાણી રાસમણિને શ્રી પરમહંસના માતાજીના ગુજરાનનો બંદોબસ્ત કરવાનો વિચાર આવ્યો. સમય કાઢી રાણી રાસમણિ પોતાના જમાઈને માથુરબાબુ લઈને શ્રી રામકૃષ્ણ પરમહંસના માતુશ્રી પાસે આવ્યા અને વાતચીતમાં પોતાની ઈચ્છા પ્રગટ કરી.

માતાજી હસી પડ્યા અને બોલ્યાઃ 'અહિં શું નથી? રહેવાનું ઘર છે, ગંગાજીનું સ્નાન છે, કાલી માતાનો પ્રસાદ ભોજન માટે છે, પછી બીજું મારે જોઈએ શું?'

રાણી રાસમણી અને માથુરબાબુ આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયા. જ્યારે બન્નેએ અત્યંત આગ્રહ કર્યો ત્યારે તેઓનું માન રાખવા ખાતર માતાજીએ કહ્યું: 'ઠીક ત્યારે એમ કરો મને બે પૈસાની તમાકુ લાવી આપો એટલે પત્યું!'

માથુરબાબુ બે હાથે વંદન કરી નમીને બોલ્યા: 'આપ-

નામાં આવી નિસ્પૃહતા અને ત્યાગવૃત્તિ છે માટે જ આપના ઉદરમાં શ્રી રામકૃષ્ણ પરમહંસ જેવું અમૂલ્ય રત્ન પાકયું છે.

માતાના સંસ્કાર બાળકોના જીવનમાં ઓતપ્રોત થાય છે. તેથી જ કવિએ કહ્યું છે કે—

જનની જણ તો ભક્તજન,
કાં દાતા કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી,
મત ગુમાવીશ નૂર.

૨

× માનવેન્દ્ર પકવવાનો પ્રયોગ ×

બાળકોના સંસ્કાર સીંચન માટે થયેલા એક વૈજ્ઞાનિક પ્રયોગની અહિં વિચારણા છે.

આ પ્રયોગની શરૂઆતનું શિક્ષણ માતા ગર્ભ ધારણ કરે તેની નવ માસ પહેલાથી થાય છે. આ ત્રણે ય સમય મર્યાદા ખૂબ અગત્યની છે.

૧. ગર્ભધારણ પહેલાના નવ માસ.

૨. ગર્ભ ધારણ અવસ્થાનો સમય.

૩. બાળકના જન્મ પછીના નવ માસ.

આ ત્રણ સમય મર્યાદામાં પૂરતી કાળજી લેવાયા પછી બાળકના અંતર મન તથા બાહ્ય મનના ઘડતર માટે ઉંમ-

રના પ્રથમ સાત વર્ષ મહત્વના છે. ચોક્કસ પ્રકારનું શિક્ષણ ચોક્કસ પદ્ધતિથી પ્રથમ સાત વર્ષમાં અપાય. પછીના સાત વર્ષનો એટલે ચૌદ વર્ષની ઉંમર સુધીનું શિક્ષણ તથા તે પછીના સાત વર્ષ એટલે એકવીશ વર્ષની ઉંમર સુધીનું શિક્ષણ જુદુ જુદુ છે.

આ પ્રયોગની વિસ્તારથી રૂપરેખા કયારેક બીજા લેખમાં આપીશુ.

વિશિષ્ટ માનવી Supermen ને પકવવાની આવી પ્રક્રિયાનો પ્રયોગ જર્મનિમાં ત્યાંના સરમુખત્યાર હિટલરે કર્યો હતો. એક પ્રશ્નપત્રક તૈયાર કરી જર્મનિની શાળાઓમાંથી ખૂબ જ હોંશિયાર છોકરા છોકરીઓને ચૂંટવામાં આવ્યા. તેઓને બર્લિનથી દૂર એક ખાસ સ્થાનમાં ઉછેરવામાં આવ્યા. ત્યાં નિષ્ણાતો તેમને શિક્ષણ આપતાં અને માનસ વૈજ્ઞાનિકો દોરવણી આપતાં. યુવાન ઉંમરના છોકરા છોકરીઓને એક બીજા પર પ્રેમ થતો ત્યારે માનસ વૈજ્ઞાનિકોને જો યોગ્ય લાગે તેવા પાત્રોને પરણાવતા.

પતિ-પત્ની બન્નેના વર્તન, વાણી અને વિચારો માટે કાળજી રખાતી. માતા ગર્ભ ધારણ કરતાં ગર્ભમાં રહેલા બાળકને સંસ્કારો સીંચવાનું કામ શરૂ થતું.

પ્રયોગનો હેતુ આ બાળકોની કાળજી એકવીસ વરસ સુધી લઇ તેમના લગ્ન કરાવી તેમને જે સંતાનો થાય તેના ઉપર પણ આ પ્રયોગ ચાલુ રાખવાનો હતો. સત્તા ઉપર આવીને હિટલરે આ પ્રયોગ શરૂ કરાવેલો. જર્મનિનું પતન

થતાં આવા બાળકો જેમની આવડત, બુદ્ધિમત્તા અસામાન્ય હતાં તેમને બે વિમાનોમાં સ્કેન્જિનેવીઆ મોકલી આપવાનો હિટલરે હુકમ કર્યો હતો. પરંતુ દુર્ભાગ્યે મિત્રરાજ્યોના હલ્લામાં આ બન્ને વિમાનો તૂટી પડતાં આ બધા બાળકો મૃત્યુ પામ્યા હતાં.

કોન્ફ્યુશિયસે ઉત્તમ મકાઇનો પાક લેવા માટે જે વિધિ બતાવ્યો તેવો આ વિધિ છે. પ્રાચીન ભારતમાં બાળકને ષોડશ સંસ્કાર કરવામાં આવતાં તેનું વૈજ્ઞાનિક રહસ્ય પ્રગટ થાય છે.

૩

* બાળકો સાથે કઇ રીતે બોલશો ? *

બાળમાનસના નિષ્ણાતો નાના બાળકો સાથે કેવી રીતે બોલવું જોઈએ તે સંબંધી કેટલીક અગત્યની સૂચનાઓ આપે છે.

૧. બાળકો સાથે કાલુઘેલુ કે તોતલુ કયારે ય ન બોલો. તમે તોતલી ભાષામાં બાળકો સાથે બોલીને તેમને હાનિ કરો છો. તમે બાળકની નકલ કરો એમ બાળક ઇચ્છતું નથી. તમે જે રીતે બોલો છો તે રીતે બોલતાં બાળક શીખશે.

૨. નાના બાળકના ગાલ ખેંચવા, ચૂંટીઓ ભરવી, ધપ્પો લગાવવો, તેની સામે જીભ કાઢવી કે દાંતીઆ કરવા –આવું વર્તન યોગ્ય નથી.

૩. બાળક સાથે મૂર્ખાઈ ભર્યું વર્તન કદી ન કરો.

Dont try to be silly બાળકની સાથે તેને રસ હોય એવા વિષયની વાત કરો, બાળકને ભય લાગે એવી કોઇ વાત કરો નહિ. બાળકની ઉપેક્ષા કરો નહિ. બાળક તમને કોઇ પ્રશ્ન પૂછે, તમે જવાબ ન આપી શકો તો ગપ્પા મારશો નહિ. કાળજીપૂર્વક સભ્યતાથી બાળક સાથે વાત કરો.

૪. બાળકને સંભાળનારા તેના માબાપ કે વડિલો હોય છે. તમે બાળકના ગમે તે સગા થતાં હો, પણ ક્યારે ય બાળકને તેના વડિલોની વિરૂદ્ધનું કંઈ કરવાનું દબાણ ન કરો. 'ભલે તારી બા ચોકલેટ ખાવાની ના પાડે, હું તને આપું છું એટલે ખા !' આમ કહેવાને બદલે 'તારી બાને પૂછીને આ ચોકલેટ ખાજે' એ પ્રમાણે કહો.

૫. બાળક પાસે તેના માતા-પિતા માટે સ્હેજ પણ ઘસાતું ન બોલો. 'તારી મા સારા કપડા તો તને પહેરાવતી નથી, આ અમારી બેબીના કપડા જો.' અથવા 'તારા બાપા ભારે કંજુસ છે. શું ઘરમાંથી તમને કોઇ ફરવા લઈ જતું નથી ?' 'તમારા ઘરમાં અમારા જેવો રેડિઓ છે ? આવું વાજુ છે ?'–આવી વાતો નાના છોકરાઓને ન કહો. તમારા માટેનો તેમનો અભિપ્રાય ખરાબ થશે, અથવા પોતાના માબાપ કે વડિલો માટેનો અભિપ્રાય ખરાબ થશે. બન્ને રીતમાં તમે બાળકનું અહિત કર્યું છે. કોઇનું હિત થયું નથી.

૬. બાળકને ક્યારે પણ ઉતારી ન પાડો. બાળકે ચિત્ર

દોર્યું હોય, નિબંધ લખ્યો હોય, જે કંઇ કર્યું હોય તેમાં ઉત્સાહ આપવા પૂર્વક જે સૂચના આપવા જેવી હોય તે આપો.

૭. ઘણા માણસો પોતાના પરિચિતના બાળકને કહેતા હોય છે કે, 'કેમ અમારે ઘેર આવતો નથી?' અથવા 'અમને તારે ત્યાં જમવા કેમ બોલાવતો નથી?'–આવું ક્યારે ય ન કહો. જે વસ્તુ બાળકના હાથની નથી તે માટે ક્યારે ય તેની ટીકા ન કરો. એવું બાળકને ન પૂછો, જેનો જવાબ તે ન આપી શકે. બાળકને મુંઝવણમાં ન મૂકો.

૮. તમને લાગે કે બાળક રમત રમવામાં એકાગ્ર છે, તમારી તરફ તેનું ધ્યાન નથી અને તમે એને માટે કંઇક વાત કરો છો તો ખ્યાલ રાખજો કે તે સાંભળે છે. તમે બીજી ભાષામાં જો તેને માટે કંઇ બોલો છો તો તે સમજે છે. તમારી વાતચીતનો સાર તેને સમજાય છે. પરંતુ બાળકને ભય લાગે છે કે તેની વિરૂદ્ધ વાત થાય છે. Child feels insecure.

જો મોટાઓ થોડી કાળજી રાખે તો બાળકોનું જીવન ઘડતર સુંદર થઈ શકે.

તમારા બાળકો કે બીજાના બાળકોમાં સંસ્કાર સીંચનની તમારી પણ જવાબદારી છે એ વિચારો એટલી વિનંતિ!

૪
સમતોલવૃત્તિનો સદ્ગુણ

કેટલાય મનુષ્યો વાતવાતમાં પોતાના મગજનો કાબૂ ગુમાવી બેસે છે, ગુસ્સે થઇ જાય છે, લાલ-પીળાં બની જાય છે. જાણે એવું લાગે કે દાવાનળ સળગી રહ્યો છે.

અને સાચું છે કે જ્ઞાની પુરુષોએ જંગલના દાવાનળ કરતાં ય મનના દાવાનળને ભારે હાનિકારક કહ્યો છે.

પૂ૦ શ્રી ઉદયરત્નજી મહારાજે કહ્યું છે કે—

"ક્રોધે ક્રોડ પૂરવ તણું, સંજમ ફલ જાય:
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય.
કડવા ફળ છે ક્રોધનાં.

આગ ઉઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે;
જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પરજાળે.
કડવા ફળ છે ક્રોધનાં.

મગજની સમતોલવૃત્તિ ગુમાવવાથી ભારે નુકશાન છે. મનુષ્યને પાછળથી અત્યંત પશ્ચાત્તાપ કરવો પડે છે, આંસુ સારવા પડે છે, શોષવું પડે છે.

*** બિના બિચારે જો કરે ***

મગજનું સમતોલપણું ગુમાવીને વિના વિચારે બોલવાથી, વર્તવાથી, કંઇ કાર્ય કરવાથી ભારે પસ્તાવું પડે છે.

એક કવિએ કહ્યું છે કે—

બિના બિચારે જો કરે, સો પીછે પછતાય;
કામ બિગારે આપનો, જગમેં હોત હસાય.
જગમેં હોત હસાય, ચિત્તમેં ચૈન ન પાવે;
માનપાન સન્માન, રાગરંગ કછુ ન ભાવે.
કહે ગીરધર કવિરાય, દુઃખ કછુ ટરત ન ટારે;
ખટકત હૈ જીય માંહિ, કીયો જો બિના બિચારે.

અને જેને પશ્ચાત્તાપ થતો નથી તે તો સૌનો અળખામણો બને છે. કોઇને તેની સાથે વાત કરવાનું મન થતું નથી–કયાંક તેના મગજનો પારો ચઢી ન જાય, તેથી કોઈ સારા કાર્યમાં તેને સફળતા મળતી નથી

પોતાનું ધાર્યું થતું નથી, પોતાના મનોરથો સિદ્ધ થતાં નથી, તેથી તે વધું બેચેન બને છે, વ્યગ્ર થાય છે અને વધુ મગજ ગુમાવે છે, પરંતુ પોતાની જાતનું નિરીક્ષણ કરતો નથી, પોતાની ભૂલ શોધતો નથી, પોતાની જાત તપાસતો નથી અને દોષારોપણ બીજા ઉપર કરે છે. શક્તિનો અને સમયનો દુર્વ્યય થાય છે, પરિણામ શૂન્ય આવે છે અને જીવન નિષ્ફલ જાય છે.

○ શેરડીનો સાંઠો ○

સંત મહાત્માઓ વિપરીત અવસ્થામાં પણ મનનું સમતોલપણું જાળવી રાખે છે. ચંડકૌશિક સર્પે ભગવાન મહાવીર સ્વામિને ડંખ દીધા તો પણ એ પરમ ઉપકારી ભગવાને મનનું સમતોલપણું લેશમાત્ર ગુમાવ્યું ન્હોતું.

મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સંત તુકારામના જીવનનો એક પ્રસંગ છે. સંત તુકારામની પત્ની ભારે કર્કશા હતી. તે બાઈ અત્યંત સાંકડા મનની અને કજિયાખોર હતી. સંત તુકારામ પ્રભુભક્તિમાં, ભજન-કીર્તનમાં તથા પરહિતના કાર્યોમાં પોતાનો સમય ગાળતા અને ઘરધંધામાં ધ્યાન આપતા નહિ. એ એને પસંદ ન્હોતું.

એક ખેડૂતે એક દિવસ શેરડીના ઘણા સાંઠા તુકારામને આપ્યા. આ સાંઠા લઇને તુકારામ ઘેરે આવતા હતા. માર્ગમાં અત્યંત ગરીબ ભૂખ્યા માણસો તુકારામને મળ્યા અને યાચના કરવા લાગ્યા.

તુકારામ જેવા સંત આ યાચનાને કઇ રીતે ટાળી શકે! ભૂખ્યા ગરીબો ઉપરની દયાથી તુકારામ દરેકને એક એક શેરડી આપતા ગયા. જ્યારે ઘેર આવ્યા ત્યારે શેરડીનો એક જ સાંઠો તેમની પાસે રહ્યો.

તુકારામની પત્નીને કાને રસ્તાનો બધો વૃત્તાંત પહોંચી ચૂકયો હતો, તુકારામે હાથમાંનો એક જ સાંઠો પત્નીને આપ્યો એટલે એનો પિત્તો ઉકળી ગયો અને ક્રોધના આવેશમાં એ સાંઠો તુકારામના બરડા ઉપર માર્યો.

સાંઠાના બે ટુકડા થઇ ગયા તેથી સંતને કેટલું વાગ્યું હશે તે સમજાય એવું છે. પરંતુ હસીને તુકારામે કહ્યું: "સહધર્મિણીનો ખરો ધર્મ એ જ છે. મેં તને શેરડીનો સાંઠો ખાવા સારૂં આપ્યો, તે તું એકલી કેવી રીતે ખાઇ શકે? માટે સ્વામીને આપવા સારૂં તેં એના ભાંગીને બે કકડા કર્યા!"

આ મગજનું તથા મનનું સમતોલપણું ધન્યવાદને પાત્ર છે.

* જગદ્‌ગુરૂ શ્રી હીરસૂરિજી *

ભોજન સારૂં ન બન્યું હોય, મીઠું-મરચું વધારે પડયું હોય કે ઓછું પડયું હોય અને મગજ ગુમાવી બેસનારાઓ મા-બેન કે પત્ની સાથે ઝઘડો કરનારાઓ તથા ધુંવાકુંવા થનારાઓને નીચેનું દૃષ્ટાંત વિચારવા યોગ્ય છે.

સમ્રાટ અકબરના પ્રતિબોધક જગદ્‌ગુરુ શ્રીમદ્ વિજય-હીરસૂરીશ્વરજી મહારાજના જીવનનો આ નાનકડો પ્રસંગ અત્યંત પ્રેરક છે.

એકવાર પૂજ્યશ્રીના એક શિષ્ય એક ગૃહસ્થને ત્યાંથી ખીચડી વ્હોરી લાવ્યા. એ ખીચડી પૂજ્ય આચાર્ય મહારાજે જ વાપરી. પૂજ્યશ્રીએ આહાર વાપરી લીધા પછી પેલો ગૃહસ્થ જેને ત્યાંથી ખીચડી આવી હતી તે દોડતો દોડતો આવ્યો અને સાધુ મહારાજને કહેવા લાગ્યો: 'સાહેબ! આજે મારાથી એક અત્યંત ગંભીર ભૂલ થઇ ગઈ છે. મને તો ખબર પણ ન્હોતી, પરંતુ જયારે મેં ખીચડી ચાખી

ત્યારે ખ્યાલ આવ્યો કે આ ખીચડીમાં એટલું બધું મીઠું પડી ગયું છે કે જીભ ઉપર પણ મૂકી શકાય તેવું નથી. તો મને ક્ષમા કરો. સાધુઓ સ્તબ્ધ બની ગયા. એ ખીચડી તો પૂજ્ય ગુરુદેવે બધી વાપરી પણ પૂજ્યશ્રી તો એક અક્ષર પણ બોલ્યા નહિ. તેમના મુખારવિંદથી પણ કોઈ જાણી શક્યું નહિ. સહજભાવે તેમને આવી ખારી ખીચડી ખાધી. રસના ઇંદ્રિયને જીતવી એ ભારે કપરું છે. પરંતુ મનનું સમતોલપણું આવા પ્રસંગે જાળવી રાખવું એ વાત સામાન્ય નથી.

× 'ફ્રેંચ વિપ્લવ'ની પ્રેસકોપી ×

પ્રખ્યાત લેખક થોમસ કર્લાઇલે ભારે પરિશ્રમ પછી પોતાના પુસ્તક 'ફ્રેંચ વિપ્લવ'નો પહેલો ભાગ પૂરો કરી જ્હોન સ્ટુઅર્ટ મીલને જોવા માટે આપ્યો.

મીલના ઘરમાં તેની ચાકરડીએ અગ્નિ પેટાવવામાં રદ્દી સમજી આ કાગળો બાળી નાખ્યા. જ્યારે જ્હોન સ્ટુઅર્ટ મીલે તે જાણ્યું ત્યારે તેનો ચહેરો સફેદ પૂણી જેવો થઇ ગયો. કાર્લાઇલને મોઢું શું બતાવવું એ વિચારથી મીલ ધ્રૂજી રહ્યો.

કર્લાઇલને આ વાત કહેતાં કહેતાં મીલના હોઠ ધ્રૂજતા હતા. મીલના ગયા પછી કાર્લાઇલે પત્નીને કહ્યું: 'બિચારો મીલ! ભારે દુ:ખી થઇ રહ્યો છે. આપણું દુ:ખ પ્રયત્નપૂર્વક આપણે તેનાથી છૂપાવવું જોઇએ.'

કર્લાઈલ માટે આ અત્યંત ગંભીર બાબત હતી. એક તો ભાડા વગેરેના બીલ, આ લેખનના પૈસા આવે તેમાંથી ચૂકવવાના હતા. એક પૈસો તેમની પાસે હતો નહિ અને બીજું સખ્ત પરિશ્રમ કરી કાર્લાઈલે આ લેખન પુરૂં કર્યું હતું. તથા એક એક પ્રકરણ લખાઈ રહેતાં તેની નોંધો ફાડી નાખી હતી.

પોતાના દુઃખને ખંખેરીને કાર્લાઇલ ઉભો થયો. નવા કાગળો ખરીદ્યા અને તે દિવસની ડાયરીમાં તેને લખ્યું: 'જાણે મારા અદૃશ્ય શિક્ષકે મેં લખેલી કોપીબુક તેમને બતાવતા તે જોઈ તેના પાના ફાડી નાખતા કહ્યું: 'છોકરા! તારે હજી આનાથી વધુ સારૂં લખવું જોઈએ.'

નિરાશાની ગર્તામાં તમે પડ્યા છો તો તેમાંથી બહાર નીકળો. જો તમે પડી ગયા હો તો બેઠા થાઓ, બેસી રહ્યા હો તો ઉભા થાઓ, થોભી ગયા હો તો ગતિ કરો.

કોઈ પણ સંયોગોમાં મગજનું સમતોલપણું ન ગુમાવો.

૦ ચંડકૌશિકનો પૂર્વભવ ૦

તોલવાના સાધન અનેક પ્રકારના હોય છે. તેને કાંટો કહો કે ત્રાજવું કહો. હિરા તોલવાનો કાંટો કે કોલસા તોલવાનો કાંટો–કાંટા અનેક પ્રકારના હોય છે. એક જ કાંટે સઘળીય વસ્તુઓ નથી તોળાતી, પરંતુ કાંટા પાછળનો નિયમ તેનું સમતોલપણું Balance છે. કાંટાને–ત્રાજવાને અંગ્રેજીમાં Balance કહે છે.

જો હિરા માણેક જેવી કિંમતી વસ્તુમાં રતિભાર વજનનો ફેર હોય તો મોટું નુકશાન થાય, ભારે ખોટ વેઠવી પડે છે. ત્યારે મગજની સમતોલવૃત્તિ ગુમાવવાથી કેવી અવદશા થાય ?

કહ્યું છે કે—

સાધુ ઘણો તપીઓ હતો, ધરતો મન વૈરાગ:
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશીઓ નાગ.
કડવાં ફળ છે ક્રોધનાં.

એક તપસ્વી સાધુ હતા. એક વખતે તે પારણાને માટે ઉપાશ્રયથી બહાર ગયા. માર્ગમાં તેના પગ નીચે એક દેડકી કચરાઇ ગઇ તે જોઇને તેમની સાથેના તેમના શિષ્ય એક નાના સાધુએ ગુરુ મહારાજને આલોચના કરવાં માટે પેલી દેડકી બતાવી. ગુરુએ સમતોલવૃત્તિ ગુમાવી દીધી. ઉલટા શિષ્ય પર ખીજાઇને બીજા લોકોના પગ તળે ચગદાઈને મરેલી દેડકીઓ બતાવીને ગુરુ કહેવા લાગ્યા કે, " અરે ક્ષુલ્લક ! શું આ બધી દેડકીઓ પણ મેં મારી નાખી ? તે સાંભળી તે નાના સાધુ મૌન રહ્યા અને શુદ્ધ બુદ્ધિએ વિચારવા લાગ્યા કે, " આ મહાનુભાવ છે, સાયંકાલે પ્રતિક્રમણ કરતા તેની આલોચના અવશ્ય કરશે. "

પછી પ્રતિક્રમણ વખતે પણ ગુરુએ તેની આલોચના કરી નહિ, ત્યારે નાના સાધુએ ચિંતવ્યું કે, ' ગુરુજી દેડકીની વિરાધના ભૂલી ગયા હશે. ' તેથી તેણે સંભારી આપ્યું કે, આર્ય ? કેમ તમે પેલી દેડકીની આલોચના કરતા નથી ?'

તે સાંભળીને તપસ્વી સાધુને અત્યંત ક્રોધ થયો. અંધારામાં તે નાના સાધુને મારવા દોડ્યા. ક્રોધાંધ થઇને ચાલતાં વચમાં એક સ્થંભ સાથે મસ્તક અફળાઈ જવાથી તે તપસ્વી સાધુ મૃત્યુ પામ્યા. સાધુપણાની વિરાધના કરવાથી તે જ્યોતિષ્ક દેવતામાં ઉત્પન્ન થયા.

ત્યાંથી આયુષ્ય પૂરૂ થયે ચ્યવીને કનકખલ નામના સ્થાનમાં પાંચસો તપસ્વીઓના કુલપતિની પત્નીથી કૌશિક નામે પુત્ર થયા. મોટા થતાં આ તાપસ અત્યંત ક્રોધી હોવાથી તે ચંડકૌશિક નામે પ્રખ્યાત થયો.

પિતાના મૃત્યુ પછી ચંડકૌશિક તાપસોનો કુલપતિ થયો.

મનુષ્ય એકવાર સમતોલપણું ગૂમાવે અને પશ્ચાત્તાપ ન કરે તો વારંવાર મગજ ગુમાવવાની ટેવ પડે, પછી ક્રોધ સાધારણ વાતમાં પણ આવે. પછી ક્રોધ તીવ્ર બને. આ તેનો ક્રમ છે.

આ અત્યંત ક્રોધી ચંડકૌશિક તાપસને પોતાના વન ઉપર ભારે મૂર્છા હતી. આ વનમાંથી સરેલું ફળ કે પાંદડું તે કોઇને લેવા દેતો નહિ અને જો કોઈ લેતું તો કુહાડો લઇને તેને મારવા દોડતો.

એક દિવસ ચંડકૌશિક કોઈ કાર્ય અર્થે બહાર ગયો હતો ત્યારે શ્વેતાંબી નગરીથી આવેલા કેટલાક રાજપુત્રોએ આ વનના ફળ, ફૂલ તોડ્યા. એટલામાં તે પાછો આવ્યો અને ક્રોધથી પ્રજ્વલિત થયેલો હાથમાં તીક્ષ્ણ કુહાડો લઇને

રાજપુત્રોને મારવા દોડ્યો. રાજપુત્રો નાસી ગયા. પગ ચૂકવાથી તે એક ખાડામાં પડી ગયો અને તીક્ષ્ણ કુહાડો તેને પોતાને જ વાગ્યો અને મૃત્યુ પામી તે ચંડકૌશિક દૃષ્ટિવિષ નાગ બન્યો.

એકવાર મગજની સમતોલવૃત્તિ ગૂમાવવાથી થતી પરંપરા તીવ્ર દુઃખ લાવે છે. શાસ્ત્રકારો કહે છે કે, અનંતાનુબંધી ક્રોધ બીજા ભવમાં જીવની સાથે જાય છે. સમજુ મનુષ્યે વિવેકપૂર્વક તીવ્ર કષાયોથી બચવું જોઈએ. જો પોતામાં હોય તો સત્સંગ વડે તેની તીવ્રતા ઓછી કરવી જોઈએ.

* ગાજવીજ પછીનો વરસાદ *

જીવનમાં સફળતા મેળવવા માટે સમતોલપણું અત્યંત અગત્યનું છે. માનસિક સમતોલપણું કેળવ્યા વિનાં જીવનમાં સફળતા પ્રાપ્ત થતી નથી. આજે તો આપણે ઉમેદવારી કર્યા વગર ઉસ્તાદ થવા માંગીએ છીએ. અભ્યાસ કર્યા વગર આપણે જ્ઞાન મેળવવા માંગીએ છીએ.

કોલેરાથી અને પ્લેગથી જેમ આપણે દૂર રહીએ છીએ તેમ મગજ ગૂમાવવાથી દૂર રહેવું જોઈએ.

સોક્રેટીસ કહેતો કે મગજ ગૂમાવવા જેવી મૂર્ખાઈ બીજી એકેય નથી. સોક્રેટીસની પત્ની ભારે કર્કશા હતી. એકવાર પોતાના ઘરમાં શિષ્યો સાથે તે કંઈ ચર્ચા કરી રહ્યો હતો. તેની પત્નીએ આવીને ઝઘડો શરૂ કર્યો. સોક્રેટીસ તો શાંતિથી

શિષ્યોને પોતાની વાત સમજાવી રહ્યો હતો. તેની પત્નીએ મોટા અવાજે વાતમાં વિક્ષેપ પાડવાનું શરૂ કર્યું. ચર્ચા ચાલુ રહી શકે તેવું ન્હોતું એટલે સોક્રેટીસે ઘરનો દાદર ઉતરી શિષ્યો સાથે બહાર જવા માંડયું.

તેની પત્નીથી આ સહન થયું નહિ. ખીજે ભરાઇને તપેલાનું પાણી તેને સોક્રેટીસ તથા તેના શિષ્યો પર રેડયું. મગજનું સમતોલપણું સંપૂર્ણ રીતે જાળવી રાખનારા સોક્રેટીસે માત્ર એટલું જ કહ્યું: 'ભારે ગાજવીજ પછી વરસાદ આવે તેમાં નવાઈ નથી.'

૦ ઓર બકો ૦

આપણે બીજાના બે શબ્દો સહન કરી શકતા નથી. તરત જ મગજ ગરમ થઇ જાય છે. 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ।' એ સૂત્રને વિસરી જઈએ છીએ.

આ પ્રસંગે ઇંદોરનું એક નાનકડું દૃષ્ટાંત યાદ આવે છે. જયારે અમે ઇંદોરમાં ચાતુર્માસ હતા, ત્યારની આ વાત છે. પીપલીવાળા જૈન મંદિરના પાછળના ભાગમાં ઉપાશ્રય છે. નીચે એક કૂવો છે, જયાં લોકો સ્નાન કરે છે.

સ્નાન કરનાર બે વ્યક્તિઓ વચ્ચે કંઈ ઝઘડો થયો. નાની વાતે મોટું સ્વરૂપ લીધું. બે માણસોમાં એક જણ ખૂબ બેફામ બકવાદ કરતો હતો. જયારે સામેનો માણસ "ઓર બકો" "ઓર બકો" માત્ર એટલા જ શબ્દોનો ઉપયોગ કરતો હતો. પેલો વધારે ખીજાતો જાય.

મગજનું સમતોલપણું એકવાર ગૂમાવ્યા પછી પાછું આવતા વાર લાગે છે.

પેલો બકવાદ કરનાર થાકી ગયો. બીચારાનો ઘાંટો દુઃખવા લાગ્યો. લોકોમાં બેવકૂફ બન્યો.

સામો માણસ ગમે તેમ બોલે જાય પણ આપણે જો તેનો જવાબ જ ન આપીએ અને ખામોશ પકડીએ તો એમાં કંઈ આપણને નાનપ નથી લાગતી. ઉલટું પરિ-ણામ સુંદર આવે છે. વ્યવહારમાં પ્રશંસનીય બને છે, પાપ-કર્મો પણ ઓછા બંધાય છે.

સામો માણસ ગાળ દે તેથી કંઈ એ ગાળ આપણને ચોંટી જતી નથી. ગાળ બોલનારનું મુખ બગડે છે. માટે આવા પ્રસંગોમાં સમતોલપણું, સમતા, સમત્વભાવ રાખ-વાની જરૂર છે. સમતાભાવને જેટલો કેળવીશું તેટલી પર-માત્મદશા નજીક આવશે.

સમતોલવૃત્તિનો સદ્‌ગુણ એ સમતાનું પ્રવેશ દ્વાર છે.

સંપાદકની નોંધ

૧

* બદામની મંજરી *

આલ્બેર કામુ કહે છે કે, 'જ્યારે હું અલ્જિયર્સમાં રહેતો હતો ત્યારે આખો શિયાળો ખૂબ ધીરજથી પ્રતીક્ષા કરતો હતો. કારણ કે મને ખબર હતી એક રાતે ફેબ્રુઆરીની એક ઠંડી રાતે–ખીણના બદામના વૃક્ષો સફેદ મંજરીથી છવાઈ જશે અને મારૂં હૃદય આનંદથી ભરાઇ જતું–જ્યારે હું આ સુકુમાર હીમને સખ્ત વર્ષા અને મહાસમુદ્રના પ્રચંડ પવનોનો સામનો કરતાં જોતો. ફળના મૂળ નાખવા માટે એ દરેક વર્ષે આમ જ ટકી રહેતાં."

જીવન વૃક્ષના મૂળ નાખવા માટે પણ માનસિક સમતોલપણું જાળવી વિપત્તિઓ સામે આમ જ ટકી રહેવાનું છે.

દુઃખ આવે આપણે નિરાશ થઇ જઇએ છીએ. માનસિક સમતુલા ગુમાવીએ છીએ. આ અસમત્વ Unbalance દુઃખનો સામનો કરવાની આપણી શક્તિને હણી નાખે છે.

આલ્બેર કામુ કહે છે કે, "જો આપણે મનની કણસવાની ટેવને કાબુમાં રાખીએ, મનની સમતોલવૃત્તિ જાળવી રાખીએ તો મન જરૂર દુઃખની પકડમાંથી મુક્ત થઇ શકે. મનનું અનંત બળ અને મનની વિસ્મય પામવાની શક્તિ જે દબાઈ ગયા છે તેને પ્રગટ થવા દેવા જોઇએ. મનને

નિર્બળ ન જ થવા દેવું જોઇએ. તેથી જડતાની લાગણી આવી જાય છે. ચારિત્રબળના ગુણને ફ્રેડરીક નિત્શેએ આ જડતાની લાગણીનો કટ્ટર દુશ્મન કહ્યો છે. ચારિત્ર બળ જેવા ગુણોની આવશ્યકતા આજ જેવી કયારે ય ન્હોતી."

જીવનની સફળતા માટે ચારિત્રનું ઘડતર ખૂબ જ કામનું છે અને ચારિત્રનું ઘડતર સમતોલવૃત્તિના સદ્‌ગુણ વિના કઈ રીતે થશે!

૫

* સ્યાદ્વાદની સમજણ *

વસ્તુ સ્વરૂપને સમજવા માટે જૈનદર્શને અનેકાન્ત દૃષ્ટિનો સ્વીકાર કર્યો છે. એકાન્ત દૃષ્ટિથી વસ્તુ સ્વરૂપ સમજાતું નથી. વસ્તુમાં અનેક ધર્મો રહેલા છે, તેથી એકાન્ત દૃષ્ટિમાં અનેક અશુદ્ધિઓ આવે છે અને આગ્રહબુદ્ધિ દૃઢ થતાં કદાગ્રહ થાય છે. જયારે અનેકાન્ત દૃષ્ટિથી જ્ઞાન નિર્મળ અને શુદ્ધ બને છે.

જૈનદર્શન વસ્તુ સ્વરૂપને સમજવા માટેની આ દૃષ્ટિને સ્યાદ્વાદ કહે છે.

'સ્યાદ્વાદ' પદમાં બે શબ્દ છે. 'સ્યાત્' અને 'વાદ' 'સ્યાત્' વાસ્તવમાં અવ્યય છે. તેનો અર્થ કથંચિત્ કે કોઇ અપેક્ષાથી અમુક દૃષ્ટિથી એવો છે. 'વાદ' શબ્દ સિદ્ધાંત પદ્ધતિનું નિરૂપણ કે, પ્રતિપાદન કરવું એવો થાય છે. તેથી સ્યાદ્વાદને અપેક્ષાવાદ કે સાપેક્ષ સિદ્ધાંત કહેવામાં આવે છે. આ સિદ્ધાંત જૂદા જૂદા દૃષ્ટિબિંદુઓથી વસ્તુ સ્વરૂપને સમજે છે.

એક વસ્તુ એક અપેક્ષાએ એટલે એક દૃષ્ટિએ એક પ્રકારની છે અને બીજી અપેક્ષાએ એટલે બીજી દૃષ્ટિએ તે જ

સમયે બીજા પ્રકારની જણાય છે. તેથી વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ સમજવા માટે અનેક અપેક્ષાઓને એટલે દૃષ્ટિઓને ધ્યાનમાં લેવી જોઇએ. સ્યાદ્‌વાદને અનેકાંતવાદ પણ કહેવામાં આવે છે.

જૈનદર્શન સ્યાદ્‌વાદને સિદ્ધાંત તરીકે સ્વીકારે છે. સ્યાદ્‌વાદની પદ્ધતિ આપણને એકાંગી વિચાર કરતા અટકાવે છે, કદાગ્રહથી બચાવે છે. તેથી સર્વાંગીણ વિચાર માટે પ્રેરણા મળે છે. સત્યના જૂદા જૂદા પાસાઓથી આપણે પરિચિત થઇએ છીએ. તેથી મન અને બુદ્ધિની વિશાળતા આવે છે. વસ્તુ સ્વરૂપના યથાર્થ દર્શન માટે સ્યાદ્‌વાદ જ એક સંપૂર્ણ પદ્ધતિ છે.

૦ ઢાલની બે બાજુ ૦

એક ગામના પાદરે કોઈ વીર પુરૂષનું પુતળુ ઉભુ કરવામાં આવ્યું હતું.

બે ઘોડેસ્વારો આ પુતળા પાસે થઈને ગામમાં પ્રવેશ્યા. એકે બીજાને કહ્યું કે, 'ગામની રક્ષા કાજે આ નરવીરે પોતાનો પ્રાણ આપ્યો હશે. ગામના લોકોએ તેની સ્મૃતિમાં બહુમાન પ્રગટ કરવા તેની ઢાલને સોનાનો ઓપ આપ્યો છે.'

'ભાઇ, ઢાલ સોનાની નથી પણ રૂપાની છે.' બીજાએ કહ્યું.

'તો શું હું જુઠું બોલું છું?' પહેલો તાડુક્યો અને બોલ્યો, 'ઢાલ તો સોનાની છે પણ તારી આંખે ઝાંખ આવતી લાગે છે.'

'ખબરદાર, જો વધુ બોલ્યો તો! ઢાલ રૂપાની જ છે. તારે આંખો નથી પણ કોડા છે.'

બંને ઘોડેસ્વારો એકબીજા સાથે ઝઘડી પડ્યા. પોતે જ સાચો છે અને બીજો ખોટો જ છે. આવો આગ્રહ રાખતા બંને જણા ગાળાગાળી પરથી મારામારી પર આવી ગયા.

ગામના લોકો વચ્ચે પડ્યા અને ઝઘડાનું કારણ પૂછતાં એકે કહ્યું, 'ગામ બહાર પાદરે જે વીર પુરૂષનું પુતળું છે તેની ઢાલ સોનાથી રસેલી છે ત્યારે આ મૂર્ખ કહે છે કે, રૂપાથી રસેલી છે.'

ભેગા થયેલા લોકો ખડખડાટ હસી પડ્યા. તેમાંનો એક ડાહ્યો માણસ બોલ્યો, ભાઈઓ, તમે નકામો ઝઘડો કર્યો. એ ઢાલની એક બાજુ સોનાથી રસેલી છે અને બીજી બાજુ રૂપાથી રસેલી છે.'

જીવનમાં આપણું પણ આવું જ છે. દરેક ઢાલને બે બાજુ હોય છે, દરેક સીક્કાને બે બાજુ હોય છે, દરેક વાતને બીજી બાજુ પણ હોય છે. આપણે ઢાલની માત્ર એક જ બાજુ જોઈએ તો ન ચાલે. ઢાલની બીજી બાજુ પણ જોવી પડશે.

એક બાજુની અપેક્ષાએ ઢાલ સોનાથી રસેલી છે, બીજી બાજુની અપેક્ષાએ ઢાલ રૂપાથી રસેલી છે.

× વસ્તુ અનંત ધર્માત્મક ×

એક સ્ત્રી તેના પિતાની અપેક્ષાએ પુત્રી છે, તેના ભાઈની

અપેક્ષાએ બેન છે, તેના પતિની અપેક્ષાએ પત્ની છે, તેના પુત્રની અપેક્ષાએ માતા છે. જેની સાથે તેના સારા સંબંધો છે તેની અપેક્ષાએ માયાળુ છે. જેની સાથે તેને અણબનાવ છે તેની અપેક્ષાએ વઢકણી છે.

દરેક વસ્તુ અનંત ધર્માત્મક છે, તેથી માત્ર એક જ દૃષ્ટિકોણથી નિશ્ચિત કરેલું વિધાન એકાંત સત્ય Absolute Truth કઈ રીતે માની શકાય? પ્રત્યેક પદાર્થમાં જૂદી જૂદી અપેક્ષાએ જૂદા જૂદા ધર્મોનો સ્વીકાર કરવો. એક જ વસ્તુમાં દેખાતા જૂદા જૂદા વિરૂદ્ધ ધર્મોનો તે તે અપેક્ષાએ સ્વીકાર એટલે સ્યાદ્‌વાદ છે. એક જ સ્ત્રી માતા પણ છે અને પુત્રી પણ છે. પુત્રીની અપેક્ષાએ માતા છે. પિતાની અપેક્ષાએ પુત્રી છે. એક જ સ્ત્રી પત્ની પણ છે અને બેન પણ છે. પતિની અપેક્ષાએ એ પત્ની છે, ભાઈની અપેક્ષાએ બેન છે, વિરોધી દેખાતા ધર્મોનો અપેક્ષાપૂર્વક સ્વીકાર કરવાનું સ્યાદ્‌-વાદ શીખવે છે.

સ્યાદ્‌વાદ મતમતાંતરના વિરોધો પ્રેમપૂર્વક દૂર કરે છે, વાસ્તવિક અવિરોધને સ્પષ્ટ કરે છે અને નિરર્થક વૈમનસ્યથી મુક્ત કરે છે.

૦ છ અંધ અને હાથી ૦

એક રાજાનો રસાલો એક સ્થાનથી બીજે સ્થાન જતાં માર્ગમાં એક ગામડાની ધર્મશાળામાં થોભ્યો હતો. ગામના લોકો આ રસાલો જોવા એકત્ર થયા હતા. તેમાં છ આંધ-

ળાઓ પણ હતા. તેમણે હાથી વિષે ઘણું સાંભળ્યું હતું, પરંતુ તેમાંના કોઈએ હાથીને કયારે ય 'જોયો' ન હતો. તેથી મહાવતને વિનંતિ કરી કે, 'ભાઈ મહાવત! અમને હાથીને અડકવા દે જેથી હાથી કેવો હોય તે અમે જાણી શકીએ.'

મહાવતે તેમ કરવાની રજા આપી, એટલે છ આંધળાઓ હાથીને તપાસવા લાગ્યા. તેમાં પહેલાના હાથમાં હાથીનો કાન આવ્યો. તેણે કહ્યું, હાથી તો સુપડા જેવો લાગે છે.'

બીજાના હાથમાં હાથીની સૂંઢ આવી. તેણે કહ્યું, 'મને તો સાંબેલા જેવો લાગે છે.'

ત્રીજાના હાથમાં દંતશૂળ આવ્યા. તેણે કહ્યું, 'મને તો એ ભૂંગળા જેવો લાગે છે.'

ચોથાના હાથમાં પગ આવ્યો. તેણે કહ્યું, 'મને તો એ મોટા થાંભલા જેવો લાગે છે.'

પાંચમાના હાથમાં પેટ આવ્યું. તેણે કહ્યું, 'મને તો એ પખાલ જેવો લાગે છે.'

છઠ્ઠાના હાથમાં પૂંછડી આવી. તેણે કહ્યું, 'મને તો હાથી સાવરણી જેવો લાગે છે.'

દરેક આંધળો એમ સમજતો હતો કે પોતાની વાત સાચી છે અને બીજાની વાત જૂઠી છે, એટલે તેઓ એક બીજાને જૂઠા ઠરાવવા લાગ્યા અને એમ કરતાં ભારે વિખવાદ પેદા થયો.

હાથીનો મહાવત આ આંધળાઓની બધી વાત ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો હતો. તે આ પ્રસંગે નજીક આવ્યો અને બધા આંધળાઓને સમજાવીને કહેવા લાગ્યો કે, ભાઈઓ, તમે નિરર્થક તકરાર કરો છો. તમારામાંના કોઈએ હાથીને પૂરો જોયો નથી પણ તેનું એક એક અંગ જોયું છે અને તેના પરથી આખા હાથી વિષે અભિપ્રાય આપવા લાગી ગયા છો, તેથી આ તકરાર ઉભી થઇ છે. હું તો આ હાથીને રોજ જોઉં છું, માત્ર કાન જોઈએ તો સુપડા જેવો લાગે, માત્ર સૂંઢ જોઇએ તો સાંબેલા જેવો લાગે. માત્ર દંતશૂળ જોઈએ તો ભૂંગળા જેવો લાગે. માત્ર પગ જોઇએ તો થાંભલા જેવો લાગે. માત્ર પેટ જોઇએ તો પખાલ જેવો લાગે અને માત્ર પૂંછડી જોઇએ તો સાવરણી જેવો લાગે !' મહાવતે બધી વાતની તેઓને સમજ પાડી. આથી છ આંધળાઓ ચૂપ થઈ ગયા અને પોતાને રસ્તે પડ્યા.

* પ્રમાણ અને નય *

એક જ વસ્તુને જુદી જુદી અનેક અપેક્ષાએ–દૃષ્ટિએ જોઇ શકાય છે અને તે તે અપેક્ષાએ તેનું વર્ણન કરવામાં આવે છે તે સાચું છે, પણ તે પરથી બીજી અપેક્ષા કે દૃષ્ટિને ખોટી કહી શકાય નહિ. તાત્પર્ય કે વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ સમજવા માટે તેની જૂદી જૂદી અપેક્ષાઓને લક્ષ્યમાં લેવી જોઇએ.

આ રીતે વસ્તુને જોતા એમ જ કહેવું પડે કે જગતની હરેક વસ્તુ અનંત ધર્માત્મક છે. અહિં એક વિશેષ ઉદાહરણથી આ વાતને સ્પષ્ટ કરીએ.

એક પુરુષ ક્ષેત્રની અપેક્ષાએ 'આર્ય' કહેવાય છે. વર્ણની અપેક્ષાએ 'વૈશ્ય' કહેવાય છે, જ્ઞાતિની અપેક્ષાએ 'ઓસવાળ' કહેવાય છે, ગામની અપેક્ષાએ 'નાગોરી' કહેવાય છે. પુત્રની અપેક્ષાએ પિતા કહેવાય છે, પિતાની અપેક્ષાએ પુત્ર કહેવાય છે, પત્નીની અપેક્ષાએ પતિ કહેવાય છે, ભગિનીની અપેક્ષાએ બંધુ કહેવાય છે. આમ જુદી જુદી અપેક્ષાએ તેનામાં અનેક ધર્મો સંભવે છે.

પ્રમાણુ વસ્તુના અનેક ધર્મોનો સ્વીકાર કરે છે અને નય વસ્તુના એક ધર્મને ગ્રહણુ કરે છે, પરંતુ એક ધર્મને ગ્રહણુ કરતા હોવા છતાં પણુ નય બીજા ધર્મોનો ન નિષેધ કરે છે, ન વિધાન કરે છે. જો બીજા ધર્મોનો નિષેધ કરે તો તે દુર્નય થઈ જાય છે અને જો વિધાન કરે તો તે પ્રમાણુની કોટિમાં આવે છે.

આ રીતે સ્યાદ્વાદ દૃષ્ટિની વિશાળતા અને હૃદયની ઉદારતા લાવે છે.

૦ દ્રવ્ય ગુણુ પર્યાય ૦

વીતરાગ ભગવંતની આજ્ઞા અનુસાર સર્વ વચન અપેક્ષાપૂર્વક છે.

એક વૃદ્ધ પુરુષની ઉંમર ૭૫ વર્ષની છે. તે વૃદ્ધ પુરુષને ૫૫ વર્ષનો એક પુત્ર છે અને આ ૪૫ વર્ષના મનુષ્યને ૧૫ વર્ષનો એક પુત્ર છે. હવે જો આ ૪૫ વર્ષના મનુષ્યને

બાપ જ કહેવામાં આવે તો તે મિથ્યા વચન છે. કારણ કે પોતાના ૭૫ વર્ષના વૃદ્ધ પિતાની અપેક્ષાએ તે પુત્ર પણ છે. હવે જો આ ૪૫ વર્ષના મનુષ્યને પુત્ર જ છે એમ કહેવામાં આવે તો તે મિથ્યા વચન છે. કારણ કે પોતાના ૧૫ વર્ષની ઉમરના પુત્રની અપેક્ષાએ તે પિતા પણ છે.

ભગવાન કહે છે કે, સર્વ દ્રવ્યો નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. દ્રવ્ય ઉત્પાદ–વ્યય–ધ્રુવયુક્ત છે. એક સોનાની કંઠી ગળાવી નાખી કોઇ તેના કંકણ બનાવે તો તેમાં કંઠીનો નાશ થયો. કંકણની ઉત્પત્તિ થઈ અને સોનું કાયમ રહ્યું. આત્મા દેવગતિમાંથી મનુષ્યગતિમાં આવ્યો અહિં દેવગતિનો વ્યય, મનુષ્યગતિમાં ઉત્પત્તિ અને આત્મદ્રવ્ય, બંનેમાં કાયમ રહ્યું.

સુવર્ણ દ્રવ્ય રૂપે નિત્ય છે, કંઠી અને કંકણ રૂપે અનિત્ય છે, આત્મા દ્રવ્યરૂપે નિત્ય છે, દેવ અને મનુષ્ય પર્યાય રૂપે અનિત્ય છે. આ પ્રકારે એક જ વસ્તુમાં પરસ્પર વિરૂદ્ધ દેખાતા નિત્ય અનિત્ય ધર્મ સાપેક્ષ રીતે સત્ય છે. માટીની અપેક્ષાએ ઘડો નિત્ય છે, તેમાં પરિવર્તન પામતા પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે, આકારની અપેક્ષાએ ગોળ છે. રંગની અપેક્ષાએ કાળો છે. જીવનમાં આ અપેક્ષા દષ્ટિઓની સમજણ એ સ્યાદ્‌વાદ છે.

અપેક્ષાપૂર્વક કથન કરવું અને અપેક્ષાપૂર્વક સમજવું સ્યાદ્‌વાદ શીખવાડે છે. બીજાના દષ્ટિબિંદુઓ જોવાનું, તેમાં સત્યના જે અંશો હોય તે સ્વીકારવાનું સ્યાદ્‌વાદ શીખવે છે.

* સ્યાદ્વાદ સંશયવાદ નથી *

સ્યાદ્વાદનો અર્થ ભૂલેચૂકે પણ અચોક્કસતામાં ન કરવો. 'સ્યાત્' પદનો અર્થ 'કદાચિત્' નથી, 'સંભવતઃ' નથી, સ્યાદ્વાદ વસ્તુ સ્વરૂપની ચોક્કસતા બતાવે છે.

જૈન ધર્મ પ્રત્યેક પદાર્થને અનંત ધર્માત્મક માને છે. જો અનંત ધર્માત્મકતા ન હોય તો કોઈ પદાર્થનું અસ્તિત્વ સંભવતું નથી. પરંતુ એકી સાથે અનેક ધર્મો કહી શકાતા નથી. તેથી બીજા ધર્મોનું વિધાન કે નિષેધ ન કરતાં કોઈ એક ધર્મનું વિધાન કરવું એ સ્યાદ્વાદ છે.

આપણે કહી શકીએ કે અનેકાન્ત વાચ્ય છે અને સ્યાદ્-વાદ વાચક છે.

સ્યાદ્વાદને સમજવાનો જેમને પ્રયત્ન કર્યો નથી તેઓ સ્યાદ્વાદને સંશયવાદ કહે છે અને એવું માને છે કે સ્યાદ્-વાદ અનિશ્ચયની પ્રરૂપણા કરે છે.

શંકરાચાર્યે સ્યાદ્વાદને સંશયવાદ કહી એક ભ્રાંત ધારણા ઉભી કરી છે.

શંકરાચાર્યની આ ધારણા સંબંધી તેમના ગ્રંથોનાં અભ્યાસી પ્રોફેસર હરિભૂષણ અધિકારી લખે છે કે, 'જૈન ધર્મના સ્યાદ્વાદ સિદ્ધાંતને જેટલો ખોટો સમજવામાં આવ્યો છે, તેટલો અન્ય કોઈ પણ સિદ્ધાંતને નહિ. શંકરાચાર્ય પણ આ દોષથી મુક્ત નથી. તેઓએ પણ આ સિદ્ધાંત પ્રત્યે

અન્યાય જ કરેલ છે. તે વાત અલ્પજ્ઞ પુરુષોને ક્ષમ્ય હોઇ શકતી હતી, પણ જો મને કહેવાનો અધિકાર હોય તો હું ભારતના આ મહાન વિદ્વાન માટે તો અક્ષમ્ય જ કહીશ. જો કે હું આ મહર્ષિને ઘણા આદરની દૃષ્ટિથી દેખું છું. એવું જણાય છે કે, તેમણે આ ધર્મના મૂળ શાસ્ત્ર-ગ્રંથોના અધ્યયનની પરવા ન કરી.'

સ્યાદ્‌વાદ સંશયવાદ નથી. સ્યાદ્‌વાદ સત્યજ્ઞાનની ફૂંચી છે.

० વચન સાપેક્ષ વ્યવહાર સાચો ०

જીવનમાં જેને સ્યાદ્‌વાદ પચાવ્યો છે તેનામાં સહનશીલતા આવે છે, સમતા કેળવાય છે.

પૂ૦ શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીએ કહ્યું છે કે—

સ્યાદ્‌વાદ પૂરણ જે જાણે,
નયગર્ભિત જસ વાચા:
ગુણ પર્યાય દ્રવ્ય જો બુજે,
સોઇ જૈન હૈ સાચા.
પરમ ગુરૂ! જૈન કહો કયું હોવે?

જે સ્યાદ્‌વાદી છે તે હંમેશાં સત્યનું આલંબન લેનારો હોય, તેનું વચન સાપેક્ષ હેતુપૂર્વકનું હોય, હિતકારી હોય, મંગલમય હોય, તેનામાં હૃદયની વિશાળતા હોય, ગુણગ્રાહિતા હોય. કયારે ય નિરપેક્ષ વચન પોતે બોલે નહિ.

પૂ૦ શ્રી આનંદઘનજી મહારાજે ચૌદમા તીર્થંકર શ્રી અનંતનાથ ભગવાનની સ્તવના કરતા કહ્યું છે કે—

વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ,
સાંભળી આદરી કાંઇ રાચો.
ધાર તલવારની સોહિલી–દોહિલી:
ચૌદમા જિન તણી ચરણ સેવા.

નિરપેક્ષ વચનનું ફળ સંસારનું ભ્રમણ છે. માટે ક્યારે પણ નિરપેક્ષ વચન ન કહેવું.

સ્યાદ્વાદ વડે બીજાઓના દૃષ્ટિબિંદુને સમજવાનો પ્રયત્ન કરવાથી એકબીજાની ભ્રમણા દૂર થાય છે, નિરર્થક વિરોધ વિવાદનો અભાવ થાય છે અને સમત્વભાવનો વિકાસ થાય છે.

સ્યાદ્વાદના સિદ્ધાંતને બરાબર સમજવામાં આવે તો વસ્તુના સાચા સ્વરૂપને જાણી શકાય છે. વિશ્વ કેવું છે? તેમાં કયા દ્રવ્યો રહેલા છે? તેનો સ્વભાવ કેવો છે? વગેરે બાબતોનું યથાર્થ જ્ઞાન સ્યાદ્વાદથી મળે છે.

જગતના મહાન વિદ્વાનો સ્યાદ્વાદને પોતાનું મસ્તક નમાવે છે અને ઘોષણા કરે છે કે—

'જૈનધર્મે જગતને આ એક અપૂર્વ વસ્તુ આપી છે. તેનું રહસ્ય બરાબર સમજવામાં આવે તો બધા મિથ્યાવાદોનો અંત આવે અને વિશ્વ બંધુત્વની ભાવના પૂર્ણ રૂપે પ્રકાશે.'

સ્યાદ્વાદની સમજણ વડે જ જીવનની સફળતા છે.

❀ સંપાદકની નોંધ ❀

૧

✱ કોણ દયાપાત્ર? ✱

એકવાર એક તત્ત્વજ્ઞાની એક ભંગીને સફાઈ કરતા જોઈ રહ્યો હતો. તત્ત્વજ્ઞાનીએ પેલા ભંગીને કહ્યું: 'તારૂં કામ કપરૂં છે. કપરૂં તો ઠીક, પણ ઘણું ગંદું છે. મને તારી દયા આવે છે!'

ભંગીએ ઉંચું જોઈ પૂછયું: 'મહેરબાન! મારા માટેની તમારી આ દયા માટે હું માથું નમાવી તમને નમું છું. પણ તમે શું કામ કરો છો?'

તત્ત્વજ્ઞાનીએ મસ્તક સ્હેજ ઉંચું કરી ગર્વથી જવાબ વાળ્યો: 'અલ્યા! મારૂં કામ તું શું સમજે? હું તો મનુષ્યના મનની ક્રિયાઓનો અભ્યાસી છું.'

ભંગીએ જવાબ આપ્યો નહિ. સફાઈનું કામ કરતાં કરતાં તે ધીમેથી એટલું જ બોલ્યો: 'મને પણ તમારી દયા આવે છે!'

૨

૦ મંથન ક્રિયા ૦

પૂ૦ શ્રી સિદ્ધસેન દિવાકરે તેમના મહાગ્રંથ 'સન્મતિ તર્ક'માં કહ્યું છે કે—

'જેના વિના લોકનો વ્યવહાર નિવડતો નથી એવા ત્રણ ભુવનના એક માત્ર ગુરુ અનેકાન્તવાદને નમસ્કાર હો.'

'પુરૂષાર્થ સિદ્ધયુપાય' માં પૂ૦ શ્રી અમૃતચન્દ્રાચાર્ય કહે છે કે—

એકેનાકર્ષન્તી શ્લથયન્તી,
વસ્તુ તત્ત્વ મિતરેણ ।
અન્તેન જયતિ જૈની,
નીતિર્મન્થાનનેત્રમિવ ગોપી ।।

જે પ્રકારે દહિનું મંથન કરી માખણ કાઢતી ગોવાલણ જ્યારે એક હાથે રસ્સી ખેંચે છે ત્યારે બીજા હાથે રસ્સી ઢીલી મૂકે છે, પરંતુ રસ્સી છોડી દેતી નથી. પછી બીજા હાથે રસ્સી ખેંચે છે, ત્યારે પહેલા હાથની રસ્સી શિથિલ કરે છે. આ પ્રમાણે આકર્ષણ અને શિથિલીકરણની ક્રિયાઓ વડે દહિના સારભૂત તત્ત્વને પ્રાપ્ત કરે છે. અનેકાન્ત એક દૃષ્ટિને મુખ્ય કરી બીજાને ગૌણ કરે છે અને આ પ્રક્રિયા દ્વારા તત્ત્વજ્ઞાન રૂપી અમૃત પ્રાપ્ત કરાવે છે.

જર્મન વિદ્વાન પ્રો. હર્મન્ જેકોબી કહે છે કે—

"જૈન ધર્મના સિદ્ધાંત પ્રાચીન ભારતીય તત્ત્વજ્ઞાન અને ધાર્મિક પદ્ધતિઓના અભ્યાસીઓ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. સ્યાદ્વાદ વડે સર્વ સત્ય વિચારોના દ્વાર ઉઘડી જાય છે.'

૩

* સ્યાદ્‌વાદની સૂક્ષ્મતા *

મેવાડના રાજર્ષિ યોગી ચતુરસિંહજીએ કહ્યું છે કે—

બાહર કહે સો બાવરા,
અંતર કહે અજાણ;
બાહર અંતર ઉપરે,
ઉધા અલખ પીછાણ.

એક અનુભવીનું વચન છે કે—

"હૈ" કહે તો હૈ નહિ,
"નહિ" કહે તો હૈ;
"હૈ" ઔર "નહિ" કે બિચમેં
જો કુછ હૈ સો હૈ.

૪

० નિર્ગ્રન્થ પ્રવચનની શ્રેષ્ઠતા ०

સ્યાદ્‌વાદમય જિનવાણી મોક્ષનો માર્ગ સ્પષ્ટ દર્શાવે છે.

જેઓ રાગ-દ્વેષ રહિત છે, બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ રહિત છે, તેમના પ્રવચન માટે શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે—

'ઇણમેવ નિગ્ગંથે પાવયણે સચ્ચે, અણુત્તરે, કેવલિએ પડિપુણ્ણે, ણેઆઉએ સંસુદ્ધે સલ્લગત્તણે,

સિદ્ધિમગ્ગે, મુત્તિમગ્ગે, નિવ્વાણમગ્ગે, નિજ્જાણમગ્ગે, અવિતહમવિસંધિં, સવ્વદુક્ખપ્પહીણમગ્ગે, ઇત્થંઠિઆ જીવા સિજ્ઝંતિ, બુજ્ઝંતિ, મુચ્ચંતિ, પરિણિવ્વાયંતિ, સવ્વદુક્ખાણમંતં કરેંતિ ।'

આ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય છે, ઉત્તમ છે, કેવલજ્ઞાનીથી પ્રરૂપેલા હોઈ સંપૂર્ણ અને પરિપૂર્ણ એટલે જ્ઞાન અને ગુણથી ભરેલા છે. ન્યાયયુક્ત છે. સર્વ પ્રકારે શુદ્ધ નિષ્કલંક છે, શલ્યને કાપનાર છે, સિદ્ધિનો માર્ગ છે, સર્વ કર્મથી રહિત થવાનો મુક્તિમાર્ગ છે, નિર્વાણ માર્ગ છે, કર્મ તાંપ નિવારી શીતળતા પામવાનો માર્ગ છે, પૂર્વાપર સંદેહ રહિત છે, વિરોધ રહિત છે, સર્વ દુઃખનો આત્યંતિક ક્ષય કરવાનો માર્ગ છે, આ માર્ગને વિષે રહેલા જીવો સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, સર્વ પ્રકારે નિર્વાણ પામે છે અને સર્વ પ્રકારના દુઃખનો અંત કરે છે.

૬

આત્મગ્લાનિનું વિષ વર્તુલ

જે મનુષ્ય પોતાનાં દુઃખદર્દને જ સારા ય વિશ્વનું મધ્ય-બિંદુ માનીને સતત રોદણાં રડે, એનાથી વધારે દયાપાત્ર બીજું કોઈ નથી. આવા મનુષ્યોને તમે મળો તો તેઓ પોતાના જ દુઃખની વાત કર્યા કરતાં હોય.

હિરોશીમા કે નાગાસાકી પર બૉમ્બ પડે તેનું દુઃખ તેમને ન હોય, પણ પોતાનો દાંત દુઃખતો હોય તો તેમના રોદણાં સાંભળી તમારૂં માથું દુઃખવા આવે. આવા માણસો દુઃખોનું પોટલું માથે લઇને ફર્યા જ કરતા હોય. તમે તેમની સાથે વાત કરો કે તરત પોતાના સાચા કે કાલ્પનિક દુઃખોને એટલું મોટું સ્વરૂપ આપે કે તેમની આત્મગ્લાનિથી તેઓ બીજાની સહાનુભૂતિ પણ ગૂમાવી દે!

* દુઃખને બોલાવો નહિ *

પ્રોફેસર યુંગ કહે છે કે તેમની પાસે જેઓ માનસ ચિકિત્સા માટે આવે છે તેમાંથી ત્રીજો ભાગ આવા સદા ય સોગિયા રહેતા લોકોનો જ હતો.

આવા લોકો દુઃખનું આકર્ષણ કરે છે. દુઃખને બોલાવે છે, પોતે દુઃખી બને છે તથા બીજાને દુઃખી બનાવે છે.

એક ગ્રીક કહેવત છે કે, 'માણસ જેવું વિચારે તેવો તે થાય છે.' તમારા વિચારો જ તમને સુખી બનાવશે અથવા તમને દુઃખી બનાવશે. તમારી ભાવનાઓ જ તમને ઘડે છે અને તમને ભાંગે છે. જો તમે જીવનની ઉજ્જવળ બાજુ જોશો તો પ્રેરણા આપનારૂં તમને ઘણું મળી રહેશે.

સેનેકાએ કહ્યું છે કે, 'માત્ર પોતાના જ દુઃખનો વિચાર કર્યા કરવામાં મનુષ્યને કાંઇ લાભ થતો નથી. એથી તો એ પોતે જ હીન બનવાનો, તેની શક્તિઓ ઘટવાની અને પછી પોતાના માનવ બંધુઓ તરફ પણ એનામાં એક નફરત પેદા થવાની અને પોતે દુઃખ વધારવાનો.'

આવી આત્મગ્લાનિનો પાયો સ્વાર્થ છે. જે મનુષ્યો પોતાના દુઃખનો અફસોસ કરવામાંથી જો ઉંચા ન આવતા હોય, તેઓ બીજાના દુઃખનો તો વિચાર જ કરી શકતા નથી અને સ્વાર્થનું વર્તુલ તો હંમેશા ટુંકાતુ જ જાય છે.

જો આત્મગ્લાનિમાંથી તમારે નીકળવું હોય તો સ્વાર્થના ટૂંકા વર્તૂલમાંથી બહાર આવો. તમારાથી જે વધુ દુઃખી છે તેમનો વિચાર કરો, તેમની અનુકંપા કરો, તેમની પ્રત્યે દયા કરો.

૦ બીજા માટે પ્રાર્થના કરો ૦

ફ્રાંસમાં લૂર્દ નામનું કેથેલિક ધર્મનું એક તીર્થસ્થાન

છે. દર વરસે લાખો બિમારો અહિં આવે છે અને શ્રદ્ધા ભક્તિથી તેમાંના ઘણા સાજા થઈને જાય છે. ડોકટરો જે દરદો ન મટાડી શકયા હોય તેવા દરદો લૂર્દમાં મટ્યાના દાખલા નોંધાયા છે.

ફ્રાન્સની સરકારે કેટલાક વરસો પહેલા વૈજ્ઞાનિકોની એક કમિટિ આ બાબતની તપાસ કરવા મોકલી હતી, તેમાં મુખ્ય ડોકટર નોબલ પુરસ્કાર પ્રાપ્ત ડૉ. એલેકસીસ કેરલ હતા. તેમણે સ્વીકાર્યું છે કે, દઢ શ્રદ્ધામાં કોઇક અચિન્ત્ય શક્તિ રહેલી છે. જેને અર્વાચિન વિજ્ઞાન હજી સમજી શકતું નથી.

લૂર્દમાં મુખ્ય વાત એ છે કે આવનારા બિમારો પોતાને માટે નહિ પરંતુ બીજાઓને માટે પ્રાર્થના કરે છે.

જો સ્વાર્થના વિષ વર્તૂલમાંથી મનુષ્ય બહાર નીકળે, પોતાના દુઃખના રોદણા રડવાના છોડી દે, અધિક દુઃખી પર દયા કરે તો "દયા ધર્મ કો મૂળ હૈ" માટે પોતે અવશ્ય દુઃખ મુક્ત થશે.

તમારી કમાણી ઓછી છે? તો જેઓ બેકાર છે તેમને માટે તમે પ્રાર્થના કરો, તમને કોઈ બિમારી થઈ છે? તો લાખો મનુષ્યો દીનદુઃખી અવસ્થામાં આંધળા, અપંગ, નિરાધાર, અસહ્ય વેદનાથી પીડાય છે તેમને માટે પ્રાર્થના કરો. તમારૂં ઘર નાનું છે? એકાદ ઓરડીમાં તમે અગવડતાથી રહો છો? તો કરોડો માણસો જેઓ ઝુંપડામાં રહે છે,

અરે! જેમને ઝુંપડું ય નથી અને ઉપર આભ તથા નીચે ધરતી છે, તેમને માટે તમે પ્રાર્થના કરો.

માત્ર પ્રાર્થના કરીને અટકી જવાનું નથી. તમે મન, વચન, કાયાથી તેમને માટે શું કરી શકો એમ છો, તે કરવાનો પ્રયત્ન કરો.

× પગરખા વગર ચાલશે ×

વિચારોને સ્હેજ નવો વળાંક આપવાથી તમે તમારા દુઃખને હળવું કરી શકશો, આત્મગ્લાનિમાંથી બચી જશો.

એ વાત તમે કદી ભૂલશો નહિ કે, તમારા કરતાં દુઃખી મનુષ્યો અનેક છે.

એકવાર એક નોકરને શેઠના કામે ભર ઉનાળાની બપોરે જવું પડયું. નોકર પાસે બૂટ કે ચંપલ હતા નહિ. જમીન એટલી બધી તપેલી હતી કે તેના તળીયા દાઝી ગયા. પોતાની ગરીબીને લીધે તેને પોતાની જાત ઉપર અત્યંત તિરસ્કાર આવ્યો.

તેણે માર્ગમાં જોયું કે, સડકની બાજુમાં એક માણસને પડેલો જોયો. તેના બંને પગ કપાઇ ગયેલા હતા.

પેલો નોકર ભગવાનને મનમાં જ પ્રાર્થના કરવા લાગ્યો કે, 'હે પરમ કૃપાળુ પરમાત્મા! તારો અત્યંત આભાર માનું છું કે મને ભલે પગરખાં પ્રાપ્ત ન થયા પણ મારા બંને પગ સાબુત છે.'

આ વિચારથી તેની દીનતા ઓગળી ગઇ, આત્મગ્લાનિ ચાલી ગઇ.

આપણાથી જેઓ અધિક ખરાબ સ્થિતિમાં છે તેમનો વિચાર માત્ર દુઃખને દૂર કરશે અને ભારે કપરી સ્થિતિમાંથી હિંમત જાળવી, શ્રદ્ધા રાખી જેઓએ મહાન સિદ્ધિઓ મેળવી છે તેમના જીવન પ્રસંગો આપણને પ્રેરણા આપશે.

નીચેની અરબ દેશની કહેવત યાદ રાખવા જેવી છે. 'મારે પગરખા નથી એ દુઃખ કોઇના કપાયેલા પગ જોઉં છું, ત્યારે દુઃખ જ નથી લાગતું.'

* બિચારો આંધળો *

મનુષ્ય દીનહીન બની જાય, ચોરાશી લાખ જીવયોનિમાં પોતે શ્રેષ્ઠ છે એ ભૂલી જાય, ચિંતામણી રત્નથી વધારે મૂલ્ય· વાન માનવભવ પોતાને મળ્યો છે એ સત્ય વિસરી જાય. આથી વિશેષ કરૂણાજનક શું છે?

જો તમારે દીન બનવું હોય તો પરમાત્માની સામે બનો. આંસુ સારવા હોય તો જેનામાં અનંત કરૂણા ભરી છે એવા પ્રભુ પાસે આંસુ સારો.

એક અંધની દયા ખાતા કોઇકે કહ્યું: 'બચારો આંધળો છે!' આ શબ્દો સાંભળી પેલા અંધ ભાઇ બોલ્યા: 'અંધ છું', પણ બિચારો નથી. આ દેહ પાછળ જે સાચો 'હું' છે, તેને તો આ અંધત્વ બિચારૂં સ્પર્શી પણ શકયું નથી.

દયા ખાવી હોય તો જે બિચારા છતી આંખે આંધળા છે, તેમની ખાઓ, કરૂણા કરવી હોય તો જેઓ અજ્ઞાન અને મોહથી અંધ છે તેમની કરો.

દરેકના હૃદયમાં આ સત્ત્વ રહ્યું છે. તેને પ્રગટવા દો.

સુપ્રસિદ્ધ મનોવૈજ્ઞાનિક આલ્ફ્રેડ એડલર કહે છે કે, 'પ્રત્યેક મનુષ્યમાં કોઇ એવી અદ્દભૂત મનઃશક્તિ રહેલી છે જે કોઈ પણ હાનિને લાભમાં પલટાવી દે. તમારામાં રહેલી આ મનઃશક્તિને જગાડો.

દીનતા છોડી સામર્થ્ય પ્રગટાવો. કાદવ ન જૂઓ. કાદવમાં ઉગેલા કમળને જૂઓ. વાદળા ન જૂઓ, વાદળા પાછળના સૂર્યને જૂઓ. કાંટા ન જૂઓ, કાંટા પાછળના ગુલાબને જૂઓ.

તમારા જીવનની પરિસ્થિતિ કેવી છે? તમને શું સંયોગો પ્રાપ્ત થયા છે? કેવા વાતાવરણમાં તમે મૂકાયા છો? શું બન્યું છે એ વાત મહત્વની નથી. જે કંઇ બન્યું, જે કંઇ પ્રાપ્ત થયું તે તમે કેવી રીતે સ્વીકાર્યું, કર્મપ્રકૃતિના પડકારને તમે કઇ રીતે ઝીલ્યો તે મહત્ત્વનું છે. પડી ગયા તે નહિ પણ ઉભા થઇને તમે ધૂળ ખંખેરી નાખી તે મહત્ત્વનું છે.

○ ચિત્તની પ્રસન્નતા ○

ચીનમાં એક પ્રચલિત કહેવત છે. તેનો ભાવાર્થ છે કે, 'જે મનુષ્ય પ્રસન્ન ન રહી શકે તેને ભૂલેચૂકે દુકાન ન ખોલવી.'

જીવનની સફળતા માટે પ્રસન્ન રહેવું અગત્યનું છે.

તમારા મોઢા પર મંદ સ્મિત છે કે ઉદાસીનતા છે તે તપાસતા રહો. ગમગીનીમાં તમે ડૂબ્યા રહેશો તો ચારે બાજુથી ગમગીનીને સહાયક આંદોલનો આવતા રહેશે. દુઃખના સમયમાં પણ પ્રસન્ન રહો. દુઃખ સામે પણ સ્મિત કરો. પ્રતિકૂળ પ્રસંગોમાં પણ હિંમત રાખો.

પૂ૦ શ્રી આનંદઘનજીએ કહ્યું છે કે, 'ચિત્ત પ્રસન્ને રે, પૂજન ફલ કહ્યું.'

પરમાત્માની પૂજાની ફલ ચિત્તની પ્રસન્નતા છે અને સાત્ત્વિક ચિત્ત પ્રસન્નતા વડે જ પ્રભુ પૂજાનું પરમ ફલ મોક્ષ પ્રાપ્ત થાય છે.

પ્રસન્નતા તથા ઉદાસીનતા બંને ચેપી છે. તમે પ્રસન્ન હશો તો આસપાસનું વાતાવરણ પ્રસન્ન થઇ રહેશે. તમે ઉદાસીન છો તો તમારી આજુબાજુ ઉદાસીનતા છવાઈ જશે. કયારે પણ ન ભૂલો કે પ્રસન્નતા પ્રકાશ છે, ઉદાસીનતા અંધકાર છે.

જો તમે તમારી દીનતા ફગાવી દેશો તો આ ઉદાસીનતા ચાલી જશે.

* વિકટર હ્યુગો *

ઇંગ્લીશ ખાડીમાં આવેલા જર્સી ટાપુ પર સાગર કિનારે એક જરીપુરાણો શેવાળ બાઝેલો બાંકડો પડ્યો છે. આશરે એક સૈકા પહેલા ફ્રાન્સના મહાન સાહિત્ય સ્વામી વિકટર

હ્યુગો સુપ્રસિદ્ધ નવલકથા 'લા મિઝરેબલ' ના લેખક રોજ સાંજે આ બાંકડા પર આવી બેસતા. માંદા, પોતાની પ્રિય માતૃભૂમિ ફ્રાન્સથી હડધૂત થયેલા, દેશનિકાલ પામેલા હ્યુગો અસ્ત થતાં સૂર્યને જોઇ રહેતા. ઉંડા ચિંતનમાં ડૂબી જતા. પછી હળવેથી ઉભા થઇ એકાદ છીપલું ઉપાડી જોરથી દરિયામાં ફગાવી દેતા અને તેમના ચહેરા પર પ્રસન્નતા છવાઈ જતી. આ પ્રમાણે રોજ થતું.

એકવાર કોઇએ હિંમત કરીને પૂછયું: 'મોંશ્યુ, તમે છીપલાં શા માટે ફગાવો છો?'

વિકટર હ્યુગોએ જવાબ આપ્યો: 'બેટા, હું છીપલાં નથી ફગાવતો! મારી દીનતાને દરિયામાં ફગાવી દઉં છું.'

આજે આપણે દીનતાના છીપલાં ભેગા કરીએ છીએ. ગમે તેટલાં સુખ, સગવડ કે લાભ આપણને મળતાં હોય તો પણ આપણે દુઃખ રોઇએ છીએ, દીનતા ગાઈએ છીએ. પ્રસન્ન ચિત્તે જે આપણને પ્રાપ્ત થયું છે તે માટે પરમાત્માનો ઉપકાર આપણે કયારે ય માન્યો છે? કૃતજ્ઞતા અનુભવી છે?

જો આવી રીતે આપણે જીવતા હોઇએ તો આ આપણી સ્વાર્થ મનોવૃત્તિ છે.

* આત્માની અનંતશક્તિ *

એડવર્ડ હેઇલે કહ્યું છે કે, 'કેટલાક માણસો ત્રણ પ્રકા-

રની ચિંતાઓનો બોજો માથા પર રાખે છે. જે ચિંતાઓ તેમના પર વીતી છે તે. જે ચિંતાઓ અત્યારે તેમના માથે છે તે, જે ચિંતાઓ કદાચ ભવિષ્યમાં આવે એવું તેઓ કલ્પે છે તે. આટલા ભારે બોજાથી તેઓ ચગદાઈ ગયા હોય છે.'

જો જીવનની સફળતા પ્રાપ્ત કરવી હોય તો કોઈ પણ પ્રયત્ને આવી હીનતામાંથી બહાર નીકળવું પડશે. આત્મ-ગ્લાનિના વિષચક્રનો ભંગ કરવો પડશે.

મનુષ્યની પ્રગતિના બે મોટા દુશ્મન શંકા અને ભય છે. દીનતાના અંધકારમાં એ બંને જન્મે છે અને જો તમે તેને વશ થશો તો આત્મગ્લાનિનું વિષચક્ર સબળ બનતું જશે.

ફરિયાદો કરવાનું, દોષ જોવાનું અને દોષ કહેવાનું તમે બંધ કરો. જો જીવનમાં સફળતા મેળવવી હોય તો સંજોગો સામે બબડાટ કરવાનું સત્વર બંધ કરો. તમારા સંયોગો તમારી પ્રગતિમાં સહાયક છે એમ માનો અને સહાયક બની શકે એ રીતે એને ઉપયોગમાં લો અને તો જ તમને તમારામાં જે અનંત શક્તિઓ અને અપાર શક્યતાઓ ભરેલી પડી છે તેની ઝાંખી થશે.

સનત્કુમાર ચક્રવર્તીએ છ ખંડનું રાજ્ય છોડી દીક્ષા ગ્રહણ કરી. કર્મના ઉદયથી અનેક રોગ તેમને થયા. તેઓ કર્મ ખપાવવા ઉગ્ર તપ કરવા લાગ્યા. રોગો તો વધી રહ્યા હતા.

દેવલોકમાંથી દેવો મહાત્મા સનત્કુમારને વંદન કરવા આવ્યા.

તેઓએ મહાત્માને કહ્યું કે, 'જો આપ આજ્ઞા આપો તો અમે આપને રોગમુક્ત કરવા ઈચ્છીએ છીએ.'

મહાત્મા સનત્ કુમારે પોતાનું થૂંક પરૂવાળી આંગળી ઉપર લગાડતા તે સુવર્ણ જેવી થઇ ગઈ. આ ઔષધ તો મારી પાસે પણ છે.

મહાત્માએ કહ્યું: 'પણ જો તમે ભવરોગથી મુક્ત કરી શકતા હો તો ઇલાજ કરો!'

મસ્તક નમાવી દેવો બોલ્યાઃ 'ભગવન્! અમે પણ ભવ-રોગથી પીડા પામી રહ્યા છીએ.'

આપણે નિત્ય એ ભાવના કરીએ કે આવી ખુમારી ક્યારે આપણામાં આવે!

સંપાદકની નોંધ

૧

○ કલેશ રહિત મન તે ભવપાર ○

નાનકડા એક માટીના દીવાને કોઈકે પૂછયું: 'તું કયારનો જલે છે. હવે તારૂં તેલ તો ખૂટી જવા આવ્યું. હવે શું કરીશ ?'

દીવાએ કહ્યું: 'મારૂં તેલ ભલે ખૂટી જાય, તેલ તો કયારેક ખૂટવાનું જ અને જાત પણ ભલે જલી જાય. કયારેક તો જાત જલવાની જ. પણ પ્રકાશ આપી શકયાનો મને સંતોષ છે.

જે પ્રકાશ આપે છે, તેનું જીવન સફળ છે. આપણા અંતરમાં જે દિવ્ય પરમાત્મ તત્ત્વ બીરાજે છે, તેનો અનુભવ લઈએ તો અંધકાર દૂર થાય છે.

સતત પ્રસન્ન રહો. કારણ કે, કલેશથી ભરેલું મન સંસારમાં ભ્રમણ કરાવે છે અને કલેશથી રહિત મન પ્રકાશ પ્રગટાવે છે. પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું છે કે—

'કલેશે વાસિત મન સંસાર,
કલેશ રહિત મન તે ભવપાર.'

૨

* બર્નાડ શૉનું ગામ *

એક પત્રકારે જ્યોર્જ બર્નાડ શૉને એકવાર પૂછ્યું: 'મહાશય! એયોટ સેંટ લોરેંસ જેવા નાના ગામડામાં તમે સ્થાઈ વસવાટ શા માટે રાખ્યો?'

શૉએ પ્રત્યુત્તર આપ્યો: 'હું આ ગામડામાં શા માટે વસ્યો છું તે તમારે જાણવું છે? તો સાંભળો. એકવાર ફરતા ફરતા હું અહિં આવી પહોંચ્યો અને એક કબર પાસેથી પસાર થતાં મારી નજર કબર ઉપરના પથ્થર પર પડી. તેમાં લખ્યું હતું—

મેરી એન સાઉથવર્થ

જન્મ ૧૮૧૫, મૃત્યુ ૧૮૯૫.

ભગવાન તેને સદ્ગતિ આપો. આટલી નાની વયમાં તેનું મૃત્યુ થયું.

શૉએ કહ્યું: 'મને થયું જો એંસી વર્ષ આ ગામવાળાની દૃષ્ટિમાં અલ્પ છે, તેમને માટે આ નાની વય છે, તો મારે અહિં જ વસવું.'

૩

૦ પુષ્કલ ફુરસદ ૦

અમેરિકાની શિકાગો વિદ્યાપીઠે કરેલા એક સંશોધનથી એવું જણાયું છે કે, માણસે જો મનથી તંદુરસ્ત અને શારી-

રથી કંઇને તંદુરસ્ત રહેવું હોય તો કંઇ કામના રોકાણમાં રહેવું જોઇએ. જે માણસ પાસે પુષ્કલ ખાલી સમય હોય તેના મન અને શરીરનું સ્વાસ્થ્ય ઝડપથી બગડે છે, રોગનો સામનો કરવાની તેની શક્તિ ઘટે છે અને કોઇ રોગ લાગુ પડ્યાનો તેને આભાસ થાય છે, પછી સાચે જ રોગ થાય છે.

વિજ્ઞાન આ દિશામાં જેમ વધુ સંશોધન કરશે, તેમ સત્ક્રિયાના લાભ-શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક સમજાતા જશે.

પુષ્કલ ખાલી સમય વ્યક્તિને શંકા તથા ભયમાં લઈ જાય છે, આત્મગ્લાનિના વિષ વર્તૂલમાં તેને ધકેલે છે. તમારો સમય કંઇને કંઈ શુભ કાર્યમાં ગાળો.



૭

✻ ધર્મનો મર્મ ✻

ઉપકારી શાસ્ત્રકાર ભગવંતો 'ધર્મ' કોને કહેવાય તે જણાવે છે.

વચનાદવિરુદ્ધાદ્યદનુષ્ઠાનં યથોદિતમ્ ।
મૈત્ર્યાદિ ભાવ સમ્મિશ્રં, તદ્ધર્મ ઇતિ કીર્ત્યતે ॥

અવિરુદ્ધ એટલે પરીક્ષિત વચન રૂપ આગમને અનુસરતી, આ લોક પરલોકમાં હિતકર, હેય ભાવોને તજવાની અને ઉપાદેય ભાવોને આદરવાની જે પ્રવૃત્તિ તેને 'ધર્મ' કહે છે.

કષ, છેદ અને તાપ વડે જેમ સુવર્ણની પરીક્ષા થાય છે તેમ પરીક્ષિત વચન, જે અવિરુદ્ધ છે, રાગ-દ્વેષ અને મોહથી રહિત એવા શ્રી જિનેશ્વર દેવોનું છે, જે એકાંત હિતકર છે તેને અનુસરતી તજવા યોગ્ય ભાવોના ત્યાગની અને ગ્રહણ કરવા યોગ્ય ભાવોના આદરની પ્રવૃત્તિ તે ધર્મ છે.

ક્યાંય પણ આવું સત્ય વચન મળે તો તે વચન શ્રી જિનેશ્વરદેવોનું જ કહેલું છે. કારણ કે અવિરુદ્ધ-સત્ય વચનનું મૂળ શ્રી તીર્થંકર દેવો જ છે.

શ્રી ઉપદેશપદ ગાથા ૬૯૪ માં કહ્યું છે કે—

સવ્વપ્પવાય મૂલં, દુવાલસંગં જઓ જિણક્ખાયં ।
રયણાગરતુલ્લં ખલુ, તો સવ્વં સુંદરં તંમિ ॥

જે કારણથી જિન કથિત રત્નાકર-સમુદ્ર તુલ્ય શ્રી દ્વાદશાંગી જ સર્વ પ્રવાદોનું મૂલ છે, તે કારણથી જે બધું સુંદર છે, તે તેમાંનું જ છે.

હે ભગવંત! સર્વ દર્શનો તમારા દર્શનમાં સમાઇ જાય છે. સમુદ્રમાં જેમ સર્વ નદીઓનાં જલ હોય છે, તેમ સર્વ દર્શનોનાં અવિરૂદ્ધ-સત્ય વચનો સર્વજ્ઞના આગમમાં મળે છે. આથી અન્ય દર્શનકારોના જે અવિરૂદ્ધ-સત્ય વચનો મળી આવે છે, તે સઘળા શ્રી જિનેશ્વર ભગવંતના આગમ સમુદ્રના બિંદુઓ રૂપ છે.

*** ચાર ભાવના ***

આગમ વચનને અનુસરતું જે અનુષ્ઠાન તે ધર્મ.

આ ધર્મ અનુષ્ઠાન મૈત્ર્યાદિ ભાવો સહિત હોવુ ઘટે કારણ કે જો હૃદયમાં મૈત્રી આદિ ભાવો ન હોય તો બાહ્ય અનુષ્ઠાન ગમે તેવું હોય પણ તે ધર્મ કઇ રીતે બનશે?

જો હૈયામાં મૈત્ર્યાદિ ભાવો ન હોય તો મનુષ્ય ગમે તેટલી ધર્મક્રિયા કરે પણ વૈરભાવ જતો નથી. વૈરભાવ દૂર કરવા માટે મૈત્રીભાવ જરૂરનો છે. પોતાનામાં સદ્‌ગુણો પ્રગટાવવા માટે ગુણાનુરાગ-ગુણનો રાગ-પ્રમોદભાવ જરૂરનો છે,

જો ગુણ પ્રત્યે રાગ ન હોય તો ગુણ આવે નહિ અને પોતે ગુણી બની શકે નહિ. જેના હૈયામાં કરૂણા છે, બીજાના દુઃખની લાગણી છે તે મનુષ્ય દુઃખના કારણ રૂપ પાપથી બચવાનો પ્રયત્ન કરશે. જે પાપીને સુધારવાનો કોઇ ઉપાય નથી. તેની પ્રત્યે ક્રોધ ઈર્ષા કે દ્વેષ ન કરતાં માધ્યસ્થ ભાવ ધારણ કરનાર આત્મા સમતાભાવ કેળવી શકશે.

મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ આ ચારે ભાવનાઓ ધર્મની પ્રથમ ભૂમિકા રૂપે છે. દરેક મનુષ્યે પોતાના જીવનમાં આ ભાવનાઓ લાવવા પ્રયત્ન કરવો જોઇએ.

પરહિત ચિન્તા મૈત્રી,
પરદુઃખ વિનાશીની તથા કરૂણા ।
પર સુખ તુષ્ટિર્મુદિતા,
પર દોષોપેક્ષણ મુપેક્ષા ॥

અન્ય જીવોના હિતની ચિંતા કરવી એ મૈત્રી ભાવના છે. અન્યનાં દુઃખો ટાળવાની ભાવના એ કરૂણા ભાવના છે. અન્ય જીવો સુખ પામે તેમાં સંતોષ પામવો એ પ્રમોદ ભાવના છે. પરના દોષોની ઉપેક્ષા કરવી એ માધ્યસ્થ ભાવના છે. ચિત્તના સંક્લેશને ટાળવા માટે આ ભાવનાઓ વારંવાર ભાવવી.'

આ ભાવનાઓને અવશ્ય મોક્ષફળની પ્રાપ્તિ કરાવનાર ધર્મ રૂપ કલ્પવૃક્ષના મૂળ તરીકે શાસ્ત્રોએ જણાવી છે,

શાસ્ત્રમાં કહ્યું છે કે—

સત્ત્વેષુ મૈત્રીં ગુણિષુ પ્રમોદં,
ક્લિષ્ટેષુ જીવેષુ કૃપાપરત્વમ્ ।
મધ્યસ્થભાવં વિપરીત વૃત્તૌ,
સદા મમાત્મા વિદધાતુ દેવ! ॥

હે દેવ! મારો આત્મા નિરંતર જગતના સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવને, ગુણી આત્માઓ પ્રત્યે પ્રમોદભાવને, દીન-દુઃખી જીવો પ્રત્યે કરૂણાભાવને અને પાપી જીવો પ્રત્યે મધ્યસ્થ ભાવને ધારણ કરો, એમ હું આપની પાસે પ્રાર્થના કરૂં છું.

* સૂક્ષ્મ બુદ્ધિથી ધર્મ જાણવો *

પૂ૦ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે 'અષ્ટક પ્રકરણ' માં કહ્યું છે કે—

સૂક્ષ્મબુદ્ધ્યા સદા જ્ઞેયો, ધર્મો ધર્માર્થિ ભિર્નરૈઃ।
અન્યથા ધર્મબુદ્ધ્યૈવ તદ્વિઘાતઃ પ્રસજ્યતે ॥

ધાર્મિક પુરુષોએ ધર્મને હંમેશાં વિવેકબુદ્ધિ વડે વિચારવો નહિ તો (બિમારને ઔષધ આપવાનો અભિગ્રહ ગ્રહણ કરનાર, જો કોઇ બિમાર ન મળે તો શોક કરનાર અભિગ્રહધારીની માફક) ધર્મબુદ્ધિ દ્વારા પણ ધર્મનો વિઘાત થાય છે.

કોઇ એક મનુષ્યે ચાતુર્માસ દરમિયાન જે સાધુ સંત

બિમાર પડે તેમને ઔષધ આપવાનું નક્કી કર્યું, પરંતુ કોઈ બિમાર પડયું નહિ. તેથી તે મનુષ્ય અફસોસ કરવા લાગ્યો કે, 'અહો, હું અધન્ય છું. મને ઔષધ આપવાનો કંઈ લાભ મળ્યો નહિ.

પરમ ઉપકારી મહર્ષિઓએ 'દુર્ગતિમાં પડતા પ્રાણીને ધારી રાખે' અને સ્વર્ગાદિ સુગતિમાં ધારણ કરે (એટલે પહોંચાડે)' તેને ધર્મ કહ્યો છે.

'ધર્મવાદ અષ્ટકમાં' કહ્યું છે કે—

પંચૈતાનિ પવિત્રાણિ સર્વેષાં ધર્મચારિણામ્ ।
અહિંસા સત્ય મસ્તેયં ત્યાગો મૈથુન વર્જનમ્ ॥

દરેક દર્શનની અપેક્ષાએ મોક્ષમાં ઉપયોગી હોય અને ધર્મના સાધન સ્વરૂપ હોય તે ધર્મવાદનો વિષય છે. અહિંસા સત્ય, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય આ પાંચે ય સર્વ ધર્મવાળાઓને માટે પવિત્ર છે.

આ પાંચે ય વ્રતો દરેક ધર્મમાં પોતપોતાની દૃષ્ટિએ વાસ્તવિક રીતે કયાં ઘટી શકે છે અને કયાં નહિ તેનો જ ધાર્મિક પુરુષોએ તત્ત્વથી–પરમાર્થ વિચાર કરવો.

* નિયમ પાલન *

આપણી સંસ્કૃતિનું મૂળ ધર્મ છે. આધ્યાત્મિક જીવન એ આપણું મુખ્ય લક્ષ્ય છે. તેથી આપણી સર્વ પ્રવૃત્તિઓનું કેન્દ્ર ધર્મ જ છે. આ ધર્મના મર્મને આપણે સમજવો પડશે,

આજે ભૌતિકવાદને મહત્વ આપનારો વર્ગ ધર્મની હાંસી ઉડાવે છે, મશ્કરી કરે છે, ધર્મનો વિરોધ કરે છે. તેઓ ધર્મના મર્મને જાણતા નથી તેથી ધર્મ પ્રત્યે હસે છે. આપણે તેમના પ્રત્યે ક્રોધ કરીએ કે તેમનો તિરસ્કાર કરીએ તે વ્યાજબી નથી.

આપણે પોતે સમ્યક્ ધર્મનું યથાયોગ્ય પાલન કરીએ છીએ કે નહિ તે જોવું પડશે, તપાસવું પડશે, શોધવું પડશે.

ધર્મ જીવનમાં પાલન કરવા માટે છે. માત્ર વાતો કરવા માટે નથી, આચરણમાં ઉતારવા માટે છે. માત્ર ચર્ચાઓ કરવા માટે નથી.

શ્રી ત્રિલોકાચાર્ય બ્રહ્મદેશના માંડલે શહેરના બૌદ્ધ વિહારના આચાર્ય હતા. ત્યાંના યમનિયમ ઘણાં કડક હતા. નિયમ પાલન માટે આચાર્ય ખૂબ તકેદારી રાખતા. કોઇ ભિક્ષુ મોડો ઉઠતો તો આચાર્ય એને તરત કહેતા:

'આ માંડલે શહેરમાં નાની નાની છોકરીઓ પરોઢિયે ઉઠીને તમારે સારૂં રાંધી રહી છે અને તે અન્ન ઉપર જીવનારા તમે હજુ ઘોરો છો? શરમ નથી આવતી તમને?'

મોડા ઉઠનારે આશ્રમના બધા ઝાડોને પાણી પાવું એવો તેમને નિયમ બનાવ્યો હતો.

એક દિવસ ત્રિલોકાચાર્ય પોતે પાણી પાવાનું કાર્ય કરી રહ્યા હતા. ધર્માનંદ કોસંબીએ એમને પૂછ્યું:

'ગુરુજી! આજે આપ આ કામ કેમ કરો છો?'

'હું મોડો ઉઠ્યો હતો તેથી.' સરળભાવે આચાર્યે જવાબ આપ્યો.

'પણ આ નિયમ તો વિદ્યાર્થીઓને લાગુ પડે છે, આપને લાગુ પડતો નથી.' ધર્માનંદ કોસંબીએ કહ્યું.

તરત જ આચાર્યશ્રીએ પ્રત્યુત્તર વાળ્યો. 'આયુષ્યમાન્! આપણે જે કાયદા કરીએ છીએ તે કંઈ તોડવા સારૂ કરતા નથી. સારા કાયદાઓને માન આપીને આપણે ચાલીએ તો અવશ્ય આપણી ઉન્નતિ થાય છે.'

નિયમના પાલન માટે નિયમ કરનારની જવાબદારી વધું છે, તેમ ધર્મના પાલન માટે પોતાને ધર્મી કહેવરાવનારની જવાબદારી વધુ છે.

* ધર્મની હાંસી *

દર્શન, વંદન, પ્રાર્થના, જપ, પૂજા, સામાયિક આ બધી ક્રિયાઓ મહત્વની છે. પરંતુ તમે માત્ર બાહ્યપણે આ ક્રિયાઓ કરો, તેનો મર્મ સમજો નહિ, સમજવાનો પ્રયત્ન કરો નહિ અને પોતાને ધાર્મિક માનો તથા મનાવો ઉપરાંત તમારૂં જીવન અપવિત્ર રાખો તો ધર્મની હાંસી થાય તેમાં દોષ કોનો?

એક માણસ સામાયિક પ્રતિક્રમણની દ્રવ્ય ક્રિયા માત્ર કરે અને તેનું મન મેલું હોય, હૃદયમાં વૈરભાવ ભરેલો હોય તો દોષ કોનો?

કોઇ વ્યક્તિ દર્શન પૂજન કરે અને અનાજમાં ભેળસેળ કરે તથા દવાઓ બનાવટી વેચે, પોતાને ધાર્મિક ઓળખાવે એટલે લોકો વધુ વિશ્વાસ રાખે અને પોતે વધુ કપટ કરે–આ મોટો ગુન્હો છે.

ધાર્મિક ક્રિયાઓ પથ્થર જેવા કઠણ બનેલા હૃદયને નિર્મલ બનાવવા માટે છે. ચિત્તને કોમળ બનાવવા માટે છે. અંતઃકરણને પવિત્ર બનાવવા માટે છે. વાણીના સદુપયોગ માટે જીભ તથા કાનને કેળવીને નિરર્થક વાતો, કુથળી, પરનિંદા, અસત્યથી બચાવી આત્મપ્રશંસા કરવાથી કે સાંભળવાથી મુક્ત થવાનું છે. જીભ અને કાનનો સદુપયોગ ગુણ તથા ગુણીનું બહુમાન કરવામાં અને હિતકારી ધર્મવચન સાંભળવામાં કરવાનો છે. ધાર્મિક ક્રિયાઓ મન, વચન અને કાયા ત્રણેયને પોતાના સાધન બનાવે છે.

શાસ્ત્રોના શ્લોકો તમને મુખપાઠ હોય પણ જો અંતરમાંથી વિષય કષાય ઓછા ન થયા હોય, ક્રોધ, મોહ, ઇર્ષા, અદેખાઇ, કામ, લોભ ન ઘટ્યા હોય તો જરૂર સમજવું કે આ મુખપાઠે રહેલા શ્લોકો હજી અંતરને સ્પર્શ્યા નથી.

જેમ પાકશાસ્ત્રના પુસ્તકો વાંચવાથી રસોઇ બનાવતા ન આવડે, સર્જરીના શાસ્ત્રો વાંચી સર્જન ન બની શકાય, પાણીમાં તરવા સંબંધી ગ્રંથોના અધ્યયનથી તરતા ન આવડે, તેવી જ રીતે શાસ્ત્ર વાંચન માત્રથી ધાર્મિકતા આવી જતી નથી.

ધાર્મિકતા કેળવવા માટે જાતને કેળવવાની છે, શાસ્ત્રવચનો અમલમાં મૂકવાના છે, જીવનને પવિત્ર બનાવવાનું છે.

ધર્મ મનુષ્યને નમ્ર બનાવે છે. ધર્મનો પાયો સદ્‌ગુણો ઉપર રચાયો છે. ધર્મમાં આચરણનું મહત્વ છે. ગુણવૃદ્ધિ તથા ચારિત્ર વિકાસ પ્રત્યે બેદરકાર રહી માત્ર વિધિવિધાન કરવામાં ધર્મ નથી.

* ગરીબનો વિશ્વાસ *

આશરે સાઠ વરસ પહેલાની રાજસ્થાનની આ ઘટના છે. એ જમાનો ઉંટ અને ઘોડાનો હતો.

રામગઢના શેઠ શ્રી વૃદ્ધિચંદજી પાસે એક પવનવેગી ઉંટ હતું. રાજસ્થાનમાં એ ઉંટ વખણાતું. શેઠજી પોતાના બચ્ચાની જેમ ઉંટની સંભાળ રાખતા.

પ્રસિદ્ધ ડાકૂ બદનસિંહની દાનત ઉંટ લઈ જવાની હતી. તેની કોઈ યુક્તિ ફાવી નહિ.

ઠંડીની ઋતુ હતી. ઉંટ ઉપર શેઠ એકલા એક ગામથી બીજે ગામ જતા હતા. થોડે દૂર જતા એક નિર્જન સ્થાનમાં રસ્તાની બાજુએ એક બિમાર વૃદ્ધ ઠંડીથી ધ્રુજતો પડ્યો હતો. ઉંટ પર જતા શેઠને હાથ જોડી તે કરગરવા લાગ્યો, "બાજુના ગામમાં જતો હતો, રસ્તામાં તાવ ચઢી ગયો છે. આપ કૃપા કરી મને ત્યાં પહોંચાડો."

શેઠની ઉદારતા જાહેર હતી. તેમને ઉંટને બેસાડી બિમાર વૃદ્ધને ઉંટ પર લઈ લીધો.

થોડે દૂર જતા શેઠજીને પાછળથી જોરથી ધક્કો લાગ્યો

અને ઉંટ પરથી નીચે પડ્યા. રેતીના ઢગલા પર પડ્યા તેથી સખત વાગ્યું નહિ. શેઠે જોયું કે, બિમારીનો ઢોંગ કરનાર તો ડાકૂ બદનસિંહ હતો. ઉંટ ચાલે જ નહિ.

શેઠે કહ્યું: 'ભાઈ, ભગવાનની ખાતર તું કોઇને કહેતો નહિ કે આવું કપટ કરીને ઉંટ લીધું છે. નહિ તો રસ્તે જતા લોકો ગરીબનો કે અપંગનો વિશ્વાસ કરશે નહિ. મનુષ્યની સદ્‌વૃત્તિ હણાઈ જશે. તું કહેજે કે મેં તને આ ઉંટ ભેટ આપ્યું છે.'

શેઠ વૃદ્ધિચંદજીને મન ઉંટ ગયાનો અફસોસ ન્હોતો, પણ જો આ જાણીને રસ્તે જતા લોકો ગરીબનો કે અપંગનો વિશ્વાસ કરે નહિ તો પરાર્થવૃત્તિ–બીજાનું હિત કરવાની ભાવના નાશ પામે તે વાતની વેદના હતી.

૦ સાચી ધાર્મિકતા ૦

જ્યાં સાચી ધાર્મિકતા છે ત્યાં ભય, દ્વેષ કે ખેદ નથી. કોઈ પણ પ્રકારના પ્રલોભન તેને લલચાવી શકતા નથી. સાચા ધર્મીમાં ચિત્તની પ્રસન્નતા ઉભરાતી હોય છે. અંતરનો આનંદ ઉછળતો હોય છે. તેના સત્સંગ માત્રથી નજીક રહેલા મનુષ્યમાં ભય અને ચિંતા રહેતા નથી. તેનું સાન્નિધ્ય વૈર રહિત બનાવે છે. ક્રૂર હૃદયના નરાધમને પણ અસર થાય છે.

ડાકુ બદનસિંહ ઉંટ લઇ ગયો પણ શેઠના શબ્દોએ તીરની માફક તેના હૈયાને આરપાર વીંધી નાંખ્યું અને ઉંટ

પણ શેઠનું વફાદાર પ્રાણી હતું. શેઠ તો તેને પોતાના બચ્ચાની જેમ રાખતા. ઉંટની પવનવેગી ચાલ મંદ થઈ ગઈ.

ડાકુ બદનસિંહનું હૈયું વલોવાઇ રહ્યું હતું. શેઠના નિખાલસપણાએ એક ઉંટ જેવા પ્રાણી ઉપર અસર કરી હતી અને પોતે તો મનુષ્ય હતો.

થોડા દિવસ પછી એક રાત્રે ઉંટ પર બેસી ડાકુ બદનસિંહ શેઠ વૃદ્ધિચંદજીને ઘેરે આવ્યો. તેને શેઠને કહ્યું: 'શેઠજી! તમારૂં ઉંટ પાછું આપવા આવ્યો છું. આપ પોલિસને સમાચાર આપો અને મને પકડાવી દ્યો.'

શેઠ બોલ્યાઃ 'ભાઇ બદના! તું ભૂખ્યો લાગે છે! ભોજન કરી લે!' શેઠ વૃદ્ધિચંદજીના સમાગમથી ડાકુ બદનસિંહ પલટાઇને 'સંત બદનો' બન્યો. રાજસ્થાનમાં સંત બદનાના ભજનો પ્રખ્યાત છે.

ભગવાને કોઇ કાર્યનું એકાન્તે વિધાન કે નિષેધ કર્યો નથી. ઉપકારી પુરુષો ફરમાવે છે કે મનુષ્યપણું દુર્લભ છે. પ્રભુ વચનની પ્રાપ્તિ મહાદુર્લભ છે, માટે વિશુદ્ધ ભાવથી જેમ જ્ઞાનીની આજ્ઞાનું પાલન થાય તેવો પ્રયત્ન કરવો જોઇએ. આત્મામાંથી મિથ્યાત્વ વગેરે દોષો જાય અને સમ્યગ્દર્શન વગેરે ગુણો પ્રગટે તેમ ભદ્રિક પરિણામી થવું. ગુણ અને ગુણની પ્રશંસા કરવી.

ધર્મના મર્મને સમજવો અને તે અનુસાર આચરણ કરવા પ્રયત્ન કરવો.

❀ સંપાદકની નોંધ ❀

૧

× ધાર્મિક થવા માટેનો પુરૂષાર્થ ×

જીવનમાં ધર્મનું આચરણ કરવા માટે સૂક્ષ્મ બુદ્ધિની જરૂર છે. સમજણ વિનાનું ભલાપણું (Piety without intelligence) કે તત્ત્વની સમજણ વિનાનો ધર્મ (religion without philosophy) ક્યારેક અધુરાં છે, ભયજનક છે, જીવનમાં અણુસમજને લીધે ધર્મને બદલે ઝનુન આવે છે, ધર્માંધતા આવે છે.

(Hermes Trismegistus) હર્મીસે કહ્યું છે કે, "આત્માનો દુર્ગુણ એ અજ્ઞાન છે, આત્માનો સદ્ગુણ એ જ્ઞાન છે." શાસ્ત્રકારોએ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની ઉચ્ચ જીવન માટે સર્વ પ્રથમ જરૂર કહી છે.

ધર્મનો મર્મ સદ્ગુરુ પાસેથી સમજીને ધર્મ જીવનમાં ઉતારવાનો છે. આપણે ધાર્મિક કહેવડાવવા માટે ફાંફા ન મારીએ, સાચા ધાર્મિક થવા માટે પુરૂષાર્થ ફોરવીએ.

૨

○ જીવનમાં સફળતાની કલા ○

ધર્મ એ જીવન જીવવાની કલા છે. ધર્મ વડે સુખ પ્રાપ્ત થાય છે, શાંતિ પ્રગટે છે. ધર્મ વડે આધ્યાત્મમય

જીવનના શ્રેષ્ઠ નિયમની સમજણ ઉગે છે. To learn the highest principle of Spiritual Living.

ધર્મ વડે માનવ જીવનના સર્વોત્તમ હેતુનું આત્માની સર્વાંગ સંપૂર્ણ ઉત્ક્રાંતિ–(Total Sublimation of Soul) નું દર્શન થાય છે.

ધર્મ એવી પ્રક્રિયા છે, જે વડે પ્રભુમય જીવન જીવી શકાય.

આ છે ધર્મનું દર્શન, જ્ઞાન અને ચારિત્ર !

સમ્યક્ ધર્મને સમજવા માટે પ્રયત્ન કરવો પડશે. ધર્મને જીવનમાં પ્રગટાવવા માટે પુરૂષાર્થ કરવો પડશે.

ધર્મ એ પ્રભુમય જીવન જાણવા અને જોવા માટેનું વિજ્ઞાન છે, પ્રભુમય જીવન જીવવા માટેની કલા છે. (Efforts to see, understand and apply the subtte spiritual laws in practise.)

ધર્મની પ્રક્રિયા જ્યારે નિત્ય જીવનમાં અવશ્ય કરવા યોગ્ય કાર્યરૂપે–આવશ્યક રૂપે જીવંતપણે ભાવપૂર્વક વણાઈ જાય છે, ત્યારે સમગ્ર જીવનમાં સૂક્ષ્મ પરિવર્તન આવે છે અને આધ્યાત્મિક અનુભૂતિનો રસાસ્વાદ પ્રગટે છે. સુયોગ્ય માર્ગદર્શન વડે સમજણપૂર્વક કોઈપણ આરાધક આ અનુભવ કરી શકે છે. તે માટે ધર્મનું વિજ્ઞાન સમજવા તથા ધર્મની કલા આચરવા માટેની શિસ્ત Discipline નું પાલન કરવું પડશે.

૮

* સદાચારની સુગંધ *

સદાચાર એ જીવનમાં સફળતા મેળવવાનો પાયો છે.

આપણે માત્ર સદ્‌વાંચન કરીએ તો ન ચાલે. સદ્‌વાંચનમાંથી સદ્‌વિચાર પ્રાપ્ત કરવા જોઇએ. આપણે માત્ર સદ્‌વિચારના ઉપાસક બનીને બેસી રહીએ તો ન ચાલે. સદ્‌વિચારનું જીવનમાં આચરણ કરીને સદાચારની સુગંધ ફેલાવવી જોઇએ.

જીવનમાં સુખ અને શાંતિનો જે અનુભવ થાય છે તે માત્ર વિચારમાંથી નહિ પણ આચરણમાંથી થાય છે.

કહ્યું છે કે, 'આચારઃ પ્રથમો ધર્મઃ' એટલે આચરણ જ સૌથી પહેલો ધર્મ છે. આપણે અનેક શાસ્ત્રો વાંચીએ કે સાંભળીએ પણ જો તેમાંથી શકય જીવનમાં ઉતારવા પ્રયત્ન પણ ન કરીએ, તો તે બોજારૂપ બની જાય છે, કયારેક અહંકારનું કારણ થઇ પડે છે.

* સદાચારમય જીવન એ જ પ્રવચન *

ઝેન સંપ્રદાયના એક સંત પોતાના શિષ્ય સમુદાય સાથે નીકળ્યા હતા. એક મોટા નગરમાં પ્રવચન આપ્યા

વિના જ આગળ ચાલવા લાગ્યા. કોઇ નગરવાસીએ પૂછ્યું: 'ગુરુ મહારાજ! નગરમાં શું પ્રવચન નથી આપવું?'

પ્રત્યુત્તરમાં સંતે કહ્યું: 'પ્રવચનથી જ શું ઉપદેશ આપી શકાય? આપણું રૂડું જીવન પોતે પણ શું એક પ્રવચન નથી? આ નગરના લોકોએ આપણને જોયા, આપણું વર્તન નિહાળ્યું, આપણી વાતચીત સાંભળી, આપણું આચરણ જોયું. આ બધામાંથી એમને શું કશો ઉપદેશ નહિ મળ્યો હોય? જેઓ પ્રત્યક્ષ દર્શનમાંથી કંઈ બોધ ન લઇ શકે તેઓ લુખ્ખા પ્રવચનમાંથી શું બોધ લેશે?'

સદાચાર ભર્યું જીવન એ જ જીવંત પ્રવચન છે, કારણ કે, સદાચારમાં સુગંધ ભરેલી છે.

મનુષ્યો શુદ્ધ હવા લેવા માટે હવા ખાવાના સ્થળોએ જાય છે. ફુલોની સુગંધ લેવા માટે બાગ-બગીચામાં જાય છે. સદાચારની સુગંધ લેવા માટે તમે કંઇ કરો છો ખરા?

અગરબત્તી પોતાની જાતને બાળીને સુગંધ ફેલાવે છે. પોતે જાતે ભસ્મીભૂત થઇને પણ વાતાવરણને સુગંધિત કરે છે. એક એક કણ બળતો હોય છતાં તે સુગંધ આપતી રહે છે. બળતી અગરબત્તી આપણને બોધ આપે છે કે, સદાચારમય જીવનની સાર્થકતા પોતાની ચારે બાજુ સુગંધ ફેલાવવામાં છે.

× શાશ્વત ધન ×

મંત્રી ઉગ્ર મહાત્મા બુદ્ધના દર્શને આવ્યો અને બોલ્યો: 'ભગવન્! અમારા નગરમાં મિગાર શ્રેષ્ઠિ અત્યંત શ્રીમંત છે. તેની પાસે અખૂટ ધન ભંડાર ભરેલા છે. કયારે ય ખૂટે એવા નથી.'

બુદ્ધે કહ્યું: 'ઉગ્ર! તમે જેને ધન કહો છો તે શાશ્વત ધન નથી, અખૂટ નથી. તે ધન પાછળ અનેક ભય રહેલા છે. તે ધન ચોરથી લૂંટાવાનો ભય છે, અગ્નિથી બળવાનો ભય છે, રાજાથી જપ્ત થવાનો ભય છે. તે ધન નાશવંત છે.'

મંત્રી ઉગ્રે પૂછયું: 'પ્રભો! એવું કયું ધન છે જે શાશ્વત છે? જેને કોઈ પ્રકારનો ભય નથી?

બુદ્ધ બોલ્યા: 'શાશ્વત ધન સાત પ્રકારનું છે. ૧ શ્રદ્ધા, ૨ શીલ, ૩ લજ્જા, ૪ લોક વિરૂદ્ધનો ભય, ૫ શ્રુત, ૬ પ્રજ્ઞા, ૭ અને ત્યાગ. આ સાત પ્રકારનું ધન શ્રેષ્ઠ ધન છે, શાશ્વત છે, નિત્ય વૃદ્ધિ પામનારૂં છે.'

બુદ્ધે કહેલું ધન એ જ સદાચારનું ધન છે.

'શ્રદ્ધા પરમ દુલ્લહા' શ્રદ્ધા પરમ દુર્લભ છે. શ્રદ્ધા પ્રથમ શાશ્વત ધન છે.

બીજુ શાશ્વત ધન શીલ એટલે સંયમનું પાલન–સદાચાર છે.

ત્રીજું શાશ્વત ધન લજ્જા છે, જે મનુષ્યને અકાર્ય કરતા રોકે છે.

ચોથું શાશ્વત ધન લોકવિરુદ્ધ તજવાનું છે.

પાંચમું શાશ્વત ધન શ્રુત એટલે સમ્યગ્જ્ઞાન છે.

છઠ્ઠું શાશ્વત ધન પ્રજ્ઞા એટલે જાગૃત વિવેક છે.

સાતમું શાશ્વત ધન ત્યાગ એટલે સ્વાર્થ ત્યાગ છે.

૦ સદાચારથી સ્વભાવ સુધરે ૦

જીવનનું સાચું ધન સોના–ચાંદી કે હીરા–મોતી નથી, પણ નિર્ભયતા છે, જે સદાચારમાંથી, શીલમાંથી, સંયમમાંથી પ્રગટે છે.

મનુષ્યના હીણ સ્વભાવમાં પણ સદાચાર વડે જ પરિવર્તન આવે છે. માત્ર સત્સંગ કે સદ્વિચાર સ્વભાવમાં પરિવર્તન લાવી શકતા નથી.

એક બાદશાહે એક બિલાડી પાળી હતી. બાદશાહ આ બિલાડીને પોતાની સાથે જ રાખતો, બાદશાહ જ્યારે કુરાનના કલમા પઢતા ત્યારે બિલાડીના માથા ઉપર દીપક રાખતા અને તેના પ્રકાશમાં પઢતા.

એક દિવસ બાદશાહે પોતાના વજીરને પૂછયું: 'સત્સંગ બળવાન કે સ્વભાવ ?'

વજીરે કહ્યું: 'ખુદાવિંદ ! સ્વભાવ બળવાન છે.'

બાદશાહે કહ્યું: 'જુઓ વજીર! સત્સંગના પ્રભાવથી આ બિલાડી પોતાના માથા પર પ્રગટેલો દીપક રાખી જ્યાં સુધી હું કુરાનના કલમા પઢી લઉં ત્યાં સુધી સ્થિરપણે બેસી રહે છે. આ સત્સંગની અસર છે.'

વજીરે કહ્યું: 'શહેનશાહ! માત્ર સત્સંગથી સ્વભાવ બદલાતો નથી. હું પ્રસંગ આવે બતાવીશ.'

એક રાત્રે બાદશાહ કુરાન પઢી રહ્યા હતા અને બિલાડી માથે દીપક રાખી સ્થિર બેઠી હતી, ત્યારે વજીરે ઉચિત અવસર સમજી બે ચાર ઉંદરના બચ્ચા ત્યાં છોડી મૂક્યા.

બિલાડી એકદમ ઉછળી ઉંદરને પકડવા દોડી. મસ્તકથી દીપક નીચે પડી ઓલવાઈ ગયો. દીપકનું તેલ કુરાન પર પડ્યું.

વજીરે કહ્યું: 'માલિક! માત્ર સત્સંગથી સ્વભાવમાં પરિવર્તન આવતું નથી. સ્વભાવમાં પરિવર્તન લાવવા માટે સદાચાર અનિવાર્ય છે.'

કોરો સત્સંગ કે કોરા સદ્‌વિચારથી સ્વભાવ નહિ બદલાય. સ્વભાવ બદલવા માટે જીવનમાં આચરણ જરૂરનું છે, સત્ક્રિયા સદ્‌વર્તન, સદાચાર જરૂરના છે.

* બાળકોને સંસ્કાર *

માતાપિતાનું વર્તન બાળકો ઉપર અસર કરે છે, માત્ર કોરી શીખામણ એટલી અસર કરતી નથી.

રવિશંકર મહારાજે એક પ્રસંગ કહ્યો છે. કાઠિયાવાડમાં

એક મુસલમાન મિત્રને ત્યાં તેઓ ગયા હતા. જ્યારે પાછા ફર્યા ત્યારે પેલા મુસ્લિમ મિત્ર તેમને વળાવવા માટે શેરીની બહાર આવ્યા. તેમની સાથે તેમનો નાનો દીકરો પણ હતો.

થોડે સુધી આવ્યા પછી મહારાજે કહ્યું: 'હવે પાછા વળો.' પણ તેઓ પાછા ન વળ્યા. આગળ ગયા એટલે ફરી મહારાજે કહ્યું: 'હવે બહું થયું! હવે તમે પાછા વળો.' તો ય તે ન માન્યા. મહારાજે તેમને ખૂબ સમજાવ્યા એટલે તેઓ બોલ્યા:

'મહારાજ! તમને વળાવવા આવું તે તમારા સારૂં નહિ. મારા આ દીકરાને સારા સંસ્કાર મળે એટલા સારૂં આવું છું. મહેમાનને કેટલા પ્રેમથી કેટલે સુધી વળાવવા જવું જોઈએ એની એને પણ સમજ પાડવી જોઇએ ને?"

* વ્યાપારમાં સદાચાર *

વ્યાપારના ક્ષેત્રમાં પણ સદાચારની સુગંધથી શાંતિ, સુખ અને સમૃદ્ધિ વધે છે.

મુંબઇના એક ઝવેરીની દુકાને એક અમેરિકન ગ્રાહક આવ્યો. શેઠ હજી આવ્યા ન્હોતા. મુનીમે હીરા બતાવ્યા. ગ્રાહકને એક હીરો ખૂબ ગમ્યો.

ચાર હજાર રૂપિયામાં તેને હીરો ખરીદ્યો. આવા બીજા હીરા ખરીદવાની ઈચ્છા બતાવી તથા પોતાનું નામ અને જે હોટલમાં પોતે ઉતર્યો હતો તેનું શિરનામું લખી આપ્યા.

જ્યારે શેઠ આવ્યા ત્યારે મુનીમે હીરો વેચ્યાની અને સારો નફો કર્યાની વાત કહી પણ શેઠ ઉદાસ થઇ ગયા.

હોટલ પર જઇ શેઠ પેલા અમેરિકનને મળ્યા અને હીરા માટે પૂછ્યું. અમેરિકન સમજ્યો કે શેઠ હીરો પાછો લેવા માટે આવ્યા છે. અમેરિકને શેઠને કહ્યું: 'હીરો મને ખૂબ પસંદ છે, તમારે પાંચસો રૂપિયા વધુ લેવા હોય તો લો, પણ હું હીરો પાછો નહિ આપું.'

શેઠ બોલ્યા: 'મારે હીરો પાછો જોઇતો નથી, વધુ પૈસા લેવા નથી. મારી પ્રતિજ્ઞા છે કે પચીસ ટકાથી વધુ નફો લેવો નહિ. આ હીરામાં મારા મુનીમે પંદરસો રૂપિયા વધુ લીધા છે. હું તે પાછા આપવા આવ્યો છું.'

અમેરિકન તો આશ્ચર્ય ચકિત થઈ ગયો. એણે પંદરસો રૂપિયા લેવાની ના પાડી. શેઠ તો રૂપિયા આપીને જ ગયા.

શેઠના સદાચારની આ શાખથી વેપાર ઘણો વધ્યો.

* ગૂમાયેલી સોય *

પ્રત્યેક મનુષ્ય સુખ ઇચ્છે છે, શાંતિ ઈચ્છે છે. સુખ અને શાંતિ માટે ફાંફા મારે છે, અથાગ પ્રયત્ન કરે છે, પરંતુ સુખ અને શાંતિ મળતાં નથી.

કેટલાંક મૂર્ખ મનુષ્યો ધનમાં સુખ માને છે, કોઇ સત્તામાં સુખ માને છે, કોઇ બળમાં સુખ માને છે, કોઈ વિષયભોગમાં સુખ માને છે, પરંતુ ધન, સત્તા, બળ અને

વિષયભોગ પ્રાપ્ત થવા છતાં તેમને સુખ અને શાંતિ મળતાં નથી. કારણ કે સુખ બાહ્ય વસ્તુઓમાં નથી.

એક ગરીબ વૃદ્ધા ઝુંપડામાં રહેતી હતી. દીવો કરવા માટે તેની પાસે તેલ પણ ન્હોતું. એક રાત્રે અંધારામાં તે પોતાનું કપડું સીવતી હતી ત્યારે તેની સોય નીચે પડી ગઈ. અંધારૂં હોવાથી તેને સોય જડી નહિ. એટલે તે ઝુંપડીમાંથી બહાર નીકળી અને જાહેર રસ્તા ઉપર જયાં મ્યુનીસીપાલીટીનું ફાનસ સળગતું હતું ત્યાં તે પોતાની સોય શોધવા લાગી.

રસ્તે જતાં એક માણસે પૂછ્યું: 'માજી! શું શોધો છો?' વૃદ્ધાએ કહ્યું: 'ભાઇ મારી સોય ખોવાઇ ગઈ છે.' પેલો માણસ પણ સોય શોધવા લાગ્યો. બીજા માણસો પણ તે કામે લાગ્યા. તેમાંના એકે પૂછ્યું: 'મા! સોય બરાબર કઇ જગ્યાએ પડી તે બતાવો તો તરત મળી જશે.'

વૃદ્ધાએ કહ્યું: 'સોય તો ઝુંપડામાં ખોવાઇ છે, પણ અહિં ફાનસ છે, એટલે હું અહિં ગોતું છું.'

મનુષ્યો જે સુખ, શાંતિ હૃદયમાં ખોવાઈ ગયા છે તે બહારની વસ્તુઓમાં શોધે છે. મનુષ્યને સદાચારના પાલનથી સુખ મળે છે અને તેથી હૈયામાં શાંતિ વળે છે.

* ભારતના સદાચારની છાપ *

કવિ રવિન્દ્રનાથ ટાગોર જ્યારે ચીન ગયા હતા ત્યારે તેમનું ઘણું સન્માન થયું હતું. મહાન દેશ ભારતમાંથી આવેલા

અતિથિ તરીકે ચીનના લોકોએ તેમનું સ્વાગત કર્યું. ભારતના સાહિત્યનો અભ્યાસ ત્યારે ચીનના લોકોએ સારી રીતે કર્યો હતો. તેમને રવીન્દ્રનાથને પૂછ્યું. 'તમારા દેશમાં મનુષ્ય કોઇ દિવસ ચોરી કરતો નથી, અસત્ય બોલતો નથી, હિંસા કરતો નથી. ધન્ય છે તમારા દેશના મનુષ્ય કેટલા પવિત્ર છે!'

આ સાંભળી ટાગોરની આંખમાં આંસુ આવી ગયા. તેમણે કહ્યું: 'ભાઈઓ, ભારતદેશ તમે જેવો ધારો છો તેવો આજે નથી રહ્યો. મારા દેશના મનુષ્ય આજે અસત્ય બોલે છે, ચોરી કરે છે, હિંસા કરે છે.' એક કાળે ભારત માટે સદાચારની છાપ દુનિયામાં ફેલાયેલી હતી.

* ધર્મ પ્રચારની સર્વોત્તમ રીત *

શાસ્ત્રનો એક શબ્દ પણ તમને મોઢે ન હોય, પણ જો તમે સદાચારમય જીવન જીવતાં હો, ભદ્રક પરિણતિવાળા હો, અપરાધી પ્રત્યે પણ ક્ષમા રાખતાં હો તો તમે માર્ગ પર છો.

કોઈ મનુષ્યને શાસ્ત્રો કંઠસ્થ છે, પણ જો તેનામાં છળ-કપટ, માયા, અહંકાર, અસત્ય છે તો તમે ધર્માત્મા કોને કહેશો? જે જ્ઞાન આચારમાં પરિણમે છે તે જ્ઞાન સાર્થક છે. જે જ્ઞાન અહંભાવ વધારે છે તે નિરર્થક છે.

ધર્મ પ્રચારની સર્વોત્તમ રીત ધર્મ ઉપર ભાષણો આપવા કે લેખો લખવા તે નથી. ધર્મ આચરણમાં ઉતારવો તે છે.

એવી છાપ પડવી જોઈએ કે જૈન જૂઠું બોલે નહિ, જૈન ચોરી કરે નહિ, તો ધર્મના સિદ્ધાંતોનો વ્યાપક પ્રચાર થાય. બાકી પોતાને જૈન ગણાવે, ધાર્મિક મનાવે અને અનાજમાં ભેળસેળ કરે કે, દવા બનાવટી વેચે એ ભારે શરમજનક છે.

કેટલાક વરસો પહેલાની આ વાત છે. અરબસ્તાનના લોકોમાં એક વિચિત્ર રોગ થયો. સતત ચામડીમાં વલૂર આવે. નવા નવા ગૂમડાં થાય, પરૂ નીકળે અને ભયંકર બળતરા થાય. લોકો ત્રાસી ગયા. ગુપ્તચરોએ તપાસ આદરી અને ભયાનક વિગતો મળી આવી.

કેટલાક વેપારીઓને ભારે લોભ લાગ્યો. ક્રુડ ઓઈલમાંથી વાસ અને રંગ દૂર કરી ખાવાના તેલમાં ભેળવી વેચવા માંડયું. એમાંથી લોહી વિકારનો આ રોગ લોકોમાં થયો.

પોલિસે બાર વેપારીઓને પકડ્યા. તેમના પર કેસ ચાલ્યો. ગૂનો પુરવાર થયો અને ત્યાંની સરકારે બારે જણાને જાહેરમાં ફાંસી આપી.

બીજા દિવસે એક બીજા વેપારીએ આપઘાત કર્યો. તેના શબ પાસેથી એક ચીઠ્ઠી મળી આવી. તેમાં લખ્યું હતું કે, 'ભેળસેળના આ ભયંકર પાપમાં હું પણ જોડાયેલો જ હતો. હું બહારથી ધાર્મિક ક્રિયાનો દંભ કરતો એટલે કોઇને મારા પર શંકા આવી નહિ અને હું બચી ગયો. મેં ધર્મને લાંછન લગાડયું છે. મારી જવાબદારી વિશેષ છે. મારા પાપની સજા રૂપે હું મારી જાતે જ દેહાંત દંડ સ્વીકારી લઉં છું.'

પ્રત્યેક ધર્મી મનુષ્યની જવાબદારી વિશેષ છે કારણ કે ધર્મી ઉપર લોકો શ્રદ્ધા રાખે છે, વિશ્વાસ રાખે છે. ધર્મીએ તો સવિશેષ પ્રયત્નથી પણ સદાચારમય જીવન જીવવું જોઈએ. જેટલે અંશે ન જીવાય તે માટે ધર્મીને અંતરથી વેદના થવી જોઈએ.

જે સદ્ગુણ મનુષ્યના આચરણમાં ઉતરે છે તે બીજાઓ ઉપર પણ અસર કરે છે. પતંજલિએ કહ્યું છે કે—

'અહિંસા સન્નિધૌ વૈર ત્યાગઃ।' એટલે અહિંસા જેના જીવનમાં ઉતરી છે તેની પાસે વૈર ટકી શકતું નથી. જેના હૈયામાં જીવ માત્ર પ્રત્યે પ્રેમ ભર્યો છે તેની પાસે હિંસક પ્રાણીઓ અહિંસક બને છે. ભગવાન મહાવીરસ્વામી પાસે જન્મના વૈરી સિંહ અને હરણ પોતાનું વૈર વીસરી જાય છે. ભગવાનની અહિંસા અને પ્રેમભાવના એટલી વિશાળ છે કે જન્મજાત, વૈર પણ પ્રેમમાં પરિણમે છે.

સંપાદકની નોંધ

૧

× સદાચારનું બીજ ×

પેરિસમાં રાજમાર્ગના વાહન વ્યવહારનું નિયમન કરનાર પોલીસે એકવાર જોયું કે, એક બિલાડી પોતાના બચ્ચાને મોંમાં લઇ રસ્તો ઓળંગવા મથામણ કરી રહી હતી. મોટરોની અવરજવરથી ગભરાઈ પાછી વળી જતી.

પોલીસના હૈયામાં અનુકંપા જાગી, એણે વાહનો થંભાવી દીધા. બિલાડી એક બચ્ચું સામી બાજુએ મૂકી દોડતી પાછી આ બાજુ આવી. એક પછી એક ચાર બચ્ચા સામે મૂકી દઇ પોલીસ સામે કૃતજ્ઞતાથી જોઈ રહી.

.પેરિસના એ રસ્તાનો વાહન વ્યવહાર પચીસ મિનિટ સુધી થંભી ગયો. ડ્રાઇવરો અકળાયા પણ જયારે આ વાત જાણી ત્યારે સર્વેને ખોટી થયાની ખુશી થઇ.

એક નાનું સરખું સદ્આચરણ અનેકને પ્રેરણા આપે છે અને લાંબે ગાળે તેમાંથી ચારિત્રનું ઘડતર થાય છે. શીલની સુગંધ પ્રગટે છે.

૨

૦ અધ્યાત્મનું સત્ય ૦

સંત રાબિયા પાસે એકવાર હસન બસરી આવી પહોંચ્યા

અને બોલ્યા: ‘ચાલો નદીના પાણી ઉપર ચાલતા ચાલતા આપણે અધ્યાત્મ ચર્ચા કરીએ.’

હસન બસરી માટે કહેવાતું કે પાણી ઉપર ચાલવાની સિદ્ધિ તેમને પ્રાપ્ત હતી.

રાબિયા સમજી ગઇ કે હસન પોતાની સિદ્ધિનું પ્રદર્શન કરવા ઇચ્છે છે. રાબિયા બોલી: ‘ભાઇ હસન! આકાશમાં ઉડતા ઉડતા આપણે ધર્મચર્ચા કરીએ તો કેમ?’ રાબિયા માટે કહેવાતું કે તે હવામાં ઉડી શકતી હતી.

પછી ગંભીર થઈ રાબિયાએ ઉમેર્યું, ‘ભાઈ મારા, જે તું કરી શકે છે તે કોઇ પણ માછલી કરી શકે છે અને જે હું કરી શકું છું તે કોઇ પણ માંખી કરી શકે છે. અધ્યાત્મનું સત્ય આવા ચમત્કારોના પ્રદર્શનથી નહિ પણ અત્યંત નમ્રતાપૂર્વકના સદાચારમય જીવન વડે જડે છે.’

૯

❋ અક્ષરનો મહિમા ❋

અક્ષરનો મહિમા અપરંપાર છે. શબ્દની શક્તિ અચિંત્ય છે. શબ્દના અર્થ અનેક છે. શબ્દનો ભાવ અગમ્ય, અકથ્ય અને અવર્ણનીય છે.

શબ્દો દ્વારા જ આપણે આપણા ભાવ અન્યને સમજાવી શકીએ છીએ અને બીજાના ભાવને સમજી શકીએ છીએ.

શબ્દને 'બ્રહ્મ' કહેવામાં આવે છે. વિશ્વ વ્યવસ્થામાં શબ્દ બ્રહ્મનું સ્થાન અગત્યનુ ગણ્યું છે. પ્રત્યેક વસ્તુનો ધ્વનિ છે. ઉચ્ચાર કરાયેલા શબ્દનો ધ્વનિ ચૌદ રાજલોકમાં વ્યાપે છે.

સાત નયોમાં શબ્દ નયનું પણ એક આગવું સ્થાન છે. વ્યાકરણ શાસ્ત્રનો આધાર શબ્દ પર નિર્ભર છે. પુદ્ગલની આઠ મહાવર્ગણાઓમાં એક સૂક્ષ્મ વર્ગણા ભાષાવર્ગણા છે.

અદ્ભૂત છે આ શબ્દ! માત્ર એક જ શબ્દ સુખ અથવા દુઃખની પરંપરા ઉભી કરે છે. શાંત મનુષ્ય એક જ શબ્દથી ક્રોધી બને છે અને ક્રોધી મનુષ્ય શાંત થઇ જાય છે.

જેવી રીતે ધ્વનિની અસર છે, તેવી રીતે શબ્દો પણ સારી કે નરસી અસર પેદા કરે છે. શબ્દોની અસર

બોમ્બના ધડાકા કરતાં વધુ ભયંકર અસર થઇ શકે અને શબ્દોની અસર અમૃતના આસ્વાદ કરતાં પણ અધિક સુખ, શાંતિ અને આનંદ ઉપજાવી શકે.

× મહાભારત અને રામાયણ ×

પાંડવોના નવા બંધાયેલા મહેલને જોવા દુર્યોધન આવ્યો. આ મહેલમાં આશ્ચર્ય ચકિત રચના હતી. કાચ એવી રીતે ગોઠવ્યા હતા કે એક સ્થાને બારણું સમજી પ્રવેશ કરવા જતાં માથામાં ભીંત વાગી. દ્રૌપદીના મોઢામાંથી માત્ર એટલા જ શબ્દો નીકળ્યા કે 'આંધળાના આંધળા હોય!' અને આ કટાક્ષ ભર્યા શબ્દોએ મહાભારતનો સંહાર સર્જ્યો.

રામના રાજ્યાભિષેકની તૈયારીઓ થઇ રહી હતી. અયોધ્યા વાસીઓનો અને રાજા દશરથનો આનંદ માતો ન્હોતો. રાજા દશરથ પાસે રાણી કૈકેયીનું વચન લેણું હતું, રાણી કૈકેયીના માત્ર એટલા જ શબ્દો કે 'રામને વનવાસ અને ભરતને ગાદી.' સારૂંય અયોધ્યા શોકમાં ડૂબી ગયું, તથા રાજા દશરથે પ્રાણ ત્યાગ કર્યો.

આ શબ્દોની પ્રાણઘાતક અસરો છે.

ચંડકૌશિક નામના દૃષ્ટિવિષ સર્પે પરમ કલ્યાણવંત ભગવાન મહાવીરસ્વામિને ત્રણ વાર ડંખ દીધો. ભગવાનના 'બુઝ બુઝ ચંડકૌશિઆ' હે ચંડકૌશિક! બોધ પામ, માત્ર આટલા જ શબ્દોએ સર્પના જીવનમાં પારાવાર પરિવર્તન કર્યું અને સર્પનું કલ્યાણ થઇ ગયું.

તુલસીદાસના પત્ની પિયર ગયા. સ્ત્રી પ્રેમમાં વિહ્વળ તુલસીદાસ મેઘલી રાત્રે, મુશળધાર વરસાદમાં પત્ની પાસે પહોંચ્યા.

રત્નાવલીએ માત્ર એટલા જ શબ્દો કહ્યા કે 'હે સ્વામી! મારા હાડ માંસના દેહ પર જેટલી પ્રીતિ કરી તેટલી જો ભગવાનમાં કરી હોત તો સંસાર તરી જાત!' બસ! તુલસીદાસની આંખો ઉઘડી ગઇ અને સંત તુલસીદાસ બની ગયા.

રાજગૃહીમાં શાલીભદ્રના ઘેરે રાજા શ્રેણિક પધાર્યા. ભદ્રા માતા સાતમે માળે જઇ શાલીભદ્રને કહે છે કે, 'શ્રેણિક આવ્યા છે.' શાલીભદ્ર સમજ્યા કે કોઈ મોંઘી ચીજ વસ્તુ હશે! માતાને કહે, 'એમાં મને શું પૂછો છો! જે મૂલ્ય માંગે તે આપી ખરીદી લો.' ભદ્રા માતાના માત્ર એટલા જ શબ્દો કે, 'શ્રેણિક તો આપણા રાજા છે, આપણા સ્વામિ કહેવાય.' શાલીભદ્રને થયું, 'મારે માથે સ્વામિ?' અને એક એક પત્નીનો રોજ ત્યાગ કરી બત્રીશ દિવસે દીક્ષા લેવાનું નક્કી કર્યું.

આ છે શબ્દની અસર!

* માત્ર એક જ શબ્દ *

શાલીભદ્રની બહેન ધન્નાજી સાથે પરણાવી હતી. તેની આંખમાં આંસુ જોઇ ધન્નાજીએ કારણ પૂછ્યું. "શાલીભદ્ર એક એક પત્ની છોડે છે અને દીક્ષા લેશે" એ સાંભળી ધન્નાજીએ કહ્યું, 'જો દીક્ષા જ લેવી છે તો તારો ભાઇ બધી

પત્નીઓ એક સાથે કેમ છોડતો નથી? અને શાલીભદ્રની બેનના મોઢામાંથી માત્ર એટલા જ શબ્દો નીકળ્યા કે, 'સ્વામી, બોલવું સહેલું છે, કરવું કપરૂં છે.' ધન્નાજી સર્વ પત્નીઓ છોડી ભગવાન મહાવીરસ્વામી પાસે દીક્ષા લેવા માટે ચાલી નીકળ્યા. તેમની સાથે શાલીભદ્ર પણ ચાલી નીકળ્યા.

આવું છે શબ્દનું બળ!

રાણી રાજાના માથામાં તેલ નાંખી રહી હતી. રાણીએ કહ્યું, 'મહારાજ! દૂત આવી પહોંચ્યો.' રાજાએ દ્વાર સામે જોયું. ત્યાં કોઇ હતું નહિ. રાણીએ રાજાના માથામાંથી એક સફેદ વાળ તોડી રાજાના હાથમાં મૂકતાં કહ્યું, 'મહારાજ! વૃદ્ધાવસ્થાનો આ દૂત આવી પહોંચ્યો' આટલા શબ્દોથી પોતનપુરના રાજા પ્રસન્નચંદ્ર જાગી ઉઠ્યા અને સંસાર ત્યાગ કર્યો.

* માતૃકાની શક્તિ *

શબ્દની શક્તિ અમાપ છે. શબ્દ સંસાર સાંધે છે અને તોડે છે. શબ્દ હૃદયો ભાંગે છે અને ભેગા કરે છે. શબ્દથી પ્રેમનો ઉલ્લાસ પ્રગટે છે અને ક્રોધનું વિષ વ્યાપે છે. મોહની નિંદ્રામાં સૂતેલાને શબ્દ જગાડે છે. શબ્દ વડે મનુષ્ય માયાની જાળમાં ફસાય છે. શબ્દથી સંસારનું ભ્રમણ છે અને શબ્દથી મોક્ષ છે.

શબ્દ ઉપર વ્યવહાર જીવન ટકેલું છે. શબ્દ રચનાથી ઘડેલા કાનુનો વડે રાજ્યો ચાલે છે. શબ્દના વિશ્વાસે જીવ-

નનો વ્યવહાર નભે જાય છે. શબ્દો સંસ્કાર ઘડે છે, કાં સંસ્કાર તોડે છે. શબ્દો વડે ભાવ જાગે છે અને શબ્દની સમગ્ર જીવન ઉપર સત્તા છે.

શબ્દ બ્રહ્મ સર્વ વ્યાપી છે અને સર્વ સત્તાનું મૂલ છે.

'ન ક્ષર ઇતિ અક્ષર' એ અક્ષર શબ્દની વ્યુત્પત્તિ છે. જેનો નાશ નથી તે અક્ષર છે, જે નિત્ય છે.

કહ્યું છે કે, 'પ્રત્યેક અક્ષર મંત્ર છે, દરેક વનસ્પતિ ઔષધ છે. પૃથ્વીમાં સર્વત્ર રત્ન રહેલા છે. માત્ર તેનો યોજક દુર્લભ છે.

અક્ષર એ માતૃકા છે, તેમાં અનંત શક્તિ રહેલી છે. સદ્ગુરુ પાસેથી તેની સમ્યક્ પ્રક્રિયા અને સદુપયોગ જાણવા જોઇએ.

વારંવાર ઉચ્ચારણ વડે અક્ષરની–શબ્દની શક્તિ કાર્ય-કારી બને છે. મંત્રવાદીઓ, ગારૂડીઓ મંત્રાક્ષરો દ્વારા વીંછી કે સર્પનું ચઢેલું વિષ તત્ક્ષણ ઉતારી નાંખે છે.

એક ગામમાં એક ડોશીમા હતા. હંસ નામનો તેમને એકનો એક દીકરો હતો. હંસને અચાનક એક ભયંકર ભોરીંગ કરડ્યો. હંસને ઝેર ચઢવા લાગ્યું અને બેભાન બની ગયો. વૃદ્ધ માતા કરૂણ વિલાપ કરવા લાગ્યા અને "હંસ" "હંસ" એમ આખી રાત વિલાપ કરતાં રહ્યાં. આશ્ચર્ય એ થયું કે, "હંસ" "હંસ" એવા વારંવાર શબ્દોચ્ચારણ વડે સર્પનું ઝેર એકદમ ઉતરી ગયું અને હંસ બચી ગયો. આ

શબ્દની શક્તિ છે, કારણ કે "હંસ" એ ગારૂડી મંત્રના બીજાક્ષરો છે.

*** શબ્દ રસાયણ ***

શબ્દ શક્તિ વિષે જૈન શાસ્ત્રોમાં ઘણા ઉલ્લેખો છે. શબ્દ પૌદ્ગલિક છે. ભાષાવર્ગણાના પુદ્ગલો ચૌદ રાજલોકમાં ઠાંસી ઠાંસીને ભર્યા છે. વિચાર કરતી વખતે મનુષ્ય મનોવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે. એટલે મનોવર્ગણાના પુદ્ગલોની સહાયથી મનુષ્ય વિચાર કરી શકે છે. તેવી જ રીતે બોલતી વખતે ભાષાવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે.

સ્વર ચૌદ છે. અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, ૠ, લૃ, લૄ, એ, ઐ, ઓ, ઔ—આ સ્વર છે.

વ્યંજન તેત્રીશ છે. ક, ખ, ગ, ઘ, ઙ, ચ છ, જ, ઝ, ઞ, ટ, ઠ, ડ, ઢ, ણ, ત, થ, દ, ધ, ન, પ, ફ, બ, ભ, મ, ય, ર, લ, વ, શ, ષ, સ, હ—આ વ્યંજન છે. ક્ષ, ત્ર, જ્ઞ વિસર્ગ અને અનુસ્વાર વગેરે મળી બાવન અક્ષરો થાય છે. સ્વર અને વ્યંજનના યોગથી જુદા જુદા શબ્દો બને છે. અને એક એક શબ્દના અનંતા અર્થો થાય છે.

પૂજ્ય શ્રી હેમચંદ્રાચાર્ય મ. વિરચિત શબ્દાનુશાસન તરફ દૃષ્ટિપાત કરતાં જણાશે કે, પ્રત્યેક સ્વર અને પ્રત્યેક વ્યંજનના—એક એક અક્ષરના કેટલા અર્થો થાય છે. 'એકાક્ષરી કોષ' જોવાથી પ્રત્યેક અક્ષરના અર્થો સમજાશે.

આશરે ત્રણ ચાર સૈકા પૂર્વે થયેલા શ્રી સમયસુંદર

ઉપાધ્યાયજી મહારાજે 'રાજાનો દદતે સૌખ્યમ્' માત્ર આટલા જ ટૂંકા વાક્યના આઠ લાખ અર્થો કરી બતાવ્યા છે. 'અષ્ટલક્ષી' નામનો આ ગ્રંથ આજે પણ પ્રાપ્ત છે.

જગતની સર્વ ભાષાઓ, વિશ્વનો બધો વ્યવહાર અને દુનિયાના સમસ્ત શાસ્ત્રો, સિદ્ધાંતો અને ગ્રંથો વગેરેનો બાવન અક્ષરોમાં જ સમાવેશ થાય છે. આ બાવન અક્ષરનું જ સમગ્ર સાહિત્ય સર્જાયું છે. આ બાવન અક્ષરનાં સંયોજનથી જ સકળ શાસ્ત્રો, સમસ્ત ભાષાઓ અને સંસારનો સમગ્ર વ્યવહાર ચાલે છે, ત્યારે સહેજે સમજી શકાય છે કે આ બાવન અક્ષરોનો કેવો અસાધારણ, અજોડ અને અનોખો પ્રભાવ છે.

અક્ષરોના આ સંયોજન વડે 'ૐ' માં શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોનો સમાવેશ થાય છે. શ્રી પંચપરમેષ્ઠિના પ્રથમાક્ષરોમાં પાંચ મહાતીર્થોનો સમાવેશ થાય છે. 'હ્રીँ' માં ચોવીશ તીર્થંકરોનો સમાવેશ થાય છે.

૦ ભાષા સમિતિ ૦

અક્ષરોના એક બીજા સાથેના સંયોજનથી શબ્દોમાં જુદી જુદી શક્તિ ઉત્પન્ન થાય છે.

એક "ક" ની સાથે 'રમ' અક્ષરો જોડતાં 'કરમ' બને છે. 'લમ' અક્ષરો જોડતાં 'કલમ' બને છે. 'લશ' અક્ષરો જોડતાં 'કલશ' બને છે. 'સર' અક્ષરો જોડતાં 'કસર' બને છે.

'લોભ' ઉપરથી એક માત્રાનો ભાર ઓછો કરતાં 'લાભ' થાય છે.

જેમ ગંધક મણુસિલ અને સુરોખાર મેળવવાથી દારુ પેદા થાય છે. બે ભાગ હાઇડ્રોજન અને એક ભાગ ઓકસીજનના મિલનથી પાણી બને છે. સૂર્યના કિરણો બીલોરી કાચમાં પ્રતિબિંબિત થતાં અગ્નિ ઉત્પન્ન થાય છે. તેવી રીતે અક્ષરોના જોડાણુથી વિવિધ શક્તિ પ્રગટે છે. વળી એક જ ઔષધ જુદા જુદા અનુપાન સાથે લેવાથી જુદા જુદા રોગોનું નિવારણુ કરે છે, તેમ જ એક જ શબ્દના અનેક અર્થો અનેક પરિણામો લાવે છે.

બીજું ઉદાહરણુ લઈએ તો ઘઉં એના એ જ છે, પણુ ઘઉંની ઘેંશ થાય છે, ઘઉંના ઘેબર થાય છે, ઘઉંની રોટલી થાય છે. એક જ ઘઉંની કેટકેટલી ચીજો બની શકે છે તે કયાં અજાણ્યું છે!

લોખંડની ધાતુ એની એ જ છે, પણુ તેની સોય થાય છે અને સળીયા પણુ થાય છે. ઘડીયાળની કમાન પણુ થાય છે અને રેલ્વેના પાટા, તાર, જાળી, હથોડો, ઘણુ, એરણુ, માપ, તોલ-મિજાગરાં વગેરે અનેક ચીજો બને છે.

લોખંડના એક ટુકડાનું જેટલું મૂલ્ય હોય તેનાથી વિશેષ મૂલ્ય તે જ ટુકડામાંથી તમે હથોડો કે એરણુ બનાવો તો થાય, પણુ તે જ લોખંડના ટુકડામાંથી તાર, જાળી કે ખીલા બનાવો તો ઘણું વિશેષ મૂલ્ય આવે, પણુ જો તેમાંથી

ઘડીયાળની કમાનો કે સર્જરીની સોયો બનાવાય તો તેનું મૂલ્ય અનેકગણું વધી જાય

શબ્દોનો ઉપયોગ ક્યાં, કેમ, કઈ રીતે આપણે કરીએ છીએ તેના ઉપર જીવનની સફળતાનો આધાર છે.

શાસ્ત્રકાર ભગવંતોએ ભાષા સમિતિ તથા વચનગુપ્તિના જે રહસ્યો દર્શાવ્યા છે તે જીવનનું ઓજસ્ પ્રગટાવવામાં કેટલા સહાયક છે તેનો ઉલ્લેખ અન્ય લેખમાં કરીશું.

*** સરો નત્થિ ***

એક ભીલને ત્રણ સ્ત્રીઓ હતી. પ્રવાસમાં બપોરના સમયે એક સ્ત્રીને ભૂખ લાગતાં તેને પતિ પાસે ભોજનની માંગણી કરી. બીજી સ્ત્રીને તૃષા લાગી હતી, તેને જળ માંગ્યું. ત્રીજી સ્ત્રીને ગીત સાંભળવું હતું, તેને પતિને ગીત સંભળાવવા વિનંતિ કરી. ભીલે એક જ વાક્યથી ત્રણેને જવાબ આપ્યો: 'સરો નત્થિ' એટલે ભોજન માંગનાર સ્ત્રીને કહ્યું કે, 'શર એટલે બાણ મારી પાસે નથી.' ('સર' એ પ્રાકૃત ભાષાનો શબ્દ છે, સંસ્કૃતમાં 'શર' બને છે.) બાણ હોત તો વૃક્ષના ફળ પાડીને ખવડાવત.' જેને તરસ લાગી હતી, તે સ્ત્રીને કહ્યું: 'નજીકમાં 'સરો નત્થિ' એટલે સરોવર નથી, તને પાણી ક્યાંથી લાવી આપું!' ત્રીજીને ગીત સાંભળવું હતું તેને કહ્યું: 'સરો નત્થિ એટલે મારો કોમળ સ્વર નથી. સ્વર હોત તો જરૂર તને ગીત સંભળાવત.' (પ્રાકૃત શબ્દ 'સર' નો સંસ્કૃતમાં 'સ્વર' પણ બને છે.)

એક કવિએ શબ્દોની ખૂબી દર્શાવતા એક દુહામાં કહ્યું છે કે–

"હરિ આયો હરિ ઉપન્યો,
હરિ પૂંઠે હરિ ધાય;
હરિ ગયો હરિના વિષે,
હરિ બેઠો વા ખાય."

અહિં 'હરિ' શબ્દના જુદા જુદા અર્થ નીકળે છે. જેમકે હરિ આયો એટલે વરસાદ (હરિ=મેઘ) આવતા હરિ ઉપન્યો (હરિ=દેડકો) એટલે દેડકા ઉત્પન્ન થાય છે. હરિ પૂંઠે હરિ ધાય એટલે દેડકાઓ પાછળ સર્પ દોડે છે. (હરિ=સર્પ)

હરિ ગયો હરિના વિષે જ્યારે સર્પ દેડકા પાછળ પડ્યો ત્યારે હરિ એટલે દેડકો કૃષ્ણજી પાસે ચાલ્યો ગયો. (હરિ-કૃષ્ણ) જ્યારે દેડકો કૃષ્ણજી પાસે ગયો ત્યારે હરિ બેઠો વા ખાય એટલે સર્પ બેઠો બેઠો વા ખાય છે:

તેવી જ રીતે એક બીજા કવિએ કહ્યું છે કે—

સુવર્ણકો ઢુંઢત ફીરે,
કવિ કામી ઓર ચોર;
ચરણ ધરત પીછે ફીરે,
ચાહત શોર ન ભોર.

કવિ, કામી અને ચોર સુવર્ણને શોધતા ફરે છે. કવિ કવિતાની રચના માટે સારા વર્ણ એટલે સુંદર શબ્દો શોધે

છે. કામી પુરૂષ સારા વર્ણવાળી સુંદર સ્ત્રીને ખોળે છે અને ચોર સુવર્ણ એટલે સોનું શોધે છે.

'ચરણ ધરત પીછે ફીરે' એટલે કવિ શ્લોકનું ચરણ એટલે પાદ બનાવે છે અને પ્રાસ બરાબર બેસે છે કે નહિ, તે જોવા માટે પાછો ફરે છે. કામી પુરૂષ ચરણ એટલે પગ મૂકતાં મૂકતાં પગલે પગલે ગભરાય છે અને ચોરનું પણ એવું જ છે.

'ચાહત શોર ન ભોર' શોર એટલે અવાજ અને ભોર એટલે સવારનો સમય આ ત્રણેને પસંદ નથી. કવિને શાંત વાતાવરણમાં સ્ફુરણા વિશેષ થાય છે. કામી તથા ચોર રાત્રીનો સમય વધુ પસંદ કરે છે.

એક સામાન્ય મનુષ્યના ઉચ્ચારેલા શબ્દો કરતાં કોઇ મહાન વ્યક્તિના તે જ શબ્દો અદ્‌ભૂત અસર કરે છે, એક જ શબ્દમાં અનુસ્વાર કે કાનામાત્રાના ફરકથી મહાન અનર્થ થાય છે.

૦ માત્ર એક અનુસ્વાર ૦

એક માતા પોતાના પુત્રને કહે છે કે, 'બેટા! વધુ ન ભણે તો કંઈ નહિ, પણ વ્યાકરણનો અભ્યાસ જરૂર કરજે, કારણ કે અક્ષરના ફરકથી સકલને બદલે શકલ બોલીએ તો સકલનો અર્થ સંપૂર્ણ અને શકલનો અર્થ કકડો થાય. સ્વજન અને શ્વજનમાં સ્વજન એટલે સ્નેહિજન અને શ્વજન

એટલે ચંડાળ થાય. શકૃત અને સકૃતમાં શકૃત એટલે અનેક-વાર અને સકૃત એટલે એકવાર થાય.

એક શબ્દ અધિક ઓછો થતાં વિષ એટલે ઝેર અને વિષય એટલે ભોગ થાય. કુંતી અને કુત્તીમાં એક અનુસ્વા-રના ફરક માત્રથી કેટલી વિષમતા પેદા થાય છે.

સમ્રાટ અશોકે દૂર રહેલા પોતાના રાજકુંવર કુણાલ ઉપર એક પત્ર લખ્યો. કુણાલની ઓરમાન માતાએ ઈર્ષ્યાથી આંખના કાજળ વડે આ પત્રમાં એક શબ્દ પર એક અનુ-સ્વાર મૂક્યો અને પત્રનો આખો ય અર્થ ફરી ગયો તથા પિતાની આજ્ઞાનું પાલન કરવા માટે કુણાલે પોતાની આંખો ફોડી નાખી.

અક્ષરના આ મહિમાને જાણીને શબ્દોમાં રહેલી શક્તિનો સદુપયોગ કરી જીવનની સમ્યક્ સફળતા પ્રાપ્ત કરવાની છે.



❁ સંપાદકની નોંધ ❁

૧

*** ધ્વનિ શક્તિ ***

આજે વિજ્ઞાન સ્વીકારે છે કે બોલાયેલો પ્રત્યેક શબ્દ, પ્રત્યેક અવાજ, પ્રત્યેક સ્વર ધ્વનિ માત્ર (Sound is energy) એ શક્તિ છે. આ શબ્દ નાશ પામતો નથી. અવકાશમાં સંઘરાયેલો રહે છે. ઇસુ પૂર્વે ચોથી સદીમાં પાયથેગોરાસે આ સિદ્ધાંત કહ્યો છે.

રોમના એક પ્રતિષ્ઠિત અઠવાડિક પત્રમાં ટાઇમ મશીન વડે લેવાયેલા ઇસુ ખ્રીસ્તના ચિત્રે ભારે સનસનાટી મચાવી છે.

ફાધર પેલેગ્રીનો આર્નેટી નામના એક વૈજ્ઞાનિક પાદરી જેઓ સંગીતના નિષ્ણાત છે અને વેનિસના સેંટ જ્યોર્જ ચર્ચમાં સંશોધન કરી રહ્યા છે તેમના પ્રયત્નોનું આ પરિણામ છે. આ વૈજ્ઞાનિકે ઇલેક્ટ્રોનીકલી મુસોલીની તથા પોપ પાયસ બારમાના ચિત્રો પ્રગટાવીને આશ્ચર્ય જન્માવ્યું હતું.

મુસોલીની તથા પોપના ચિત્રો તેઓના ભાષણોની રેકર્ડો ઉપરથી ઇલેકટ્રોનીક્સ્ વડે તૈયાર કરવામાં આવ્યા છે અને તેમના ફોટોગ્રાફ્સ્ સાથે બરાબર મળતા આવે છે. આ પ્રયોગમાં શબ્દનું–ધ્વનિનું રૂપમાં–દશ્યમાં પરિવર્તન થયું છે.

ફાધર અર્નેટીએ ઇસુ પૂર્વે ૧૬૯ ની સાલમાં રોમમાં

વગાડવામાં આવેલા રામન ઓપેરા THYESTES ની ઇલે-કટ્રોનીક વડે પુનઃરચના કરી છે.

—(ટાઇમ્સ ઓફ ઇંડિયા તા. ૯ જુન ૧૯૭૨)

વિજ્ઞાનના આ નવા સંશોધનોથી ધ્વનિની શક્તિ–અક્ષરનો મહિમા સમજાશે.

શબ્દનું રૂપમાં તથા રૂપનું શબ્દમાં રૂપાંતર થઇ શકે છે. એક વ્યક્તિના બોલાયેલા શબ્દોનું રૂપાંતર કરવાથી તે વ્યક્તિનું ચિત્ર ઉપસી આવે. પ્રત્યેક ચિત્રનું શબ્દમાં રૂપાંતર થઈ શકે.

૨

○ જિન ખોજા તિન પાઇયા ○

'અનેકાર્થ રત્ન મંજૂષા' ગ્રંથમાં શ્રી સમયસુંદર ગણિનો અષ્ટલક્ષી ગ્રંથ પ્રસિદ્ધ થઈ ગયો છે.

પૂ૦ શ્રી હેમચંદ્રાચાર્યના શિષ્યરત્ન શ્રી વર્ધમાનસૂરિએ 'શ્રી કુમાર વિહાર પ્રશસ્તિ કાવ્ય' રચ્યું છે, તેનું ૮૬ મું કાવ્ય જે ચાર લીટીનું છે તેના ૧૧૬ અર્થ કર્યા છે. 'અનેકાર્થ સાહિત્ય સંગ્રહ' માં જે પ્રસિદ્ધ થઈ ચૂકયા છે.

શાસ્ત્રોની આ વિશેષતા છે, તેનું ઉંડાણ ગંભીર છે. તેમાં અનેક દૃષ્ટિઓનો સમન્વય છે.

જડ વિજ્ઞાનની ભાષામાં એક શબ્દ એક અર્થ બતાવે

છે. અધ્યાત્મ વિજ્ઞાનની ભાષામાં એક શબ્દ અનેક અર્થ બતાવે છે. પોતાના અધિકાર પ્રમાણે વ્યક્તિ પામશે. જે જેટલા ઉંડાણમાં જશે તે તેટલું મૂલ્યવાન મેળવશે. જે શોધે છે તેને મળે છે, પણ મેળવવા માટે અંતરના ઉંડાણમાં જવું પડશે.

'જિન ખોજા તીન પાઇયા,
ગહેરે પાની પેઠ.'

૧૦

તપની મહત્તા

માનવ જીવન શ્રેષ્ઠ છે. મનુષ્ય ભવ પ્રાપ્ત થવો અત્યંત દુર્લભ છે. મોક્ષની પ્રાપ્તિ મનુષ્ય થયા વિના સંભવિત નથી. દેવો પણ દુર્લભ એવો મનુષ્યભવ પ્રાપ્ત કરવા ઝંખે છે. કારણ કે મોક્ષની પ્રાપ્તિ મનુષ્યગતિ સિવાય થતી નથી. સર્વ કર્મોનો સંપૂર્ણ ક્ષય કરવાનું ઉત્તમ સાધન મનુષ્યભવ છે.

મનુષ્યભવની આ શ્રેષ્ઠતા ધર્મના પાલનમાં રહેલી છે. મનુષ્ય જીવનમાં મહત્તા ધર્મની છે. દાન, શીલ, તપ અને ભાવ એ ધર્મના ચાર પાયા છે. કર્મની નિર્જરા કરવા માટેનો અચૂક ઉપાય 'તપ' છે.

શરીર અને આત્મા એકમેક થઈને રહેલા છે. તો પણ શરીર પુદ્‌ગલ છે, જડ છે. આત્મા ચૈતન્ય સ્વરૂપ છે, શરીરના ગુણ ધર્મો જૂદા છે, આત્માના ગુણધર્મો જૂદા છે. કર્મના આવરણને લીધે આત્માના ગુણો ઢંકાયેલા છે. જ્યારે રાગાદિ ભાવોનો નાશ થાય છે ત્યારે આત્માના ગુણો પ્રગટ થાય છે.

અણાહારીપણું આત્માનો સ્વભાવ છે. કોઈ પણ પ્રકારના આહાર વગર અનંત કાળ સુધી જીવવાનો આત્માનો સ્વભાવ

છે. આત્માનો આ સ્વભાવ કર્મના આવરણથી દબાયેલો છે. જ્યાં સુધી આ સ્વભાવ પ્રગટ ન થાય ત્યાં સુધી આત્મા સર્વ કર્મથી મુક્ત બની શકે નહિ. સમ્યક્ તપ આત્માના આ અણાહારી સ્વભાવને પ્રગટ કરે છે.

તપ એ અત્યંત ચીકણા કર્મોનો ક્ષય કરવાનો અમોઘ ઉપાય છે. કહ્યું છે કે, 'ભવકોડીસંચિયં કમ્મં તવસા નિજ્જરિજ્જઈ।' ક્રોડો ભવોમાં બાંધેલું કર્મ તપ વડે ક્ષય પામે છે.

० જે કર્મને તપાવે તે તપ ०

શાસ્ત્રકાર ભગવંતો તપની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે. 'તાપ્યન્તે રસાદિધાતવઃ કર્માણિ વા અનેનેતિ તપઃ ।' જે ક્રિયા વડે શરીરના રસ, રૂધિર વગેરે સાતે પ્રકારની ધાતુઓ અથવા કર્મ મળ તપે અને શોષાઈ જાય તેને 'તપ' કહે છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે—

'જેમ સુવર્ણમાં રહેલા મેલને અગ્નિ જુદો પાડે છે, રાજહંસ દુધમાં રહેલા પાણીને જુદુ કરે છે તેમ જીવોના કર્મરૂપી મેલને તપ આત્માથી જુદુ પાડે છે.'

મનુષ્યનો દેહ ક્ષણભંગુર છે, વિનાશ પામવાના સ્વભાવવાળો છે, આ માનવ દેહનો સાર્થક ઉપયોગ સકામ નિર્જરાવાળું તપ કરવું એ છે.

અનેક પ્રકારના તપ શાસ્ત્રકારોએ બતાવ્યા છે. ઇંદ્રિય ઉપર જય કઈ રીતે મેળવવો જેથી ઇંદ્રિય વશ થઈ અધઃ-

પતન ન થાય? ઇંદ્રિયોની આસક્તિને જીતવાનું જે તપ છે, તે 'ઇંદ્રિય જય તપ' છે.

તેવી રીતે ભવવૃદ્ધિના હેતુભૂત કષાયોનો જય કરવા માટેના તપને 'કષાય જય તપ કહ્યો છે.

શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે કે—

'કલુસન્તિ જં ચ જીવમ્,
તેણ કસાઈ ત્તિ વુચ્ચન્તિ ।'

જીવના શુદ્ધ સ્વરૂપને જે કલુષિત કરે તે કષાય કહેવાય. 'કષ' નો બીજો અર્થ સંસાર છે. જેનાથી સંસારનો 'આય' એટલે લાભ થાય તે કષાય. જેનાથી ભવભ્રમણ વધે તે કષાય છે. આ કષાયો ઉપર જય મેળવવાથી જ માનવ જીવન સાર્થક થવાનું છે.

ઉપકારી પુરૂષોએ યોગશુદ્ધિ તપ બતાવ્યો છે. જૈન દર્શનમાં યોગ એટલે મન, વચન, કાયાની પ્રવૃત્તિ છે તે કર્મને આત્મા ભણી ખેંચી લાવવામાં કારણભૂત છે.

મન ચંચળ છે, તેને ધ્યાનમાં જોડવાથી, પરમાત્મામાં લગાડવાથી એકાગ્ર થાય છે. ક્લેશવાસિત મન એ સંસાર છે અને ક્લેશરહિત મન ભવથી પાર કરાવે છે.

વચન પણ ગમે તેમ ન બોલવું, વચનની અશુભ પ્રવૃત્તિ રોકવી અને શુભ પ્રવૃત્તિ આદરવી.

કાયાને પણ એવી રીતે ઉપયોગમાં લેવી કે, જેથી મોક્ષ-માર્ગમાં સહાયક બને, પૂ૦ શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે—

'કાયોત્સર્ગાદિક ક્રિયાવાળા શરીરથી આત્મા શુભ કર્મ પ્રાપ્ત કરે છે અને જીવહિંસાદિ પ્રવૃત્તિવાળા શરીરથી અશુભ કર્મ બાંધે છે.

મનયોગ, વચનયોગ અને કાયયોગ શુદ્ધ કરવા માટેના તપને 'યોગશુદ્ધિ તપ' કહે છે.

બ્રહ્મચર્યની નવગુપ્તિનો તપ, અષ્ટપ્રવચન માતાનો તપ, જ્ઞાન, દર્શન, ચારિત્ર તપ આવા અનેક પ્રકારના તપ છે. પોતાની યોગ્યતા પ્રમાણે અને શક્તિ અનુસાર સદ્ગુરુના માર્ગદર્શન મુજબ આ તપ કરવાના છે.

તપનો મહિમા અપૂર્વ છે, અનોખો છે, આપણી સંસ્કૃતિ તપ પ્રધાન સંસ્કૃતિ છે. તપથી મનને પવિત્ર બનાવવાનું છે, કાયાને વિશુદ્ધ બનાવવાની છે.

૦ ભાવરોગનું ઔષધ ૦

જૈન શાસનમાં આરાધનાના અનેક પ્રકારો બતાવવામાં આવ્યા છે. તેમાં તપ એ આરાધનાનું એક વિશિષ્ટ અંગ છે. શાસ્ત્રકાર મહર્ષિઓએ તપને મહામંગળકારી કહ્યું છે, કારણ કે તપ વડે અનંતકાળના નિબિડ–ગાઢ કર્મોનો ક્ષય થાય છે. બાહ્ય અને અભ્યંતર ઋદ્ધિ–સિદ્ધિ તપ વડે પ્રાપ્ત

થાય છે. મંત્ર અને તંત્ર તપથી જ ફળીભૂત થાય છે. આ લોક અને પરલોકમાં તપના પ્રભાવથી જ અનેકવિધ સંપત્તિઓ સાંપડે છે અને તપના આરાધનથી વિપત્તિઓ ચાલી જાય છે.

ભવરોગ અને ભાવરોગ રૂપ કર્મનો જડમૂળથી નાશ કરવામાં તપ એ અપૂર્વ ઔષધ રૂપ છે. આત્માને નિર્મળ અને ઉચ્ચતમ બનાવનાર તપ છે. અસાધ્યમાં અસાધ્ય રોગો પણ તપ વડે જ નિર્મૂળ થાય છે.

તલેગામ ઢમઢેરાનો બનેલો એક સત્ય પ્રસંગ છે.

એક પ્રાઢવયના સજ્જનને વર્ષો જૂનો ડાયાબીટીસનો રોગ હતો. આ સજ્જને અનેક ડોકટરો, વૈદ્યોની દવા કરી. કેટલાય ઔષધોનું સેવન કર્યું, અનેક ઉપચારો કર્યા, પણ રોગ ન મટ્યો. અંતે કંટાળીને આ સજ્જન ખૂબ જ નિરાશ બની ગયા. કર્મનો ઉદય માની શાંતિથી બેઠા.

એક વખત ગામમાં એક તપસ્વી મુનિ મહારાજની પધરામણી થઈ. વ્યાખ્યાનનો વિષય 'તપની મહત્તા' નો હતો. આ સજ્જને પણ વ્યાખ્યાન સાંભળ્યું.

તપથી ઘોર ચીકણા કર્મો નાશ પામે છે એ જાણીને તથા તપના પ્રભાવને દર્શાવનારા અનેક દૃષ્ટાંતો સાંભળીને આ ભાઈ પ્રભાવિત થયા. તપસ્વી મુનિશ્રીની દલીલોથી ભરપૂર પ્રભાવપૂર્ણ વાણીનું શ્રવણ કરી આ ભાઈએ તપ કરવાનું નક્કી કર્યું.

તપસ્યાથી કર્મબળ કપાતો ગયો. આ સજ્જને ગુરુ મહારાજની અનુજ્ઞાપૂર્વક અઠ્ઠાઇ–આઠ ઉપવાસનો તપ કર્યો. તપનો અદ્‌ભૂત પ્રભાવ છે. આ ભાઇનો ડાયાબીટીસનો રોગ જડમૂળથી મટ્યો.

ડોકટરો પાસે બરાબર ચકાસણી કરાવી જોઈ. ડોકટરોને પણ આશ્ચર્ય થયું. તેમના પરિચિત ડોક્ટરને તપસ્યા ઉપર દૃઢ વિશ્વાસ થયો કે તપ દ્વારા રોગ દૂર થાય છે.

આ તો એક સામાન્ય પ્રસંગ છે. તપથી બાહ્ય રોગો તો મટે પણ ભવભ્રમણનો મહારોગ જે જીવને અનાદિકાળથી લાગુ પડ્યો છે, તે પણ જડમૂળથી વિનાશ પામે અને આત્મા પરમાત્મપદને મેળવી લે. તપનો મહિમા અપરંપાર છે. તેનો અપૂર્વ પ્રભાવ છે, એની શક્તિ અચિંત્ય છે, અનોખી છે.

૦ તપનો પ્રભાવ ૦

તપ માટે શાસ્ત્રકારો ફરમાવે છે કે, "તપના પ્રભાવથી અસ્થિર પણ સ્થિર થાય છે, વક્ર પણ સરળ બને છે, દુર્લભ હોય તે સુલભ થાય છે અને જે ઘણા પ્રયત્ને સાધી શકાય તેવું હોય તે સહજતાથી સિદ્ધ થાય છે.

"જે સામાન્ય રીતે દૂર છે, જે મુશ્કેલીથી મેળવી શકાય તેવું છે અને જે અત્યંત દૂર છે, તે સર્વ તપ વડે પ્રાપ્ત કરી શકાય છે. સાચે જ તપનો પ્રભાવ ન ઓળંગી શકાય તેવો છે.

"કિં બહુણા ભણિયેણં,
જં કસ્સવિ તહવિ કત્થવિ સુહાઇ ।
દીસંતિ ભવણમજ્જે,
તત્થ તવો કારણં ચેવ ।।

વિશેષ કહેવાથી શું? જગતમાં કોઇને કયાંય પણ સુખ દેખાય છે, તેનું કારણ તપ જ છે.

પ્રાચીન ઇતિહાસના પાનાં ઉકેલતાં અગણિત તપસ્વી પુણ્યાત્માઓનાં પુણ્ય ચરિત્રો આપણી નજરે પડે છે.

ભગવાન શ્રી ઋષભદેવે બાર મહિનાની એકધારી ઘોર તપશ્ચર્યા કરી હતી. ભગવાન શ્રી મહાવીરસ્વામીએ છ મહિનાની ઉત્કટ તપશ્ચર્યા આદરી હતી, તેમ જ સાડાબાર વર્ષ સુધી ઉગ્ર તપ દ્વારા કેવળજ્ઞાન પ્રગટાવ્યું હતું.

ઢંઢણ અણગારને લાભ પરિષહને લીધે છ મહિનાના ઉપવાસના પારણે મળેલા આહારને પરઠવતાં પરઠવતાં કેવળજ્ઞાન થયું.

ખંધક મુનિવર તપશ્ચર્યામાં મગ્ન રહેતા હતા. અપૂર્વ ક્ષમા દાખવી કેવલજ્ઞાન પામ્યા.

ચૌદ હજાર સાધુઓમાં ઉત્કૃષ્ટ અણગાર તરીકે તપસ્વી ધન્ના અણગારની પ્રશંસા ભર પર્ષદામાં પ્રભુ મહાવીરસ્વામિએ પોતે કરી છે.

સાધુ ચૌદ હજારમાં, ઉત્કૃષ્ટો અણગાર;
વીર જિણંદ વખાણીયો, ધન્ય ધન્નો અણગાર.

મેતારજ મુનિવર એક માસના ઉપવાસના પારણે અપૂર્વ ક્ષમા અને સમતા દ્વારા અંતકૃત કેવળી થઇ સિદ્ધગતિ પામ્યા.

તપના પ્રભાવે મહાન તપસ્વીઓના શરીરના મળ, મૂત્ર, પ્રસ્વેદ વગેરે મળો પણ મહાન ઔષધની ગરજ સારે છે. મહાન પુણ્યાત્મા તપસ્વીઓના દેહને સ્પર્શેલો પવન અન્ય વ્યક્તિઓને સ્પર્શે તો તે વ્યક્તિઓના રોગો દૂર થઇ જાય છે.

જેમ સુવર્ણમાં રહેલા મેલને અગ્નિ દૂર કરે છે, જુદો પાડે છે, અથવા દૂધમાં રહેલા જલને રાજહંસ જુદું પાડે છે તેમ તપ જીવોના કર્મરૂપી મેલને આત્માથી જુદો પાડે છે.

શાસ્ત્રકાર ભગવંતોએ તપને અલૌકિક કલ્પવૃક્ષની ઉપમા આપી છે. જગતમાં કલ્પવૃક્ષ સાંસારિક ભોગ પદાર્થો પ્રાપ્ત કરાવે છે. તપરૂપ કલ્પવૃક્ષ શિવસુખની પ્રાપ્તિ કરાવે છે.

સ્વાસ્થ્યની દૃષ્ટિએ પણ તપનું મહત્વ ઘણું છે. ટાયફોઈડ કે વિષમ જ્વર જેવા દરદોમાં બિમારને લંઘન કરાવવામાં આવે છે. પશ્ચિમમાં બર્નાર મેકફેડને અનેક વર્ષોના પ્રયોગો પછી એવું પુરવાર કર્યું છે કે લંઘન વડે મોટા ભાગના દરદો મટી જાય છે. 'ઉપવાસથી સારવાર' (Cure by Fasting) ના વિષય ઉપર પશ્ચિમમાં અનેક પુસ્તકો લખાયા છે. પણ આ રીતે થતા ઉપવાસ એ 'તપ' નથી.

* બાળ તપ અને શુદ્ધ તપ *

સર્વ મંગલમાં પહેલા મંગલ તરીકે તપને ગણવામાં આવ્યું છે.

અર્જુનમાળી, દૃઢપ્રહારી જેવા મહાહિંસક–ક્રૂર–આત્માઓ પણ તે જ ભવમાં મુક્તિ મેળવી લે છે, એ પ્રભાવ તપનો છે. નારકીની અંદર નારક જીવ ક્રોડ વર્ષ સુધી દુઃખો સહીને જે પાપ કર્મની નિર્જરા કરે છે, જે કર્મ ખપાવે છે, તેટલા પાપકર્મોની નિર્જરા સમ્યગ્દૃષ્ટિ આત્મા એક અઠ્ઠમ તપ તપીને કરી નાંખે છે.

શ્રી ગૌતમસ્વામી ભગવાને દીક્ષા લીધા પછી યાવજ્જીવ સુધી છઠ્ઠના પારણે છઠ્ઠની ઉત્કટ તપશ્ચર્યા આદરી હતી.

જેઓ એમ કહે છે કે તપથી દેહદમન અને કાયક્લેશ માત્ર છે, એમ નથી. તેઓ તપના રહસ્યને સમજ્યા નથી. કાયક્લેશ અને દેહદમનનો ઉપયોગ આધ્યાત્મિક શુદ્ધિ માટે છે. બાહ્ય તપ સાધન છે, અભ્યંતર તપ સાધન છે. તપ સાધન છે. આત્માની વિશુદ્ધિ સાધ્ય છે.

પૂ૦ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ 'જ્ઞાનસાર' ગ્રંથના તપ અષ્ટકમાં ફરમાવે છે કે—

જ્ઞાનમેવ બુધાઃ પ્રાહુઃ
કર્મણા તાપનાત્ તપઃ ।
તદાભ્યંતરમેવેષ્ટં,
બાહ્યં તદુપબૃંહકમ્ ॥

કર્મોને તપાવનાર હોવાથી તપ તે જ્ઞાન જ છે એમ પંડિતો કહે છે. તે અંતરંગ જ તપ ઇષ્ટ છે અને અનશનાદિ બાહ્ય તપ છે તે પ્રાયશ્ચિતાદિ ભેદવાળા જ્ઞાન વિશેષ રૂપ અંતરંગ તપને વધારનાર હોય તો જ ઈષ્ટ છે.

યત્ર બ્રહ્મ જિનાર્ચા ચ,
કષાયાણાં તથા હતિઃ ।
સાનુબંધા જિનાજ્ઞા ચ,
તત્તપઃ શુદ્ધ મિષ્યતે ।।

જે તપમાં બ્રહ્મચર્ય વધે, જ્યાં ભગવંતની પૂજા થાય, કષાયનો નાશ થાય અને અનુબંધ સહિત વીતરાગની આજ્ઞા પ્રવર્તે તે તપ શુદ્ધ કહેવાય છે.

*** તપના પ્રકાર ***

તપનું યથાશક્તિ આચરણ કરવું. પોતાની શક્તિને લગીરે ય ગોપવવી નહિ. જેમાં આર્ત્તધ્યાન થાય તેવું તપ શાસ્ત્રકારોએ યોગ્ય કહ્યું નથી.

'જ્ઞાનસારના' તપ અષ્ટકમાં કહ્યું છે કે—

તદેવ હિ તપઃ કાર્ય,
દુર્ધ્યાનં યત્ર નો ભવેત્ ।
યેન યોગા ન હીયન્તે,
ક્ષીયન્તે નેન્દ્રિયાણિ ચ ।।

ખરેખર તે જ તપ કરવા યોગ્ય છે કે જ્યાં માઠું–આર્ત અને રૌદ્રધ્યાન ન થાય, જેથી યોગો હીનતા ન પામે અને ઇન્દ્રિયોનો ક્ષય ન થાય.

જ્યારે અનંત જ્ઞાનીઓ જણાવે છે કે તપથી આત્મ-શુદ્ધિ અને આત્મવિકાસ થઇ શકે છે અને અનેક સિદ્ધિઓ

તથા લબ્ધિઓ પ્રાપ્ત કરી અંતે અજર અમર પદ પામે છે. ત્યારે ડાહ્યા મનુષ્યે બીજા નિરર્થક પ્રયત્નો શા માટે કરવા જોઈએ.

શાસ્ત્રોમાં તપના અનેક પ્રકારો દર્શાવ્યા છે. પરંતુ મુખ્ય ભેદો બે છે. એક બાહ્ય તપ અને બીજું અભ્યંતર તપ.

બાહ્ય તપના છ ભેદ છે.

૧ અનશન–આહાર, જળ વગેરેનો એક દિવસ કે અધિક દિવસ સુધી જેમાં ત્યાગ છે.

૨ ઉણોદરી–આહારની માત્રાથી કંઈક ઓછું ખાવું, કંઈક ભૂખ્યા રહેવું, ઉદર ઉણું રાખવું, કષાયો ઓછા કરવા, ઉપકરણ ઓછા કરવાં.

૩ વૃત્તિ સંક્ષેપ–વૃત્તિઓનો સંક્ષેપ કરવો. શ્રી ઔપપાતિક સૂત્રમાં તથા શ્રી ભગવતીજી સૂત્રમાં તેના ભેદો વિસ્તારથી બતાવ્યા છે.

૪ રસ પરિત્યાગ–ઘી, દુધ, દહિં વગેરે રસોનો ત્યાગ કરવો.

૫ કાયક્લેશ–શરીરને સ્થિર કરવું.

૬ સંલીનતા–મન અને ઇંદ્રિયોને તેમના વિષયોથી હટાવીને અંતરમુખ કરવી.

અભ્યંતર તપના છ ભેદ છે.

૧ પ્રાયશ્ચિત–કરેલા દોષોની આલોચના કરી પ્રાયશ્ચિત ગ્રહણ કરવું.

૨ વિનય–જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે સદ્‌ગુણોનું બહુમાન રાખવું.

૩ વૈયાવચ્ચ–સેવા કરવી.

૪ સ્વાધ્યાય–વિધિપૂર્વક અધ્યયન કરવું.

૫ ધ્યાન–ચંચળ ચિત્તને એક વિષયમાં સ્થિર કરવું.

૬ વ્યુત્સર્ગ–કષાય, સંસાર અને કર્મનો ત્યાગ કરવો.

આપણે બાહ્ય તપ અને અભ્યંતર તપનો સુમેળ કરવાનો છે. ભગવાને કાકંદીના ધન્ના અણગારને વખાણ્યો અને તામલી તાપસ તથા પુરણ તાપસના ઉગ્ર તપને અભ્યંતર તપના અભાવને લીધે અજ્ઞાન તપ કહ્યું.

સમ્યગ્‌દૃષ્ટિ આત્મા દ્વારા થતાં નાનામાં નાના નવકારસીના તપને પણ કર્મની નિર્જરાનું કારણ કહ્યું છે. તેને સકામ નિર્જરા કહે છે.

અનિચ્છાએ જબરજસ્તીથી ભૂખ, તરસ વગેરે દુઃખોને સહન કરવાં એને અકામ નિર્જરા કહે છે.

બાહ્ય, અભ્યંતર સુમેળવાળું ઈચ્છાપૂર્વકનું તપ એ સકામ નિર્જરા ગણાય છે.

જૈન ધર્મનું મુખ્ય રહસ્ય તપ છે અને તમામ પ્રકારની ઈચ્છાનો નિરોધ કરવાથી તે સિદ્ધ થઈ શકે છે, એવું શાસ્ત્રકાર મહર્ષિનું દૃઢ મંતવ્ય છે.

સહુ કોઈ આવા તપનું યથાશક્તિ આરાધન કરી જીવન સફળ કરો એ જ એક અભ્યર્થના.

સંપાદકની નોંધ

૧

× મોક્ષ માટેનું તપ ×

સન્તોષઃ સ્થૂલ મૂલઃ પ્રશમપરિકર–
સ્કન્ધબંધ પ્રપંચઃ,
પંચાક્ષીરોધશાખઃ સ્ફુરદભયદલા–
શીલ સંપત્પ્રવાલઃ ।
શ્રદ્ધામ્ભઃપૂરસેકાદ્વિપુલકુલબલૈ–
શ્વર્યસૌન્દર્ય ભોગ–
સ્વર્ગાદિ પ્રાપ્તિ પુષ્પઃ શિવપદ ફલદઃ
સ્યાત્તપઃ કલ્પવૃક્ષઃ ॥

તપરૂપી અલૌકિક કલ્પવૃક્ષનું સંતોષ એ મજબૂત મૂળ છે. શાંતિ એ વિસ્તૃત થડ છે. પાંચ ઇંદ્રિયોનો નિરોધ એ વિશાળ શાખાઓ–ડાળીઓ છે. અભયદાન એ પાંદડા છે. શીલ–ચારિત્ર્ય એ પલ્લવો–અંકુરાઓ છે. સ્વર્ગ પ્રાપ્તિ એ પુષ્પ છે. શિવસુખની પ્રાપ્તિ એ ફળ છે.

તપ કરનારાઓએ આ શ્લોકનું વારંવાર મનન કરવા જેવું છે. તપની મહત્તાનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ, તપ કરવાનો ભાવ આપણને જાગે, જીવનમાં તપનું મહત્વ અનુભવાય અને આપણે તપ કરીએ ત્યારે તપની જવાબદારી પણ આપણને સ્પર્શવી જોઇએ.

ભગવાને દાન, શીલ, તપ અને ભાવ—આ ચાર ધર્મ કહ્યા છે. જગતના સર્વ જીવોને પોતાની તુલ્ય અનુભવવાથી શ્રેષ્ઠદાન અભયદાન આવે છે. દાનમાં સમ્યગ્દર્શન છે. વિશેષપણે ભગવાનના માર્ગમાં મારો પ્રવેશ કઇ રીતે થઇ શકે એ વિચારણાથી શીલ—ચારિત્ર્ય આવે છે. આ સમ્યક્ જ્ઞાન છે અને તપ એ સમ્યક્ચારિત્ર્ય છે. તથા ભગવાને કહેલો ચોથો ધર્મ "ભાવ" પ્રગટે—દાનનો ભાવધર્મ, શીલનો ભાવધર્મ તથા તપનો ભાવધર્મ—દ્રવ્યધર્મ અને ભાવધર્મ આ બંને ધર્મથી આત્મા ભાવિત થાય ત્યારે "મોક્ષમાર્ગ" બને છે.

આપણે જ્યારે તપ કરીએ ત્યારે સંતોષનું મૂળ કેટલું દૃઢ બન્યું, પ્રશમભાવ કેટલો આવ્યો અને પાંચ ઇંદ્રિયોનો નિરોધ કેટલો થયો તે આપણે જાતે તપાસવું પડશે. જગતના સર્વ જીવો પ્રત્યે આત્મૈકયભાવ લાવવાથી અભયદાન સહજ બને છે.

શાસ્ત્રકાર મહાત્મા ફરમાવે છે કે—

સો ઉ તવો કાયવ્વો,
જેણ મણા મંગુલં ણ ચિંતેઇ ।
જેણ ણ ઇંદિયહાણી,
જેણ ય જોગા ન હાયંતિ ॥

જેથી મન માઠું ચિતન ન કરે, જેથી ઇન્દ્રિયો અને મન, વચન, કાયાના યોગોની હાનિ ન થાય, તે તપ કરવા યોગ્ય છે.

બાહ્ય તપની સાર્થકતા અભ્યંતર તપ વડે છે.

૧૧

* આરાધનાનું મહત્વ *

ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન પ્રભાવશાળી શ્રી જૈનશાસનમાં આરાધનાના અગણિત પ્રકારો દર્શાવવામાં આવ્યા છે. આરાધનાના આ અસંખ્ય પ્રકારના યોગમાંથી એક પણ યોગની અવગણના કર્યા સિવાય, સાધકને જેમાં વધુ રસ પડે, જેમાં વધુ ભાવ અને ઉલ્લાસ જાગૃત થાય એવા એક પણ પ્રકારની આરાધનામાં સાધક જો અનન્ય મને પરમ આસ્થાપૂર્વક પવિત્ર ભાવે આરાધનામાં તન્મય બને તો બેડો પાર થયા વગર રહે નહિ, એ નિઃસંદેહ હકીકત છે.

આરાધનામાં ચિત્તની પ્રસન્નતા વધવી જોઈએ, ભાવનો ઉલ્લાસ થવો જોઈએ, કષાય પાતળા પડવા જોઈએ, પોતામાં સમતા અને શાંતિ અનુભવવા જોઈએ.

* આરાધના અને વિરાધના *

આરાધના સફળ બનાવવી હોય તો શરત એટલી છે કે એ આરાધનામાં સહેજ પણ વિરાધનાની ગંધ હોવી ન જોઈએ અને તે નિષ્કામભાવે આચરેલી હોવી જોઈએ, કારણ કે આરાધના એ અમૃત છે. જ્યારે વિરાધના હળાહળ વિષ

છે. આ વિરાધના રૂપ વિષ આપણા આરાધના રૂપ અમૃતનું ઝેરમાં પરિવર્તન કરી નાખે છે.

આરાધના ઉંચે લઈ જાય છે, પણ વિરાધના નીચે પાડે છે. આરાધનાથી નિર્જરા છે, પુણ્ય છે, વિરાધનાથી પાપનો બંધ છે. આરાધના પ્રકાશનો માર્ગ છે. વિરાધના અંધકારનો માર્ગ છે. આરાધનાથી મોક્ષ છે, વિરાધનાથી ભવભ્રમણ છે.

આરાધના કરતાં જો વિરાધના ચાલુ રહે તો એવું થાય કે 'આંધળી દળે અને કુતરી ચાટે' તથા કુલડીમાં કંઈ ન મળે.

એક તરફ આરાધના કરતાં રહીએ અને બીજી તરફ જાણે અજાણે વિરાધના કરતાં હોઈએ, તો આપણી પણ એ જ દશા થવાની.

જિનશાસનમાં આરાધનાની મહત્તા અને વિરાધનાનો મહાભય દર્શાવેલો છે. સાધુ મહાત્માઓની પગામ સજ્ઝાયમાં 'અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ વિરઓમિ વિરાહણાએ' એટલે આરાધના કરવા હું તત્પર બન્યો છું અને વિરાધનાથી વિમુખ બનું છું, એવા વચનો આવે છે. તમારા જીવનમાં તમે આરાધના કરવા તત્પર બનો અને વિરાધનાથી તો બચો જ બચો.

પાક્ષિક સૂત્રમાં પણ 'તે મંગલં કરિત્તા અહમવિ આરાહણા ભિમુહો' એટલે મહાપુરુષો અમારૂં મંગલ કરો. કારણ

કે હું આરાધના સન્મુખ બન્યો છું. મહાપુરુષો તો સદાય સર્વત્ર સર્વનું મંગલ કરી રહ્યા છે. સૂર્ય તો પોતાનો પ્રકાશ સર્વને આપી રહ્યો છે. જેઓ સૂર્યની સન્મુખ આવતા નથી, બંધ ભોંયરામાં ભરાઇ બેસે છે તેઓ સૂર્યના પ્રકાશથી વંચિત રહે છે. જેઓ આરાધના સન્મુખ બને છે તેમનું મંગલ થાય છે. જેઓ વિરાધના વડે વિમુખ બને છે. તેમનું મંગલ કઈ રીતે થાય!

શાસ્ત્રમાં આવે છે કે પરદેશી રાજા આરાધના કરી સૂર્યાભ વિમાનનો સ્વામી સૂર્યાભદેવ થાય છે. એ સૂર્યાભદેવ ભગવાન મહાવીરસ્વામીને પૂછે છે કે, 'ભંતે! હું આરાધક છું કે વિરાધક?' આ પ્રશ્નથી સમજાય છે કે ક્યારેક આપણે આપણને આરાધક માનતા હોઇએ પરંતુ અજાણપણે કદાચ કંઇક વિરાધના થઈ રહી હોય તો તે માટે જાગૃત રહેવું જરૂરનું છે.

૦ પાંચ પ્રકારના અનુષ્ઠાન ૦

બીજી વાત એ કે આરાધના નિષ્કામ હોવી જોઇએ. ઇહ લૌકિક કે પારલૌકિક ભૌતિક સુખોની આકાંક્ષા અને અભિલાષાએ આચરેલાં આરાધનાનાં આ શુભ અનુષ્ઠાનો પણ વિષ અનુષ્ઠાન કે ગરલ અનુષ્ઠાનોની કોટિમાં મૂકાઈ જાય છે, જેને હેય ગણવામાં આવ્યાં છે.

જૈનશાસ્ત્રોમાં અનુષ્ઠાનના સામાન્યથી પાંચ પ્રકાર કહ્યા છે.

૧ વિષ અનુષ્ઠાન–તે છે કે જેમાં થતી ધર્મક્રિયા માત્ર આ લોકના સુખને અર્થે છે. જેમ અફીણનું વિષ કે સર્પનું વિષ તત્કાળ નુકશાન કરે છે, તેમ વિષ અનુષ્ઠાન સુંદર અધ્યવસાયોનો નાશ કરે છે.

૨ ગરલ અનુષ્ઠાન–બીજા ભવે દિવ્ય ભોગના અભિલાષથી જે ધર્મ ક્રિયા થાય તે ગરલ અનુષ્ઠાન છે. જે ઝેર તત્કાળ મારતું નથી, પરંતુ કાળાંતરે અવશ્ય અસર કરે છે.

૩ અન અનુષ્ઠાન–સમજ્યા વગર ગતાનુગતિક કરાતી આરાધના–પ્રણિધાન રહિત મન, વચન, કાયાના એકાગ્રપણા વગરની, સંમૂર્ચ્છિમની જેમ, પરમાર્થની સમજણ વિના, શૂન્યપણે માત્ર દેખાદેખીથી જે ધર્મક્રિયા થાય તે અન અનુષ્ઠાન છે. ઓઘસંજ્ઞા અને લોકસંજ્ઞાથી થતી ધર્મક્રિયાને પ્રશસ્ત માની નથી.

ઓઘસંજ્ઞા એટલે જ્યાં સામાન્ય પ્રાકૃત જનપ્રવાહને અનુસરવાપણું છે. જ્યાં સાચી તત્ત્વ સમજણ મેળવવા માટેનો પ્રયત્ન જ નથી. જ્યાં શાસ્ત્રવચન કે ગુરુવચનની અપેક્ષા વિના શૂન્યપણે જે ધર્મક્રિયા થઇ રહી છે તે ઓઘસંજ્ઞા છે.

લોકસંજ્ઞા એટલે લોકોને રીઝવવા માટે, લોકોના મનરંજન અર્થે જે ધર્મક્રિયા થાય તે. કહ્યું છે કે, 'જનમનરંજન ધર્મનું મૂલ્ય ન એક બદામ.'

લોકસંજ્ઞાએ થતાં ધર્મમાં મર્મ સમજવાનો પ્રયત્ન નથી, માત્ર બાહ્ય દેખાવનો પ્રયત્ન છે.

૪ તદ્‌હેતુ અનુષ્ઠાન–સદ્ અનુષ્ઠાન પ્રત્યે બહુમાનથી જે ક્રિયા થાય છે તે તદ્‌હેતુ અનુષ્ઠાન છે. અહિં શ્રી વીતરાગ ભગવંતે કહેલું અનુષ્ઠાન સદ્‌ગુરુ પાસેથી સમજીને કરવાનો અભિલાષ છે.

૫ અમૃત અનુષ્ઠાન–શ્રી યોગબિંદુમાં કહ્યું છે કે 'શ્રી જિનેશ્વર ભગવંતે ફરમાવ્યું છે એમ જાણી કરવામાં આવતું એવું ભાવનાસાર જે અત્યંત સંવેગગર્ભ અનુષ્ઠાન છે, તેને મુનિપુંગવો 'અમૃત અનુષ્ઠાન' કહે છે.

સમ્યક્ પ્રકારે ક્રોધ, માન, માયા, લોભથી રહિતપણે ચિત્તની શુદ્ધિપૂર્વક જે ધર્મક્રિયા કરવામાં આવે છે, તે અમૃત અનુષ્ઠાન છે. શાસ્ત્રમાં તદ્‌હેતુ અનુષ્ઠાન અને અમૃત અનુષ્ઠાનનાં જે લક્ષણો દર્શાવ્યા છે, તે પ્રમાણે આરાધના કરવામાં આવે તો મુક્તિ કંઈ જ દૂર નથી.

જે આરાધકો અમૃત ક્રિયા આચરે છે, તે આત્માનું અમૃત પામે છે.

× દાન, શીલ, તપ અને ભાવ ×

દાનધર્મ, શીલધર્મ, તપધર્મ અને ભાવધર્મ રૂપ ચતુર્વિધ ધર્મની આરાધના કરી અનંત આત્માઓ ચતુર્ગતિનો અંત કરી પંચમગતિ–મોક્ષને પામ્યા છે.

જો આ ચતુર્વિધ ધર્મની આરાધના ન કરી તો અમૂલ્ય મનુષ્યભવ નિષ્ફળ ગયો સમજવો.

શ્રી રત્નાકર પચ્ચીશીમાં કહ્યું છે કે—

દત્તં ન દાનં પરિશીલિતં ચ,
ન શાલિ શીલં ન તપોભિપ્તં;
શુભો ન ભાવોઽપ્યભવદ્ ભવેસ્મિન્,
વિભો ! મયા ભ્રાંતમહો મુધૈવ.

મેં દાન તો દીધું નહિ ને, શીયળ પણ પાળ્યું નહિ,
તપથી દમી કાયા નહિ, શુભ ભાવ પણ ભાવ્યો નહિ;
એ ચાર ભેદે ધર્મમાંથી, કાંઈ પણ પ્રભુ નવ કર્યું,
મ્હારૂં ભ્રમણ ભવ સાગરે, નિષ્ફલ ગયું નિષ્ફળ ગયું.

ગોવાળિયો દાનધર્મની આરાધના કરી બીજા ભવે શાલિભદ્ર બન્યો અને પુણ્યાનુબંધી પુણ્ય વડે મેળવેલી એ અઢળક સમૃદ્ધિમાં આસક્ત ન થતાં શાલિભદ્ર સંસારથી વિરક્ત બની ત્યાગધર્મની અનુપમ આરાધના કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા, જ્યાંથી તેઓ માનવભવ પામી મુક્તિધામે સીધાવશે.

મેઘરથ રાજાએ પારેવાને અભયદાન આપ્યું. સસલા જેવા ક્ષુદ્ર પ્રાણી પર હાથી જેવા જનાવરે કરૂણા વર્ષાવી એ દયા ધર્મની આરાધનાના પ્રતાપે એ હાથી રાજા શ્રેણિકના પુત્ર મેઘકુમાર તરીકે જન્મે છે અને ભગવાન મહાવીરસ્વામીના વચનામૃતોનું પાન કરી ત્યાગના પુનિત પંથે પ્રયાણ કરી સિદ્ધિગતિ પામે છે.

'પુણ્ય કુલક' માં કહ્યું છે કે—

નિમ્મલસીલબ્ભાસો દાણુલ્લાસો વિવેગસંવાસો;
ચઉગઇ દુહસંતાસો, લબ્ભંતિ પભૂયપુણ્ણેહિં.

નિર્મળ શુદ્ધ શીલનો અભ્યાસ, સુપાત્રાદિક દાન દેતાં ઉલ્લાસ, હિત, અહિત સંબંધી વિવેક હોવો અને ચાર ગતિના દુઃખનો સંતાપ–આ બધા વાના મહાપુણ્યના યોગે પ્રાપ્ત થાય છે.

શીલધર્મની આરાધના કરનારા મહાપુરુષો અને મહા સતીઓના સંખ્યાબંધ ઉદાહરણો જૈન તવારીખના સોનેરી પૃષ્ઠો પર અદ્યાવધિ ચમકી રહ્યાં છે. સુદર્શન શેઠ તથા વિજય શેઠ અને વિજયા શેઠાણી જેવા નરરત્નો વિશ્વમાં વિખ્યાત બન્યાં, એટલું જ નહિ પણ કૈવલ્ય લક્ષ્મીને વર્યા અને ભવ-સમુદ્ર તરી ગયા.

તપધર્મની આરાધના કરનારા મહાપુરુષોના જ્વલંત ઉદાહરણો અત્યારે પણ અનોખો પ્રકાશ પાથરી રહ્યા છે.

ભગવાન મહાવીરદેવના આત્માએ નંદનમુનિના ભવમાં યાવજ્જીવ માસખમણના પારણે માસખમણ કરી "સવિ જીવ કરૂં શાસનરસી" ની ઉદાત્ત ભાવના ભાવી શ્રી તીર્થંકર નામકર્મ જેવી મહાન પુણ્ય પ્રકૃતિની નિકાચના કરી હતી. તેના પ્રતાપે તેઓ ૨૭ મા ભવે ભગવાન મહાવીર બન્યા. અને વિશ્વના ઉદ્ધાર કાજે જ્ઞાનનો અપૂર્વ પ્રકાશ પાથરી જગતના જીવો પર અસીમ અજોડ, અસાધારણ ઉપકાર કરી કૃતકૃત્ય બન્યા.

તપધર્મની આરાધનાથી અનેક મહાત્માઓ ચીકણા કર્મો ખપાવી ક્ષપકશ્રેણિ માંડી કૈવલ્ય પામ્યા.

શાસ્ત્રોએ ભાવધર્મની આરાધનાનું સુંદર સ્વરૂપ સમજાવ્યું છે.

* ભાવે ભાવના ભાવિયે *

'ભાવ કુલક' માં ફરમાવ્યું છે કે—

'કમઠાસુરે રચેલા ભારે ભયંકર પ્રલયકાળના જેવા જળ ઉપદ્રવ કાળે સમભાવને ધારણ કરવા વડે જે કેવળજ્ઞાન લક્ષ્મીને વર્યા તે શ્રી પાર્શ્વપ્રભુ જયવંતા વર્તો!'

જેમ ચુના વગરનું તાંબુલ અને પાસ વગરનું વસ્ત્ર ઠીક રંગાતું નથી, તેમ ભાવ વગરની દાન, શીલ, તપ અને ભાવનાઓ પણ ફળદાયી થતી નથી.

શુભ ભાવના યોગે પ્રસન્નચંદ્ર રાજર્ષિ બે ઘડી માત્રમાં રાગદ્વેષની ગ્રંથી ભેદી નાંખી કેવળજ્ઞાન પામ્યા.

પોતાના દોષની નિંદા, ગર્હા કરીને ગુરૂણીના ચરણની સેવા કરતાં શુભ ભાવ વડે જેમને કેવળજ્ઞાન ઉપજ્યું તે મૃગાવતી સાધ્વી જયવંતા વર્તો!

વાંસ પર નૃત્ય કરતાં કોઇ મહામુનિને જોઈ ભાવથી ઇલાચિપુત્રને કેવળજ્ઞાન પ્રગટ થયું:

કપિલ બ્રાહ્મણ અશોક વાટિકામાં 'જહા લાહો તહા

લોહો ' (જયાં લાભ ત્યાં લોભ) એ પદની વિચારણા કરતો શુભ ભાવથી જાતિસ્મરણ જ્ઞાન પામ્યો.

વાસિત ભાવ વડે તપસ્વી સાધુઓને નિમંત્રણ કરવા પૂર્વક ભોજન કરતા શુદ્ધ ભાવથી કુરગડુ મુનિ કેવળી થયા.

આવા અનેક દૃષ્ટાંતો શાસ્ત્રમાં સુપ્રસિદ્ધ છે. શાસ્ત્રકાર ભગવંત કહે છે કે, આ દાન, શીલ, તપ અને ભાવનાઓને ભવ્યાત્મા શક્તિ અને ભક્તિના ઉલ્લાસ યોગે કરે છે તે ઇંદ્રોના સમૂહ વડે પૂજિત એવું અક્ષય મોક્ષસુખ અલ્પ-કાળમાં મેળવે છે.

૦ દેહં પાતયામિ કાર્યં સાધયામિ વા ૦

ધ્યાન અને સમતાના યોગે અગણિત પુણ્યાત્માઓ ક્ષપકશ્રેણિ આરોહણ કરી, ઘાતિકર્મનો નાશ કરી, કેવળજ્ઞાન અને કેવળ દર્શન પામી અંતે પરમપદને પ્રાપ્ત કરે છે. ભગવાન મહાવીરસ્વામીની પરમ આસ્થાપૂર્વક અનન્ય મને ઉપાસના–ભક્તિ કરનારા મહારાજા શ્રેણિક આવતી ચોવીશીના પદ્મનાભ તીર્થંકર તરીકે પ્રસિદ્ધિ પામશે.

આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞાના નાશના હેતુથી જ દાન, શીલ, તપ અને ભાવધર્મની આરાધના કરવાની છે. સંસારી આત્માને અનાદિ કાળની આહારની ભૂખ અને ધનની ભૂખ લાગી છે. એ ટળે તો જ મુક્તિ મળે.

કર્મ નિર્જરાની બુદ્ધિએ ઈચ્છાપૂર્વક કરેલી દાન, શીલ,

તપ અને ભાવધર્મની આરાધના જ આત્માને મુક્ત કરે છે. એમ તો અનુત્તર વિમાનના દેવોને તેત્રીસ હજાર વર્ષે ભૂખ લાગે છે, તેથી કંઈ તેટલા વર્ષના ઉપવાસનો તેમને લાભ મળતો નથી, કારણ કે તેમાં કર્મનિર્જરાની બુદ્ધિ નથી.

ઉત્થાન, કર્મ, બળ, ઉત્સાહ અને વિઘ્નજય જેવા ભગવાને પ્રરૂપેલા પાંચ સિદ્ધાંતોને જીવનમાં ઉતારી 'દેહં પાતયામિ કાર્યં સાધયામિ વા' એ સૂત્રને નજર સમક્ષ રાખી, જેઓ શ્રી જિનેશ્વર ભગવંતોએ કથન કરેલી આરાધના સાધવામાં તન્મય બનશે. તેઓ અવશ્ય સંસાર સમુદ્ર તરી જશે, સિદ્ધ થશે, બુદ્ધ થશે અને મુક્ત થશે.

+ સંપાદકની નોંધ +

જ્યોતિષ દર્શન (Astrology) રહસ્ય જ્ઞાન (Symbolism) અને રસવિદ્યા (Aiehemy) આ ત્રણે ય પ્રાચીન વિજ્ઞાનો મહત્વના છે.

Cosmic Crder ધર્મ મહાસત્તાની સમજણ ઉઘાડવામાં આ ત્રણ વિજ્ઞાનો સહાયક બને છે.

જ્યોતિષ દર્શન એ માત્ર ગ્રહ, નક્ષત્રનું વિજ્ઞાન નથી. તાત્ત્વિક રીતે એ પ્રકાશના પૂંજનું સમ્યગ્દર્શન છે. આ ગ્રહ–નક્ષત્રને લોકાલોકને પ્રકાશનાર પરમતત્ત્વનું દર્શન છે.

રહસ્ય જ્ઞાન એ પરમ રહસ્યભૂત આત્મતત્ત્વનું સમ્યગ્-જ્ઞાન છે,

રસવિદ્યા એ જીવત્વ રૂપી કથીર એટલે હલકી ધાતુ-માંથી પરમાત્મત્વ રૂપી સુવર્ણ પ્રગટાવનારૂં સમ્યક્ચારિત્ર છે.

જે શોધે છે તેને જડે છે.

આરાધક એ શોધક છે. આરાધના પરમાત્મ તત્ત્વના શોધનનો પ્રયત્ન છે, પુરૂષાર્થ છે, સહજ જીવાતું જીવન છે.

१२

❋ જીવન સાફલ્ય ❋

સર્વ જીવો પ્રત્યે દયા રાખવી એમ સર્વજ્ઞ ભગવંતોએ કહેલું છે, કેમકે અહિંસા જ ધર્મનું મૂળ છે અને સત્ય વગેરે તો તેનો વિસ્તાર છે. અહિંસાને સર્વ પ્રથમ કહેલી છે, કારણ કે જગતના સર્વ જીવોને પોતાનું જીવન પ્રિય છે. 'તસ્માત્સર્વ પ્રયત્નેન કર્તવ્યા સા વિચક્ષણૈઃ' માટે વિચક્ષણ પુરુષોએ સર્વ પ્રકારના પ્રયત્ને કરીને પણ દયાનું પાલન કરવું.

જીવનની સફળતા ધર્મના પાલનમાં છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, 'સત્યથી ધર્મની ઉત્પત્તિ થાય છે. દયા અને દાનથી ધર્મની વૃદ્ધિ થાય છે. ક્ષમાથી ધર્મ સ્થિર થાય છે તથા ક્રોધ અને લોભથી ધર્મનો નાશ થાય છે. આ ધર્મનો સાર શાસ્ત્રકારોએ બતાવ્યો છે, તે આ પ્રમાણે છે.

શ્રૂયતાં ધર્મસર્વસ્વં,
શ્રુત્વા ચૈવાવધાર્યતામ્ ।
આત્મનઃ પ્રતિકૂલાનિ,
પરેભ્યો ન સમાચરેત્ ॥

ધર્મનો સાર સાંભળો અને સાંભળીને હૃદયમાં રાખો. જે પોતાને પ્રતિકૂળ હોય તે બીજા પ્રત્યે ન આચરવું.

માનવ જીવનની સફળતા જેને પણ મેળવવી હોય તેને આ સાર હૈયામાં કોતરી રાખવો પડશે. જીવનમાં આચરવો પડશે.

* જીવનનો સાર *

એક પંડિત શાસ્ત્રગ્રંથોની પાંચસો પોઠ ભરીને એક રાજાની પાસે ગયો. તે સમયે રાજા ઘોડે ચઢી બહાર જવાની તૈયારી કરતો હતો. રાજાએ પંડિતને પૂછયું, 'આ શું છે?' પંડિતે કહ્યું, 'મહારાજ! આ શાસ્ત્રગ્રંથો છે અને તે અવશ્ય સાંભળવા યોગ્ય છે.'

પ્રત્યુત્તરમાં રાજાએ જણાવ્યું કે, 'તમારા શાસ્ત્રગ્રંથો સાંભળવા જેટલો મને અવકાશ નથી, તેથી હું તે સાંભળી શકતો નથી.'

પંડિતે કહ્યું, 'મહારાજ! બધા ન સાંભળી શકો તો એકાદ બે સાંભળો.'

રાજા કહે, 'એટલી પણ મને ફુરસદ નથી. હું બહાર જઇ રહ્યો છું', તો પણ હું જેટલી વારમાં ઘોડે બેસું એટલી વારમાં જો કંઇ સંભળાવી શકાય તો ફરમાવો.'

પંડિત બોલ્યાઃ 'સાંભળો, મહારાજ, જે કોટિશાસ્ત્રોમાં કહ્યું છે તે હું તમે ઘોડે બેસો તેટલી વારમાં કહું છું.'

શ્લોકાર્ધેન પ્રવક્ષ્યામિ યદુક્તં ગ્રન્થકોટિભિઃ ।
પરોપકારઃ પુણ્યાય પાપાય પરપીડનમ્ ॥

જે વાત કરોડો ગ્રંથો વડે કરી છે તે વાત હું હમણાં અર્ધા શ્લોક વડે કહું છું. પરોપકાર પુણ્યને અર્થે છે અને પરને એટલે બીજાને પીડા કરવી એ પાપને અર્થે છે.

સાર એ છે કે સઘળા સદાચાર અને ધર્મનું મૂળ પરોપકાર છે. પરોપકાર સમાન મોટો ધર્મ નથી, તેમ જ બીજાને પીડા કરવી, પારકાનો દ્રોહ કરવો, કોઈનું મન દુભવવું, એના જેવું બીજું પાપ નથી.

જીવનમાં સફળતા પ્રાપ્ત કરવી હોય તો આ પાયાના સત્યો સમજવા જોઇએ.

× મધુ બિંદુ ×

જેમને માનવભવ મળે છે તેઓ જીવન સફળ બનાવવાને બદલે ભોગવિલાસમાં અમૂલ્ય જીવન નિષ્ફળ કરે છે.

કોઇ એક મનુષ્ય ગાઢ જંગલમાં થઈ જતો હતો. ત્યાં તેની પાછળ ભયાનક વનહાથી પડ્યો. પોતાનો જીવ બચાવવા તે માણુસ ભયથી નાઠો અને એક વડનું ઝાડ જોઈ તેના પર ચડવા માટે વડની ડાળીઓ તેને પકડી લીધી. એટલામાં હાથીએ આવી પોતાની સૂંઢથી તે ઝાડ ધ્રુજાવી નાખ્યું. તેથી પેલો માણુસ ઝાડ ઉપર ચડી તો ન શકયો પણ લટકી રહ્યો.

હાથી ઝાડ હલાવી રહ્યો હતો જેથી ઝાડ મૂળમાંથી તૂટી પડે. પેલા માણસે ઉપર જોયું તો જે ડાળીને પોતે વળગ્યો હતો તે ડાળી બે ઉંદરો–એક સફેદ અને બીજો કાળો–કાતરી રહ્યા હતા. ભયથી ધ્રુજતા ધ્રુજતા તે માણસે નીચે જોયું તો પોતે લટકતો હતો. તેની નીચે ઉંડા સૂકા કુવામાં એક મોટો સાપ મ્હોં ફાડી પડેલો હતો. બચવાનો કોઇ આરો ન્હોતો. ભયથી તેને પરસેવો વળી ગયો.

વડના આ ઝાડ ઉપર એક મધપૂડો હતો. તે માણસે જોયું કે તેમાંથી એક મધનું ટીપું નીચે પડવાની તૈયારીમાં હતું. તે જોઇને તે લલચાયો અને તે ટીપાનો સ્વાદ લેવા મોં પહોળું કરી રાહ જોઇ રહ્યો.

તે સમયે વિમાનમાં બેસી કોઈ દેવ આકાશમાર્ગે જતો હતો. તેણે અદ્ધર લટકતા આ માણસની આવી લાચાર સ્થિતિ જોઈ દયા આવી. દેવે તેને પોતાના વિમાનમાં આવવાનું કહ્યું ત્યારે તે મૂર્ખ મનુષ્ય કહેવા લાગ્યો: 'મધુનું આ એક બિંદુ મારા મોંમાં પડવા દે!'

મધના બિંદુ જેવા સંસારના સુખમાં મનુષ્ય પોતાનું જીવન નિરર્થક ગુમાવે છે.

શાસ્ત્રકારો આ દૃષ્ટાંત આપીને આપણને ચેતવે છે. જીવનને સફળ બનાવવા સમજાવે છે.

૦ ધર્મનું વિમાન ૦

વડનું વૃક્ષ એ સંસાર છે. તેની ડાળીએ લટકતો પુરૂષ

એ જીવ છે. ડાળી એ આયુષ્ય છે. ધોળો ઉંદર અને કાળો ઉંદર એ દિવસ–રાત છે. હાથી એ મૃત્યુ છે. કુવો એ ગર્ભાવાસ છે. સર્પ એ કાળ છે અને મધુબિંદુ એ સંસારનું ભ્રામક ભોગ સુખ છે. દેવદૂત એ સદ્‌ગુરુ છે અને વિમાન એ ધર્મ છે.

વિષય સુખની લાલસામાં પડેલો જીવ સદ્‌ગુરુના બોધને ઠોકર મારી ધર્મરૂપી વિમાન પ્રાપ્ત કરતો નથી.

દુનિયાનું જ્ઞાન એટલે વિગતો ભેગી કરવાથી કંઇ વળશે નહિ. જીવનને સફળ કરવું હોય તો સદ્‌ગુણો કેળવવા પડશે. પોતાના દુષ્કૃત્યોની ગર્હા કરવી પડશે. સુકૃત્યોની અનુમોદના કરવી પડશે. જ્યાં જ્યાં ગુણ દેખાય ત્યાં ત્યાં ગુણાનુરાગ કેળવવો પડશે. પારકાને પીડા આપવાનું મૂકવું પડશે. આપણે જેમને પીડા આપી છે તેમની ક્ષમા માંગવી પડશે. જીવનની સફળતા માટે વિગતોનું જ્ઞાન કામ નહિ આવે.

* તરવાની કલા *

એક વિદ્વાન્ પ્રોફેસર એકવાર ગંગાનદી પાર કરવા હોડીમાં જઈ રહ્યા હતા. પ્રોફેસરે હોડીવાળાને પૂછ્યું: 'અલ્યા, તું ગંગાનદીમાં હોડી ચલાવે છે પણ આ પૃથ્વીની ભૂગોળનું તને જ્ઞાન છે?' હોડીવાળો કહે, 'ના, રે સાહેબ!' મજાકમાં પ્રોફેસર બોલ્યા: 'તારી પા જીંદગી નકામી ગઇ.

ફરી તેમને પૂછ્યું: 'અલ્યા, તું જગતનો ઇતિહાસ જાણે

છે?' હોડીવાળો કહે, 'સાહેબ, હું તો ભણ્યો નથી.' પ્રોફેસર બોલ્યા, 'તારી અર્ધી જીંદગી તો નકામી ગઇ.'

પ્રોફેસરે પાછું પૂછયું: 'પણ તું ગણિત શીખ્યો છે?' પેલાએ ના પાડી એટલે પ્રોફેસરે કહ્યું: 'તારી પોણી જીંદગી નકામી ગઇ.'

ગરીબ મછવાવાળાએ અત્યંત નમ્રતાથી પૂછયું: 'આપ સાહેબ શું ભણ્યા છો?' ગર્વથી માથું ઉંચુ કરી પ્રોફેસર બોલ્યા: 'કોણ હું? આ ત્રણ વિષયોનો હું પ્રોફેસર છું.'

થોડીવારે પવન જોરથી ફુંકાવા લાગ્યો અને હોડી ડોલવા લાગી. પ્રોફેસર ગભરાયા, તેમને હોડીવાળાને પૂછયું: 'ભાઇ, આ હોડી કેમ ઝોલા ખાય છે?' હોડીવાળો કહે, 'સાહેબ, હવાનું ભારે તોફાન શરૂ થયું છે, પણ હું પુછું છું કે આપ તરવાનું તો જાણો છો ને? કદાચ હોડી ઉંધી વળે.' ગભરાઇને પ્રોફેસર બોલ્યા: 'બાપ રે બાપ! મને તો તરતા આવડતું નથી, તો શું થશે?' શાંતિથી હલેસા મારતા હોડીવાળાએ કહ્યું: 'તો સાહેબ આપની આખી જીંદગી નકામી ગઈ!'

આ સંસાર સાગરમાં ધર્મ એ તરવાની કલા છે. જો ધર્મરૂપી તરવાની કલા અમને ન આવડે તો આખી જીંદગી નકામી ગઈ.

જીવનનું સાફલ્ય ધર્મ પ્રાપ્તિમાં છે.

સંપાદકની નોંધ

૧

૦ ભીક્ષા પાત્ર ૦

વિશાલ સામ્રાજ્યના સ્વામીએ એકવાર યોગીને કહ્યું, 'જે જોઇએ તે માંગી લો!'

યોગીની આંખોમાં સ્મિત હતું. 'મારૂં આ નાનું ભિક્ષા-પાત્ર સુવર્ણ મહોરોથી ભરી દો!'

રાજાએ કહ્યું, 'બસ એટલું જ?'

અને રાજાએ યોગીનું ભીક્ષાપાત્ર ભરી દેવા આજ્ઞા કરી.

ભારે આશ્ચર્ય થયું. પાત્રમાં સુવર્ણ મહોરો ભરાતી ગઈ પણ પાત્ર તો ખાલી જ હતું.

રાજાનો ખજાનો ખાલી થઈ ગયો, પણ યોગીનું ભીક્ષા-પાત્ર ભરાયું નહિ.

યોગીના ચરણમાં પડી રાજાએ કહ્યું, 'મહારાજ! આ ભીક્ષાપાત્ર ભરવા હું અસમર્થ છું. આવા અદ્‌ભૂત ભીક્ષા-પાત્રનું રહસ્ય શું છે?'

યોગીની આંખોમાં સ્મિત હતું. એ મહાત્માએ ફરમાવ્યું, 'રાજન્! સર્વની પાસે આ અદ્‌ભૂત ભીક્ષાપાત્ર છે. મનુષ્યના હૃદયનું આ ભીક્ષાપાત્ર સત્તાથી, ધનથી, ભોગથી ક્યારે પણ

ભરાતું નથી. તમે ભરતા જાઓ અને તમારૂં હૃદય ખાલીનું ખાલી લાગશે. જગતના પદાર્થો ભરવા માટે મનુષ્ય હૃદય બન્યું નથી. મનુષ્યનું હૃદય તો માત્ર પરમાત્મભાવથી જ ભરાશે.'

મનુષ્ય જીવનની સાર્થકતા પરમાત્મભાવથી હૈયું ભરી લેવામાં છે. આપણે આ દીશાનો જો પ્રયત્ન પણ નહિ કરીએ તો પ્રાપ્ત થયેલું નિરર્થક વહી જશે.

અમારી સર્વેને પ્રાર્થના છે કે સમ્યગ્‌જ્ઞાન માર્ગ પ્રાપ્ત કરી જીવનને સફળ બનાવે.

૨

X ધગશ X

એન્જીનીયરની છેલ્લી પરીક્ષા પાસ કરીને એક યુવાન નોકરી માટે ફાંફા મારતો હતો.

એક એન્જીનીયર કંપનીમાં જગ્યા ખાલી છે એવું સાંભળી તે ત્યાં પહોંચ્યો. કંપનીના મેનેજરે કહ્યું, "એક જગા ખાલી છે. એન્જીનીયરની નહિ, પણ ટાઈપીસ્ટની છે.

યુવાને કહ્યું, "હું એ કામે પણ કરી શકીશ."

મેનેજરે કહ્યું, "તમારી નિમણૂક કરવામાં આવે છે. કામ ઉપર ત્રણ દિવસ પછી આવી જાઓ."

પાંચ છ દિવસ પછી પેલા યુવાનને ઝડપથી સુંદર રીતે ટાઇપ કરતો જોઈ મેનેજરે કહ્યું, "અરે! તમે એન્જિનીયર

છો કે ટાઇપીસ્ટ? આટલી ઝડપથી આટલું સુંદર ટાઈપ કરો છો!"

પેલા યુવાને પ્રત્યુત્તર આપ્યો, "હું એન્જિનિયર છું, પણ સંજોગવશાત્ મારે ટાઈપ્રીસ્ટની આ નોકરી લેવી પડી. આપે મને નોકરીમાં રાખ્યો અને ત્રણ દિવસ પછી કામ પર આવવાનું કહ્યું. તરત જ ભાડેથી ટાઇપરાઈટર લાવ્યો અને દિવસ રાત ટાઈપીંગ પાછળ લાગી ગયો."

આ યુવાન પછીથી અમેરિકાનો પ્રમુખ બન્યો તે હર્બર્ટ હુવર!

જીવનમાં સફળતા માટે આવી ધગશ અનિવાર્ય છે. સંસારના વ્યવહારમાં કે આધ્યાત્મના માર્ગમાં જેનામાં આવી ધગશ નથી તે કઇ રીતે આગળ વધશે!

૩

* શક્તિનો ઉપયોગ *

એક સંતને કોઇએ પૂછયું: 'શક્તિશાળી વ્યક્તિ અમર બની શકે કે નહિ?' સંતે કહ્યું: 'પોતાની શક્તિનો સેવામાં ઉપયોગ કરે તો સાર્થક છે. બીજાની હાનિ કરવામાં ઉપયોગ કરે તો નિરર્થક છે. હનુમાન અને રાવણ બંને શક્તિશાળી હતા. હનુમાને પોતાની શક્તિ સેવા કાર્યમાં વાપરી પરમાર્થમાં ખર્ચી જ્યારે રાવણે સ્વાર્થમાં ખર્ચી. આજે લોકો ભક્તિભર્યા હૃદયે હનુમાનને યાદ કરે છે, રાવણને નહિ.'

જીવન જે સાચી સેવામાં વાપરે છે, તે કલ્યાણને માર્ગે છે. જીવન જે હિંસામાં વેડફે છે તે દુઃખને માર્ગે છે.

૪

૦ જીવન સાફલ્યની ચાવી ૦

જોયું કે જાણ્યું નહિ,
માણ્યું નહિ જરૂર;
જીવતર એનું વહી ગયું,
વૃથા નદીનું પૂર.

જેણે આત્માને જોયો નહિ, જાણ્યો નહિ, આત્મસુખનો અનુભવ કર્યો નહિ. સમ્યગ્ દર્શન, જ્ઞાન કે ચારિત્ર પ્રગટાવ્યા નહિ તેનું જીવતર જેમ નદીનું પૂર આવે અને વહી જાય તેમ નિરર્થક વહી ગયું.

ધર્મનું પ્રથમ પગથિયું સ્થૂલ શરીને ધારણ કરનારા આત્માના અસ્તિત્વને સમજવાનું છે. શરીરની પાછળ એક અદૃશ્ય, અનંત શક્તિ અને અનંતા ગુણોનો સ્વામિ બિરાજમાન છે. તેનો સાક્ષાત્કાર કરવો એ માનવ જીવનની સફળતા છે.

પ્રથમ જાણો કે શરીરમાં આત્મા છે.
પછી જુઓ કે આત્મામાં શરીર છે.
ત્યારે અનુભવશો કે તમે આત્મા છો.
જીવન સાફલ્યની આ ચાવી છે.

: ચેતનને ચમકી :

(ચાલ–શોધી લે જીવનમાં સાર...)

કરી લે જરા તું વિચાર....હો માનવી,
કરી લે જરા તું વિચાર.

કાળા ધોળા કરી શ્યાને તું મ્હાલતો,
અક્કડ ને ફક્કડ થઇને તું ચાલતો;
અંતરમાં ભરી અંધકાર....હો૦ ૧

એક દિ અચાનક જવું તારે પડશે,
ભેગું કરેલું બધું મૂકી જવું પડશે;
ખોલ જરા અંતરના દ્વાર....હો૦ ૨

કૂડ કપટમાં જીંદગી તું ગાળતો,
એશ આરામમાં મસ્ત થઇ મ્હાલતો;
ભજ્યા ના કદી કિરતાર....હો૦ ૩

અંતરની આશ બધી અંતરમાં રહેશે,
સ્વજન સંબંધી બધા અહીં રહેશે;
કોઈ કોઇનો નથી સથવાર....હો૦ ૪

ખાવા પીવામાં સંયમ ન રાખે,
મહામૂલુ જીવન તું વેડફી નાંખે.
દુર્લભ માનવ અવતાર....હો૦ ૫

રસનાની લાલચે તપ તેં ના કીધું,
છતી શકિતએ દાન ના દીધું;
કરતો ન પર ઉપકાર....હો૦ ૬

લબ્ધિ લક્ષ્મણ કીર્તિ કહે છે,
આતમ ધ્યાને સદા જે રહે છે;
કરશે તે ભવ નિસ્તાર....હો૦ ૭

રચયિતાઃ–કીર્તિચંદ્રસૂરિ.